श्री पादलिप्तसूरिविरचितं

श्रीज्योतिष्करण्डकम्

सानुवादम्



सम्पादकानुवादकश्च

मुनि पार्श्वरत्नसागरः

आ. ॐकारसूरि ज्ञानमंदिर ग्रंथावली - ७०

श्री पादलिप्तसूरिविरचितं

श्रीज्योतिष्करण्डकम्

प्रकीर्णकम्

श्रीमन्मलयगिर्याचार्यकृतवृत्तियुक्तम्

गुर्जरानुवाद सहितम्

आगमप्रभाकर मुनिराजश्री पुण्यविजयसज्जीकृत सामग्री सहायेन

सम्पादकानुवादकश्च

पू.आ.नवरत्नसागरसूरि शिष्य पू.गणिवैराग्यरत्नसागर शिष्य

मुनि पार्श्वरत्नसागर

: प्रकाशक :

आ. ॐकारसूरि आराधना भवन

आ. ॐकारसूरि ज्ञानमंदिर, गोपीपुरा, सुरत

ग्रंथ का नाम : **आ. पादलिप्तसूरिरचितं श्रीज्योतिष्करण्डकं प्रकीर्णकं सानुवादम्**

आवृत्ति : **प्रथम सं. २०६९**

प्रकाशक : **आ. ॐकारसूरि आराधना भवन**
गोपीपुरा, सुरत

मूल्य : **५००-०० रूपये**

प्रत : **५००**

आगामी साहित्य

सिद्धप्राभृत - संस्कृतछाया - गुजराती अनुवाद सहित

प्राप्तिस्थान :

- **आचार्य श्रीॐकारसूरिज्ञानमंदिर**
  आचार्य श्रीॐकारसूरि आराधनाभवन,
  सुभाषचोक, गोपीपुरा, सुरत
  फोन : ९८२४१५२७२७
  E-mail : omkarsuri@rediffmail.com / mehta_sevantilal@yahoo.co.in

- **आचार्य श्रीॐकारसूरि गुरुमंदिर**
  वावपथकनी वाडी, दशापोरवाड सोसायटी,
  पालडी चार रस्ता, अमदावाद-३८० ००७
  फोन : ०७९-२६५८६२९३

- **विजयभद्र चेरिटेबल ट्रस्ट**
  पार्श्वभक्तिनगर, नेशनल हाईवे नं. १४,
  भीलडीयाजी, जि. बनासकांठा-३८५५३५
  फोन : ०२७४४-२३३१२९, २३४१२९

- **सरस्वती पुस्तक भंडार**
  हाथीखाना, रतनपोल, अमदावाद-३८० ००१

मुद्रक : किरीट ग्राफीक्स
४१६, वृन्दावन शोपींग सेन्टर, रतनपोळ, अमदावाद-१, दूरभाष : ९८९८४९००९१

ग्रंथ समर्पण...


प. पू. मालवदेशोद्धारक परमतपस्वी

सरल स्वभावी, निजात्मनंदी

आचार्यभगवंत श्रीमद्

नवरत्नसागरसूरीश्वरजी म.सा. के

पावन करकमलोंमें...



પ્રકાશકીય

ગણિત અને જ્યોતિષના વિષયને વર્ણવતાં બે હજાર વર્ષ પ્રાચીન શ્રીજ્યોતિષ્કરંડક ગ્રન્થને સુવિખ્યાત ટીકાકાર આ.શ્રી મલયગિરિસૂરિજીની ટીકા અને તેના અનુવાદ સાથે પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ ગ્રન્થ ટીકા સાથે ઈ.સ. ૧૯૨૮માં પ્રગટ થયેલો. આગમોદ્ધારક પૂ.આ.ભ.શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા. સંપાદિત આ ગ્રન્થનું પ્રકાશન ઋષભદેવજી કેશરીમલજી સંસ્થા રતલામ દ્વારા ૮૪ વર્ષ પૂર્વે થયેલું.

પ્રસ્તુત પ્રકાશન માત્ર પુનર્મુદ્રણ નથી પરંતુ પાછળથી મળેલી પ્રતિઓના આધારે આ.પ્ર. મુનિશ્રી પુણ્યવિજયજી મ.સા.એ કરેલી શુદ્ધવાચનાનો આ સંસ્કરણમાં સંપાદકશ્રીએ લાભ લીધો છે. એમાં મળતી અધિક ગાથાઓનો ટિપ્પણમાં સમાવેશ પણ કર્યો છે. મૂળ અને ટીકાનો ગુજરાતી અનુવાદ સહુ પ્રથમવાર પ્રગટ થઈ રહ્યો છે તે પણ આ સંસ્કરણની વિશેષતા છે. પૂ. મુનિરાજશ્રી પાર્શ્વરત્ન સાગરજી મ.સા.એ ભારે જહેમતથી આ ગ્રંથનો સંપૂર્ણ અનુવાદ તૈયાર કરેલ છે. એ માટે અમારી સંસ્થા પૂ. મુનિરાજ શ્રીની શ્રુતોપાસનાની ખૂબ ખૂબ અનુમોદના કરે છે અને ભવિષ્ય માં પણ તેઓ આવા ગ્રંથ સર્જન દ્વારા અમારી સંસ્થાની ગ્રંથમાળામાં નવા નવા મણકા ઉમેરતા રહે એવી અમો આશા રાખીએ છીએ.

પૂ.આ.ભ. અરવિંદસૂરિશ્વરજી મ.સા. પૂ.આ.ભ. શ્રી યશોવિજયસૂરિ મ.સા. પૂ.આ.ભ. શ્રી મુનિચન્દ્રસૂરિ મ.સા.નું સતત માર્ગદર્શન આ ગ્રન્થમાળાના પ્રકાશનો માટે મળી રહ્યું છે. તેઓની કૃપાથી જ આ ગ્રન્થમાળામાં અનેક અનેક સુંદર પ્રકાશનો થયા છે થઈ રહ્યા છે. ઉપકારી ગુરુભગવંતોના ચરણે વંદના.

આ ગ્રન્થનો અધિકારી વિદ્વાનો અધ્યયન-અધ્યાપન કરી સ્વાધ્યાયાદિ કરી આગમના રહસ્યોને હૃદયસ્થ આત્મસ્થ કરે એજ પ્રાર્થના.

લી.

પ્રકાશન

सुसंपादनम्

अद्यकालीन परंपरा में जैन शासन के अंदर उपलब्ध कइ ग्रंथो का अध्ययन-अध्यापन जैसे रुक ही गया है, अवसर्पिणी कालके प्रभावसे कुछ साधु-साध्वीजी भगवंतो को भी संस्कृत-प्राकृत ग्रंथो के अध्ययनमें अब ज्यादा रुचि नही होती, इस कारण से जैन शासन के कई ग्रंथोंका अनेक विद्वान मुनि भगवंतो एवं पण्डितोने हिन्दी या गुजराती भाषा में अनुवाद करनेका कार्य शुरु किया है ताकि अपनी प्राचीन धरोहर रूप इन ग्रंथो का ठीक तरहसे अध्ययन तो हो शके !

इस बातको ही नजर समक्ष रखते हुअे मुझे विचार आया की क्युं न उपयोगी ग्रंथों का हिन्दी या गुजराती भाषा में अनुवाद करके इन ग्रंथोंका अध्ययन सरल बनाया जाय ? "सूर्यप्रज्ञप्ति" नामके आगमग्रंथ के संक्षिप्त सारभूत 'ज्योतिष्करण्डक' नामके इस ग्रंथकी प्रति उज्जैन के खाराकुवा जैन संघ के ज्ञानभंडार में मेरी नजर में आइ, मैंने कंइ ग्रंथो में इस ग्रंथ के साक्षीपाठ देखे हैं अतः मेरे मनमें सहज स्फुरणा हुइ की एसे महत्त्वपूर्ण ग्रंथ का यदि सरल भाषामें गुजराती अनुवाद किया जाय तो विशेष लाभदायी होगा ।

सबसे पहेले तो ये ग्रंथ मैने अपने अध्ययन के लिये हि लिया था लेकिन बाद में एसा लगा की अध्ययन के साथ-साथ इसका गुजराती अनुवाद भी हो जाय तो अच्छा है यह बात मैंने प.पू.आ.भ.श्री मुनिचंद्रसूरि म.सा.से कही उन्होने भी मुझे बताया की इस ग्रंथ का अभी तक प्रायः गुजराती अनुवाद नही हुआ है, अतः आप खुशीसे अनुवाद कर शकते हैं ।

और मैने पूज्यश्री के आशीर्वाद से ग्रंथानुवाद प्रारंभ किया जिसकी फलश्रुति आज आपके समक्ष उपस्थित है ।

आगमप्रभाकरमुनिराजश्री पुण्यविजयजी म.ने प्रस्तुत ग्रंथ एवं आ. श्री मलयगिरिसूरिवृत्ति का संशोधन विविध प्रतों के आधार पर करके उसकी मुद्रणार्हप्रति तैयार की थी । ला.द. भारतीय संस्कृति विद्यामंदिर स्थित यह प्रति पं. जितेन्द्रकुमार बी. शाह के सौजन्य से आ.मुनिचन्द्रसूरि म.सा. ने प्राप्त की । उस संशोधित प्रति का भी हमने संपूर्ण उपयोग किया है ।

विशेष में इस ग्रंथ के अंदर आ.प्र. श्री पुण्यविजयसंपादित शिवानंदि वाचकके टिप्पणके साथ महावीर विद्यालय द्वारा प्रकाशित ज्योतिष्करण्डक ग्रंथ के विशेष पाठ एवं शुद्धि आदिका सूचन भी टिप्पनक में किया है ताकि वाचक वर्ग को उस ग्रंथ का भी रसास्वाद हो । प्रथम सम्पादक आगमोद्धारकश्री आनन्दसागरसूरिजी म. एवं आगमप्रभाकर मुनि पुण्यविजयजी म. के हम ऋणी है ।

इस ग्रंथ के अनुवाद के दौरान कोइ जिनाज्ञा विरुद्ध की प्ररूपणा हो गइ हो तो मिच्छामि दुक्कडम् ।

● ग्रंथ में लिए गए साक्षीपाठों को वृत्ति सहित उन ग्रंथो में से लेकर तीन परिशिष्ट भी तैयार किये है, ताकि अध्येता को उन साक्षी ग्रंथो का सहारा लेने की आवश्यकता न हो ।

● इस ग्रंथ के सर्जनमें सभी तरहसे मुझे सहायक बननेवाले सहवर्ती मुनिवरों की सहृदय अनुमोदना ।

● ग्रंथ प्रकाशनमें ज्ञाननिधिसे आर्थिक सहाय करनेवाले श्री जैन श्वे. पार्श्वनाथ ट्रस्ट (राजनांद गांव) की श्रुतभक्ति की भूरि भूरि अनुमोदना ।

● ग्रंथ के प्रिन्टींग, सेटिंग आदि में दिलके शुभभावसे सतत मुझे सहायक बननेवाले और सुंदरता के साथ इस ग्रंथ की छपाई करनेवाले 'किरीट ग्राफिक्स' के श्री किरीटभाई एवं श्री श्रेणिकभाई की भी इस अवसर पर अनुमोदना एवं धन्यवाद.


अंतमें,

स्व-पर उपकारार्थे सृष्ट इस ग्रंथ का अध्ययन-अध्यापन कर सभी आत्मा ज्ञानावरणीय के क्षयोपशम-क्षयको प्राप्त करें इस शुभकामना सह जिनाज्ञा विरुद्ध कुछ भी लिखा गया हो तो त्रिविध त्रिविध मिच्छामि दुक्कडम् ।

अषाढ वदी-०))
गुरुपुष्यामृत सिद्धियोग
राजनांद गांव (छत्तीसगढ)

पू.आ.नवरत्नसागरसूरि शिष्य-
पू.गणिवैराग्यरत्नसागर शिष्य
मुनि पार्श्वरत्नसागर

● ● ●



श्रुतलाभ

श्री राजनांदगाम नगरे परमपूज्य आचार्य
भगवंत श्री नवरत्नसागरसूरीश्वरजी म.सा.ना
शिष्यरत्न प.पू. गणिवर्यश्री वैराग्यरत्नसागरजी म.सा.,
प.पू. मुनिराजश्री मोक्षरत्नसागरजी म.सा.,
प.पू. मुनिराजश्री पार्श्वरत्नसागरजी म.सा. तथा
मुनिराजश्री नमिरत्नसागरजी म.सा. आदि ठाणानी
पावननिश्रामां संपन्न थयेल वि.सं. २०६६ना
चातुर्मासनी स्मृति अर्थे

श्री जैन श्वेताम्बर पार्श्वनाथ मंदिर ट्रस्ट

(राजनांद गांव, छत्तीसगढ़) के ज्ञाननिधि
में से इस ग्रंथ प्रकाशन का संपूर्ण लाभ लिया
गया है ।

सुकृत-अनुमोदना

પ્રસ્તાવના

આ. વિજય મુનિચન્દ્રસૂરિ

જ્યોતિષકરંડક ગ્રન્થ ગણિત અને જ્યોતિષના વિષયને નિરૂપતો પ્રાચીનતમ ગ્રન્થ છે. પ્રાચીન વૈદિક ગણિતના 'વેદાંગ જ્યોતિષ' જેવા ગ્રન્થમાં એના અવતરણ અપાયા છે. એ જોતાં જૈનસંઘ ઉપરાંત વૈદિક પરંપરામાં પણ એ જાણીતો છે.

સુપ્રસિદ્ધ ટીકાકાર આ. શ્રીમલયગિરિસૂરીશ્વરજીએ આ ગ્રન્થ ઉપર વિશદ ટીકા રચીને બહુ મોટો ઉપકાર કર્યો છે. આ સટીકગ્રંથનું સંપાદન શ્રીસાગરજી મ.એ કરેલું અને ઈ.સ. ૧૯૨૮માં ઋષભદેવકેશરીમલ સંસ્થા રતલામથી પ્રકાશિત થયેલ. આ સટીકગ્રંથની મુદ્રિત પ્રતિમાં જ વિવિધ પ્રતોના આધારે પૂ. આગમ પ્રભાકરશ્રી મુનિશ્રી પુણ્યવિજયજી મ.એ સંશોધન કરીને મુદ્રણ યોગ્ય બનાવેલી છે. લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિર અમદાવાદ સ્થિત આ પ્રત અમને પં. જિતેન્દ્રકુમાર બી. શાહના સૌજન્યથી મળી છે. આ પ્રતમાં અનેક પાઠો સુધારવામાં આવ્યા છે. તદુપરાંત અનુસ્વારના અનુનાસિક કરવા, પદચ્છેદ આદિ અનેક નાના મોટા સુધારાઓ કરવામાં આવ્યા છે. કયાંક ટિપ્પણો અને તુલનાઓ પણ કરી છે. આ સંસ્કરણમાં પાઠ સુધારા અને ટિપ્પણ વગેરેનો ભરપૂર લાભ લેવામાં આવ્યો છે. શ્રી પુણ્યવિજય મ. સંશોધિત આ પ્રતનો અમે પુ.પ્રે. સંકેત રાખ્યો છે. આ સટીકગ્રંથ ગુજરાતી અનુવાદ સાથે સહુ પ્રથમવાર પ્રગટ થાય છે. એ માટે અનુવાદક મુનિશ્રી પાર્શ્વરત્નસાગરજી ધન્યવાદને પાત્ર છે.

ગ્રન્થ અને ગ્રન્થકાર

ટીકાકાર આ. શ્રી મલયગિરિસૂરિ મ.ને જ્યોતિષ્કરંડકની મૂળ જે પ્રતિ પ્રાપ્ત થઈ હતી તેનાથી વિશિષ્ટ પ્રતિઓ જેસલમેર અને ખંભાતના જ્ઞાનભંડારમાંથી હમણાં પ્રાપ્ત થઈ છે. આ પ્રતમાં પ્રાકૃતભાષામાં [1]ટિપ્પણ પણ છે. ટીકાકારશ્રીને ૩૭૬ ગાથાઓ પ્રાપ્ત થયેલી. જેસલમેરની પ્રતમાં ૪૦૬ અને ખંભાતની પ્રતોમાં ૪૦૫ ગાથાઓ છે.

આ વિશિષ્ટ પ્રતિના કારણે કેટલીક નવી બાબતો પ્રકાશમાં આવી છે. અત્યારસુધી એવું મનાતું કે શ્રી પાદલિપ્તસૂરિજીએ જ્યોતિષ્કરંડક ઉપર ટીકા રચી છે. આ. મલયગિરિસૂરિજીએ પણ સૂર્યપ્રજ્ઞપ્તિ ઉપરની પોતાની વૃત્તિ (પત્ર ૭૨ અને ૧૦૦)માં અને પ્રસ્તુત જ્યોતિષકરંડકની વૃત્તિ (ગાથા-૯૦)માં પણ પાદલિપ્તસૂરિજીએ ટીકા રચ્યાની વાત જણાવી છે. જીવાજીવાભિગમ સૂત્ર ૧૧૮ની ટીકામાં આ. મલયગિરિસૂરિજીએ આ. પાદલિપ્તસૂરિ મ.એ કહ્યું છે તે જણાવી જ્યોતિષકરંડકની ૨૬૫મી ગાથા ઉદ્ધૃત કરી છે

---

૧. સંભવત : આ ટિપ્પણનો વૃત્તિકાર આ.મલયગિરિસૂરિજીએ ગા. ૨૦૩ અને ગા. ૩૩૧-૪ માં 'મૂલટીકા' તરીકે ઉલ્લેક કર્યો છે.

એટલે જ્યોતિષકરંડકના કર્તા પાદલિપ્તસૂરિ હોવાનો તેમનો મત જણાય છે. જેસલમેર અને ખંભાતની પ્રતો પ્રમાણે મૂલગ્રન્થ જ્યોતિષ્કરંડક આ. પાદલિપ્તસૂરિજીની રચના છે.

જ્યો.ક.ની જેસલમેર અને ખંભાતની પ્રતના અંતે આ ગાથા પાદલિપ્તાચાર્યનું કર્તૃત્વ સ્પષ્ટ કરે છે. જેસલમેરની સં. ૧૪૮૯માં લખાયેલી પ્રતમાં-

पुव्वायरियकयाणं करणाणं जोतिसम्मि समयंम्मि ।
पालित्तकेण इणमो रइया गाहाहिं परिवाडी ॥

ખંભાતની સં. ૧૫૮૦ની પ્રતમાં થોડોક ફેરફાર પૂર્વાર્ધમાં છે. ઉત્તરાર્ધ તો આ પ્રમાણે જ છે.

આ. શ્રી પાદલિપ્તસૂરિજી રચિત ગ્રન્થોના ઉલ્લેખ આ પ્રમાણે મળે છે. પ્રશ્નપ્રકાશ (પ્રબંધચિંતામણિ ૫/૩૪૭), કાલજ્ઞાન (ચૂર્ણિમાં ઉલ્લેખ[૧]), નિર્વાણકલિકા (પ્રગટ થયેલ છે.) શત્રુંજયકલ્પ અને રૈવતગિરિ કલ્પ (વિવિધ તીર્થકલ્પ શત્રુંજયકલ્પ શ્લો. ૧૨૨ અને રૈવતગિરિ કલ્પ સંક્ષેપ શ્લો. ૬) ગાહાસત્તસઈની કેટલીક ગાથા આ. પાદલિપ્તસૂરિએ રચ્યાનું મનાય છે.[૨] પં.ધનપાલે પાઈઅલચ્છી નામમાલામાં આ. પાદલિપ્તસૂરિએ દેસી નામમાલા રચ્યાનું જણાવ્યું છે. આ. પાદલિપ્તસૂરિની અગત્યની રચના 'તરંગવતી' કથા જો કે આજે મળતી નથી પણ એના ઉપરથી આ. નેમિચન્દ્રસૂરિએ કે એમના શિષ્ય 'જસ' (યશ) એ રચેલ સંક્ષેપ મળે છે.[૩] આ ઉપરાંત 'संखित्त तरंगवई कहा' પ્રાચીન કવિકૃત મળે છે. (શ્રી હરિવલ્લભ ભાયાણીના ગુજ. અનુવાદ સાથે લા.દ. વિ.મ. તરફથી ઈ.સ. ૧૯૭૯માં પ્રગટ થઈ છે.) ૧૬૪૨ ગાથા પ્રમાણ આ રચનામાં 'તરંગવતી'માંથી જ દેશ્ય શબ્દો કાઢીને આ. પાદલિપ્તસૂરિએ રચેલી ગાથાઓમાંથી જ પસંદગી કરી હોવાનું કર્તાએ જણાવ્યું છે. 'કહાવલી'માં પણ તરંગવતીનો સંક્ષેપ છે.[૪] પ્રાકૃત ભાષામાં અનેક દેશ્ય શબ્દોથી મઢેલી આ અનુપમ કૃતિનો ઉલ્લેખ અનુયોગદ્વાર[૫] સૂત્રમાં થયો છે. આ. ઉદ્યોતનસૂરિજીએ (કુવલયમાળામાં) અને પં. ધનપાલે 'તરંગવતી'ની ભારોભાર પ્રશંસા કરી છે.

૧-૨. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ભા. ૧ પૃ. ૧૨૩ / પ્રભાવકચરિત્ર પ્રબંધ પર્યાલોચન પૃ. ૧૮/

૩. આનુ જર્મન ભાષાંતર અર્નેસ્ટ લોયમેને કર્યું છે તેના ઉપરથી કરેલ શ્રી નરસીભાઈ પટેલ કૃત ગુજરાતી અનુવાદ 'જૈન સાહિત્ય સંશોધક' અંક-૨માં છપાયો છે. 'જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ' પૃ. ૭૦ ટિ. ૯૩ મુજબ આ સંક્ષેપ (તરંગલોલા) ૧૯૦૦ ગાથા પ્રમાણ છે. 'પાઇઅ (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય' પૃ. ૮૩માં ૪૫૦ શ્લોક પરિમાણ હોવાનું શ્રી હીરાલાલ કાપડિયાએ જણાવ્યું છે.

૪. 'કહાવલી' પ્રથમપરિચ્છેદનો પ્રથમખંડ મુનિ શ્રી કલ્યાણકીર્તિ વિ.મ. સંપાદિત ક.સ. હેમચન્દ્રસૂરિ નવમ જન્મશતાબ્દી શિક્ષણનિધિ તરફથી વિ.સં. ૨૦૬૮માં પ્રગટ થયો છે. 'તરંગવઇ કહા' બીજા ભાગમાં આવશે. 'પ્રબંધચતુષ્ટય' નામે 'કહાવલી'ના ૪ પ્રબંધો પ્રગટ થયા છે.

૫. અનુયોગદ્વાર સૂત્ર ૧૩૦ પત્ર ૧૪૯B માં તરંગવઈ સાથે મલયવઈનો પણ ઉલ્લેખ છે. આ 'મલયવઈ' પણ પાદલિપ્તસૂરિની રચના હોવાની સંભવના નિર્વાણકલિકાની અંગ્રેજી પ્રસ્તાવનામાં વ્યક્ત થઈ છે.

આ. શ્રી પાદલિપ્તસૂરિ

આ. શ્રી પાદલિપ્તસૂરિજીનું વિસ્તૃત જીવન ચરિત્ર 'પ્રભાવક ચરિત્ર'ના પાંચમાં પ્રબંધમાં મળે છે. એનો સાર અને ઐતિહાસિક વિશ્લેષણ પં. કલ્યાણવિજયજી ગણિએ 'પ્રબંધ પર્યાલોચન' નામે પ્રભાવકચરિત્રની પ્રસ્તાવનામાં લખ્યું છે. બીજા વિદ્વાનોએ પણ લખ્યું છે એ બધાના આધારે અહીં થોડુંક જણાવીએ છીએ.

[૧]વિક્રમના પ્રથમ શતકમાં અયોધ્યાનગરીમાં વિજયબ્રહ્મરાજાના રાજ્યકાળમાં ફુલ્લશ્રેષ્ઠિની પત્ની પ્રતિમાએ પુત્રને જન્મ આપ્યો. નાગેન્દ્ર નામ પાડવામાં આવ્યું.

[૨]વિદ્યાધરગચ્છના આચાર્ય આર્યનાગહસ્તિને માતાએ સમર્પિત કર્યો. આઠમા વર્ષે દીક્ષા અપાઈ. શ્રી મંડનગણિ પાસે વિદ્યાભ્યાસ કર્યો.

'પાદલિપ્ત' નામકરણ દીક્ષા વખતનું નથી પણ એકવાર ગોચરી વહોરીને આવેલા બાલમુનિને આચાર્ય નાગહસ્તિએ પૂછ્યું કે 'આ કોને વહોરાવ્યું ?' ત્યારે બાલમુનિએ કહ્યું કે :

अंबं तंबच्छीए अपुप्फियं पुप्फदंतपंतीए ।
नवसालिकंजियं नववहुइ कुडएण मे दिन्नं ॥

લાલ નેત્રવાળી પુષ્પસમાન દાંતવાળી નવવધુએ નવા ડાંગરની કાંજી વહોરાવી છે.

આવું શૃંગારપૂર્ણ વર્ણન સાંભળી ગુસ્સે થયેલા આચાર્યશ્રીએ કહ્યું 'पलित्तोसि.' ત્યારે બાલમુનિએ વિનયપૂર્વક કહ્યું કે એક કાનો વધારી આપો. પ્રસન્ન ગુરુભગવંતે કહ્યું : तुं पालित-पादलिप्त - પગે લેપ કરી આકાશમાં ઉડવાવાળો થા. આ પછી બાલમુનિ 'પાદલિપ્ત' તરીકે પ્રસિદ્ધ થયા.

દસ વર્ષના 'પાદલિપ્ત' મુનિને આચાર્યપદે બિરાજમાન કરવામાં આવ્યા.

---

૧. આગમપ્રભાકર મુનિ પુણ્યવિજયજીના મતે પાદલિપ્તાચાર્ય વીર નિ.સં. ૪૬૭માં (જ્યો. ક.પ્રસ્તાવના) અને ઇતિહાસ વિદ્ પં. કલ્યાણ વિ. ગણીના મતે વિ.સં. ૨૦૦ આસપાસ થયા છે. શ્રી મધુસૂદન ઢાંકીના મતે ત્રણ પાદલિપ્તસૂરિ થયા છે. પ્રથમ જ્યોતિષ્કરંડકના કર્તા ઇસ્વીસનના બીજા-ત્રીજા સૈકામાં, બીજા ઇ. સાતમા સૈકામાં અને ત્રીજા ૧૦મા સૈકામાં થયા હોવાનો એમનો મત છે. (સંશોધન સળંગ અંક-૧૫-૧૬, પેજ ૨૧)

૨. પ્રભાવક ચરિત્રના 'પાદલિપ્તસૂરિ' પ્રબંધમાં અને 'વૃદ્ધવાદિસૂરિ' પ્રબંધમાં આ. પ્રભાચન્દ્રસૂરિએ આર્યનાગહસ્તિને વિદ્યાધર વંશના આ. કાલકસૂરિની પરંપરામાં વિદ્યાધરગચ્છમાં થયા હોવાનું જણાવે છે. પં. કલ્યાણ વિ.મ. લખે છે કે— "ઘણા જુના સમયમાં એ વિદ્યાધરી શાખા હશે અને કાળાંતરે તે શાખા મટી 'કુલ'ના નામથી પણ પ્રકાશમાં આવી હશે, અને છેવટે કુલનું પણ નામ છોડીને ગચ્છનું નામ ધારણ કર્યું હશે એમ લાગે છે. આ ઉપરથી પાદલિપ્તસૂરિને (વિદ્યાધર) કુલના અથવા વિદ્યાધર વંશના કહીએ તો કંઈ પણ હરકત નથી." પ્રબંધ પર્યાલોચન પૃ. ૨૧

પાટલીપુત્રના મુરુંડરાજાની મસ્તકની પીડા આ. પાદલિપ્તસૂરિએ પોતાના ઢીંચણ ઉપર તર્જની આંગળી ફેરવી દૂર કર્યાની નોંધ નિશીથ ભાષ્ય (ગા. ૪૪૬૦)માં પણ નોંધાઈ છે.

શિષ્યો કેટલા વિનિત હોય છે એ વાત મુરુંડ રાજાને સમજાવવા આ.પાદલિપ્તસૂરિએ બાલમુનિને ગંગા કઈ દિશામાં વહે છે એ જાણવા મોકલ્યા તે ઘટનાની નોંધ વિશેષાવશ્યક ભાષ્યની આ ગાથામાં છે.

निवपुच्छिएण भणिओ गुरुणा गंगा कुओमुही वहइ ?।
संपाइयवं सीसो जह तह सव्वत्थ कायव्वं ॥

આ પાદલિપ્તસૂરિએ ખપુટાચાર્ય પાસે સાતિશય વિદ્યાનો અભ્યાસ કર્યાની અને 'પાદલિપ્તા' નામની સાંકેતિક ભાષાની રચના કર્યાની વિગત પણ મળે છે.

નાગાર્જુન નામનો રસાયણશાસ્ત્રી આ. પાદલિપ્તસૂરિનો ગૃહસ્થ શિષ્ય બન્યો હતો. આચાર્યશ્રી પાદલેપ દ્વારા ગગનમાર્ગે યાત્રા કરી પરત આવતા ત્યારે પગ ધોઈને એ પાણી પરઠવાનો લાભ લેતો. પાણી સુંઘી સુંઘીને એણે એમાં રહેલા ૧૦૮ રસાયણો ઓળખ્યા હતા.

એણે એવો લેપ તૈયાર કર્યો પણ ઉડી ન શક્યો. આચાર્યશ્રીએ કહ્યું કે - ચોખાના ધોવાણમાં ૧૦૮ ઔષધીઓ મેળવવી જોઈએ. સાદા પાણીમાં નહીં...

નાગાર્જુને પોતાના વિદ્યુગુરુની યાદમાં પાદલિપ્તપુર બનાવ્યું જે આજે પાલીતાણા તરીકે જાણીતું છે.

નાગાર્જુને શત્રુંજય તીર્થ ઉપર ભગવાન મહાવીરના જિનાલયનું નિર્માણ કર્યું. એમાં આ. પાદલિપ્તસૂરિની ગુરુમૂર્તિ બિરાજિત કરી હતી. આ જિનાલયમાં આચાર્યે 'ગાહાજુઅલેણ'થી શરૂ થતું પ્રભુ મહાવીરનું સ્તોત્ર બનાવ્યું હતું.

આ સ્તોત્રમાં સુવર્ણસિદ્ધિ અને આકાશગામિની વિદ્યાની હકિકત ગુપ્ત રીતે આપી છે.[૧]

---

૧. શ્રી હીરાલાલ કાપડિયા જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ભા. ૧, પૃ. ૧૨૩ ટિ. ૧ માં જણાવે છે કે – "આ (સ્તોત્ર) ચ. પ્ર. (ચતુર્વિંશતિપ્રબંધ) પૃ. ૨૬૫-૨૬૬માં ઘ-પરિશિષ્ટ તરીકે સંસ્કૃત છાયા સહિત છપાવ્યો છે. આની સુવર્ણસિદ્ધિ પૂરતી વ્યાખ્યા પૂરી પાડતી અને જિનપ્રભસૂરિએ વિ.સં. ૧૩૮૦માં રચેલી વૃત્તિના સંક્ષેપરૂપ અવચૂરિ ચ.પ્ર.ના મારા અનુવાદમાં પ્રથમ પરિશિષ્ટ તરીકે છપાઈ છે."
પ્રભાવકચરિત્ર ભાષાંતર પૃ. ૧૪૦, ટિ. ૧માં જણાવ્યું છે કે – "આ શ્રી પાદલિપ્તસૂરિ રચિત 'સુવર્ણસિદ્ધિગર્ભ મહાવીર જિનસ્તવન' જગત્યસુંદરી પ્રયોગમાલા મહાવીર ગ્રંથમાલા નં. ૧૦માં પ્રસિદ્ધ થઈ છે. (ગવર્નમેન્ટ કલેક્શન ઑફ મેન્યુસ્ક્રિપ્ટ ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટી. વોલ્યૂમ XIX ભા. ૨, પૃ. ૧૮૨)"

આ. પ્રભાચન્દ્રસૂરિ પ્રભાવક ચરિત્રમાં (રચના સં. ૧૩૩૪) જણાવે છે કે – "આ. પાદલિપ્તસૂરિએ ગિરનાર પર્વત નીચે કિલ્લામાં નેમિનાથ ચરિત્રનું વ્યાખ્યાન કરેલું. તે સાંભળીને નાગાર્જુને તે વર્ણન મુજબ દશાર્હમંડપ, ઉગ્રસેનનો મહેલ, વિવાહમંડપ, ચોરી આદિ બનાવરાવ્યા હતા જે હજી પણ ત્યાં જોવામાં આવે છે." (પ્ર.ચ. અનુવાદ પૃ. ૧૩૭)

માન્યખેટનો કૃષ્ણરાજા આ. પાદલિપ્તસૂરિનો પરમભક્ત હતો. સાતવાહન રાજાએ માન્યખેટ નગરથી તેમને પ્રતિષ્ઠાનપુર તેડાવ્યા. ત્યાં એમણે વ્યાખ્યાનમાં 'તરંગલોલા' કથા કહેવા માંડી. રસ ઝરતી એ કથાથી લોકો પ્રભાવિત થયા તે કારણે અને રાજાએ વિશિષ્ટ સન્માન કર્યું એથી પાંચાલ નામના કવિએ ઈર્ષ્યાથી એવો આક્ષેપ કર્યો કે આ તો મારા ગ્રન્થમાંથી ચોરીને ઉઠાંતરી કરેલી કથા છે. આ. પાદલિપ્તસૂરિએ જિનશાસનની હાનિ કરનાર આક્ષેપને કેવી રીતે દૂર કરવો તે વિચાર્યું.

યૌગિક પ્રક્રિયા દ્વારા જડ-મૃતકવત્ બની ગયા. આ. પાદલિપ્તસૂરિના અચાનક કાળધર્મથી આખા પ્રતિષ્ઠાનપુરમાં હાહાકાર વર્તી ગયો. એમની પાલખી જ્યારે પાંચાલ કવિના ઘર પાસેથી નિકળી ત્યારે એને પોતાના દુષ્કૃત્ય ઉપર ભારે પસ્તાવો થયો. પોતે અઘટિત આક્ષેપ કરી આચાર્યના પ્રાણ લીધા છે એવું એને લાગ્યું. એ પાલખી પાસે આવી રડતાં રડતાં પોતાના ગુનાનો એકરાર કર્યો અને કહ્યું કે–

सीसं कहवि न फुट्टं, जमस्स पालियत्तं हरंतस्स ।
जस्स मुहनिज्झराओ तरंगलोला नई वूढा ॥ १ ॥

(प्रबंधचतुष्टय पृ. ૩૧, ૯૮)

ત્યારે આચાર્યશ્રીએ પાંચાલના મસ્તક ઉપર હાથ મુકી છાનો રાખ્યો આચાર્ય જીવંત છે જાણી સર્વત્ર આનંદ છવાયો.

રાજાએ અને નગરજનોએ પાંચાલને અપમાનિત કરી કાઢી મુક્યો ત્યારે આચાર્યશ્રીએ જ એને સસન્માન પાછો બોલાવવા રાજાને સમજાવ્યા.

આ. પાદલિપ્તસૂરિ મોટા ગજાના વિદ્વાન, નૃપપ્રતિબોધક અને મહાન શાસ્ત્રકાર હતા.[૧] તેમનો કાળધર્મ પ્રતિષ્ઠાનપુરમાં થયાનું કહાવલીમાં પ્રબંધચતુષ્ટય પૃ. ૩૧, ૯૮ જણાવ્યું છે.

---

૧. ડૉ. મોતીચંદના મતે 'તિત્થોગાલી'માં કલ્કિના સમકાલિન 'પાડિવત' જ આ. પાદલિપ્ત છે. (પ્રભાવકચરિત્ર ભાષાંતર પૃ. ૨૧, ટિ. ૧)

જ્યોતિષ્કરંડક પ્રકીર્ણક

૪૫ આગમમાં દસ પ્રકીર્ણકનો પણ સમાવેશ છે. આ દસ ઉપરાંત પણ બીજા જે પ્રકીર્ણકોના નામ મળે છે એમાં 'જ્યોતિષ્કરંડક' પણ છે. નંદીસૂત્રની આ. મલયગિરિ-સૂરિજીની ટીકા મુજબ ચૌદહજાર જેટલા પ્રકીર્ણકો શ્રમણોએ આગમના આધારે રચ્યા છે.

આ. પાદલિપ્તસૂરિએ આ ગ્રન્થની રચના, सुण ताव सुरपण्णत्तिवण्णणं... ॥ गा. ७ ॥ 'दिणकरपण्णत्तीतो सिस्सजणहिओ सुहोपायो' ॥ गा. ४०४ ॥ એમ સ્પષ્ટપણે 'સૂર્યપ્રજ્ઞપ્તિ'ના આધારે રચના કર્યાનું જણાવ્યું છે.

જેસલમેરની અને ખંભાતની હસ્તપ્રતોના આધારે આ ગ્રન્થની શુદ્ધવાચના આ.પ્ર. પુણ્યવિજયજી મ. દ્વારા સંપાદિત થઈ મહાવીર વિદ્યાલય દ્વારા પ્રકાશિત થઈ છે. સંભવતઃ ટીકાકાર આ. શ્રી મલયગિરિસૂરિને પણ આવી સંપૂર્ણ ગ્રન્થવાળી પ્રત મળી નથી. પણ જેસલમેરની એક તાડપત્રીય પત્ર જેમાં આદિ અંતનો કેટલોક ભાગ નથી એવી અપૂર્ણ મળી લાગે છે.

જ્યોતિષ અને ગણિત વિષયક જૈનગ્રન્થો હજારો વર્ષ જુના હોવાના કારણે પ્રાચીન વૈદિક વગેરે ગણિતોની ગૂંચો ઉકેલવા માટે પણ મહત્ત્વનું સાધન મનાય છે.

'જૈનસત્યપ્રકાશ' વિ.સં. ૧૯૯૭ના અષાઢ માસમાં પ્રગટ થયેલ ''ऐतहासिक दृष्टिसे प्राचीन जैन वाङ्मय का महत्त्व' નામના લેખમાં શ્રી ભા. રં. કુલકર્ણી જણાવે છે કે—

'वेदाङ्ग ज्योतिष' नामका एक छोटासा ज्योतिष ग्रन्थ विद्यमान संस्कृत ज्योतिष ग्रन्थोमें प्राचीनतम समझा जाता है। उसकी भाषा प्राचीन संकेतमय और समझनेको इतनी क्लिष्ट है की इ. स. १८७७ से आजतक इस ३५-४० श्लोकवाले छोटेसे ग्रन्थका, डॉ. थीवो, महामहोपाध्याय सुधाकर द्विवेदी, ज्यो. शं. बा. दीक्षित, लो. टिलक इत्यादी विद्वानोंके अनेकानेक प्रयत्नों पर भी संपूर्णतः अर्थ नहीं लग सका। किन्तु आजतक अशक्यप्रायः समझा गया वह चमत्कारस्वरूप कार्य महामहोपाध्याय डॉ. शामशास्त्री (मैसोर) ने सरलतासे कर डाला और वो भी **जैन ज्योतिष ग्रन्थोंकी** सहायतासे। सूर्यप्रज्ञप्ति, ज्योतिष्करंडक और काललोकप्रकाश यह वे तीन जैन ग्रन्थ हैं। डॉ. महाशयके ध्यानमें यह आया की वेदांग ज्योतिषकी पद्धति और उपर्युक्त जैन ज्योतिष ग्रन्थोंकी पद्धतिमें स्पष्ट साम्य है और वेदांग ज्योतिषके जो जो श्लोक आज तक दुर्बोध समझकर भूतपूर्व विद्वानोंने छोड दिये थे वे इन जैन ग्रन्थोकी सहायतासे सुगम और सुसंगत ही नहीं किन्तु अर्थपूर्ण प्रतीत होते है। इस तरहसे अगम्य वेदांग ज्योतिषको संपूर्ण तथा सुगम करनेवाले प्रथम संशोधक, ऐसा डॉ. शामशास्त्रीका सुविख्यात नाम जैन ग्रन्थोंकी सहायतासे ही हुआ है।

इस उपर्युक्त वेदाङ्ग ज्योतिष के संपादन कार्य में एक छोटीसी विसंगतता ज्योतिष करंडकके श्लोक २८८ के विषयमें हो गई है।

"उक्तं चैतत् **ज्योतिष करंडे** (प. १९६ पद्य २८८)–

लग्गं च दक्खिणायनविसुवेसु वि अस्स उत्तरं अयणे।

लग्गं साईविसुवेसु पञ्चसुवि दक्खिणं अयणे ॥ २८८ ॥

छाया–लग्नं च दक्षिणायनविषुवेषु अपि अश्वे उत्तरमयने।

लग्नं स्वाति विषुवेषु पञ्चस्वपि दक्षिणायने ॥

दक्षिणायनगतेषु पञ्चस्वपि विषुवेषु अश्वे अश्विनीनक्षत्रे लग्नं भवति।" इत्यादि। वेदाङ्ग ज्योतिष पृष्ठ ५०।

इस श्लोककी छाया और टीका मलयगिरिकृत है और उसका अंग्रेजी अनुवाद डॉ. शामशास्त्रीने ऐसा किया है।

'The Lagna of the five Vishuwas or equinoctical days in a yuga is the rise of the Ashwini Nakshatra in the Uttarayana and that in the five Dakshinayanas is the rise of the Swati Nakshatra.

-वेदांग ज्योतिष-पृ. ३०

उपरके दोनों अवतरणोमें स्थित विसंगति यह है कि इस श्लोककी संस्कृत टीकामें दक्षिणायनमें आनेवाले विषुव दिनका नक्षत्र अश्विनी है और अंग्रेजी भाषांतरमें वही अश्विनी नक्षत्र उत्तरायणके विषुव दिनको जोड दिया गया है। डॉ. शामशास्त्रीको मैंने इस विषयमें पत्र लिखा था। आप अपना अंग्रेजी भाषांतर ही यथार्थ प्रतिपादित करते हैं, कारण स्पष्ट है कि - अश्विनी नक्षत्रमें उत्तरायणका विषुवदिन याने वसंतसंपात यह आजसे लगभग दो हजार वर्ष पूर्व होता था। अन्यथा संस्कृत टीकाकारने लिया हुवा अश्विनी नक्षत्रमें दक्षिणायनका विषुव याने शरदसंपात होने को कमसे कम १४००० चौदह हजार वर्षोसे अधिक काल हो गया[१] है।

ज्योतिषकरंडकका यह श्लोक स्वभावतः क्लिष्ट और संभ्रमोत्पादक है। उसमें दो बार दक्षिणायन शब्द आनेसे उसका संबंध अश्विनीसे लगाना या स्वातीसे लगाना यह एक जटिल समस्या है। और जैन प्राचीन साहित्यके अंदर आनेवाले ज्योतिष विषयके अन्यान्य प्रमाणोंका सम्यक् अभ्यास करनेवाले पंडित ही उसको हल कर सकेंगे।

१. संपात बिंदूकी वाम गति है और नक्षत्रचक्रकी एक पूर्ण प्रदक्षिणा लगभग २६००० वर्षमें होती है। हाल वसंतसंपात उत्तरा भाद्रपदा नक्षत्रमें है। अश्विनीसे उत्तरा भाद्रपदा तकका दो नक्षत्रोंका अंतर १४ हजार वर्ष पूर्व होता था।

चित्रा और स्वाति इनके बीचमें वसंतसंपात रहनेका प्रमाण तो संस्कृत ज्योतिष ग्रंथमें पाया जाता है । शुल्बसूत्रके भाष्यमें कर्काचार्यका ऐसा स्पष्टवचन[२] है । फिर उपर बताये हुए ज्योतिषकरंडकके पद्यमें जो स्वातिका संबंध वसंतसंपातसे देखा जाता है वह भी यथार्थ क्यों न हो ?

यह एक ही नहीं ऐसे अनेकानेक प्रश्न उपस्थित होते है । आवश्यकता है उनकी ओर ध्यान देकर उस दिशासे जैन साहित्यका संशोधन करनेवालोंकी । जैन जनता धार्मिक है, उदार है और धनवान भी है । वह चाहे तो अपने प्राचीन धार्मिक साहित्यका ऐतिहासिक और तुलनात्मक पद्धतिसे अभ्यास करनेवाले विद्वानोंको प्रोत्साहन देकर भारतीय संस्कृतिका गौरव बढानेमें अंशभाक् हो सकती है और होवे यह प्रार्थना है ।"

પં. અમૃતભાઈ ભોજક આ લેખ બાબતમાં જ્યોતિષકરંડક (પ્ર. મહાવીર વિદ્યાલય)ની પ્રસ્તાવનામાં જણાવે છે કે -

"ઉપરના લેખમાં શ્રી કુલકર્ણીજીએ જ્યોતિષ્કરંડકની જે "लग्गं च दक्खिणायण०" ગાથા ઉદ્ધૃત કરીને, તેને વિસંગત અને સંભ્રમોત્પાદક જણાવી છે, તે ગાથા જ હકીકતમાં મૌલિક પ્રમાણભૂત નથી. આ સૂચિતગાથાના સ્થાનમાં અમારા પ્રસ્તુત પ્રકાશનમાં આ પ્રમાણે ગાથા છે-

दक्खिणअयणे लग्गं पंचसु विसुवेहि होति अस्से य ।
उत्तरअयणे लग्गं साती विसुवेसु पंचसु वि ॥ ३०६ ॥

ઉપર નોંધેલી ગાથા ઉપર પ્રસ્તુત ગ્રંથના સંપાદક પૂ.પા. આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે "मुद्रिते तु अस्या गाथायाः पाठोऽशुद्धोऽव्यवस्थितश्च वर्तते ।" આ પ્રમાણે ટિપ્પણી લખીને કુલકર્ણીજીએ નોંધેલી વૃત્તિસહિત મુદ્રિત જ્યોતિષ્કરંડકની ગાથાને અશુદ્ધ અને અવ્યવસ્થિત જણાવી છે.

જ્યોતિષશાસ્ત્રના અધિકારી વિદ્વાન સ્વ. ડૉ. નેમિચન્દ્રજી શાસ્ત્રીએ અનેક શાસ્ત્રોના અન્વેષણપૂર્વક સફળ પરિશ્રમથી લખેલા "ભારતીય જ્યોતિષ" ગ્રંથનાં ૫૭ થી ૬૦ પૃષ્ઠોમાં સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ અને જ્યોતિષ્કરંડક, આ ત્રણ ગ્રંથોના સંબંધમાં સંશોધનાત્મક માહિતી આપી છે, તેમાંથી જ્યોતિષ્કરંડકના સંબંધમાં નીચે પ્રમાણે જણાવ્યું છે -

---

२. पं. दी. चुलेट : 'वेदकालनिर्णय' ।

"**ज्योतिष्करण्डक**- यह प्राचीन ज्योतिषका मौलिक ग्रन्थ है । इसका विषय वेदाङ्ग-ज्योतिषके समान अविकसित अवस्थामें है । इसमें भी नक्षत्र लग्नका प्रतिपादन किया गया है । भाषा एवं रचनाशैली आदिके परीक्षणसे पता लगता है कि यह ग्रन्थ ई. पू. ३००-४०० का है । इसमें लग्नके सम्बन्धमें बताया गया है :

लग्गं च दक्खिणायणविसुवेसु वि अस्स उत्तरं अयणे ।

लग्गं साई विसुवेसु पंचसु वि दक्खिणे अयणे ॥

अर्थात्— अस्स यानी अश्विनी और साई-स्वाति ये नक्षत्र विषुवके लग्न बताये गये हैं । यहाँ विशिष्ट अवस्थाकी राशिके समान विशिष्ट अवस्थाके नक्षत्रोंको लग्न माना है ।

इस ग्रन्थमें कृत्तिकादि, धनिष्ठादि, भरण्यादि, श्रवणादि एवं अभिजितादि नक्षत्र गणनाओंकी समालोचना की गयी है ।"

— (ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન દ્વારા પ્રકાશિત "भारतीय ज्योतिष" ગ્રંથની ચૌદમી આવૃત્તિ, પૃષ્ઠ ૬૦.)

શ્રી કુલકર્ણીના લેખમાંથી એ પણ મહત્ત્વની હકીકત જાણી શકાય છે કે, ભારતીય જ્યોતિષશાસ્ત્રના સૌથી પ્રાચીન 'વેદાંગ જ્યોતિષ' નામક ગ્રંથના સંપૂર્ણ હાર્દને સમજવા માટેનો યશ 'સૂર્યપ્રજ્ઞપ્તિ' અને 'જ્યોતિષ્કરંડક' આદિ જૈન ગ્રંથોને છે, અન્યથા 'વેદાંગ જ્યોતિષ'ને સમજવા માટે ઉપલબ્ધ સમગ્ર ભારતીય સાહિત્યમાં કોઈ આધાર ન હતો.

ઉપર જણાવેલી માહિતીમાં પણ ડૉ. નેમિચંદ્રજીએ, અહીં જણાવેલી શ્રી કુલકર્ણીજીએ ચર્ચેલી જ્યોતિષ્કરંડકની "लग्गं च दक्खिणायण०" ગાથાની જ નોંધ લીધી છે. અહીં સુજ્ઞ વાચકો સમજી શકશે કે, જે ગાથા અશુદ્ધ અને અવ્યવસ્થિત છે તેના આધારે થયેલું પ્રતિપાદન અપૂર્ણ કે અસંગત હોવાનો સંભવ છે.

ડૉ. નેમિચંદ્રજીએ જે જ્યોતિષ્કરંડકની રચનાનો સમય જણાવ્યો છે તે, જેના આધારે જ્યોતિષ્કરંડકની રચના થઈ છે તે સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રમાં આવતા જ્યોતિષવિષયક નિરૂપણના આધારે હોય તેમ લાગે છે. પણ હવે પ્રસ્તુત પ્રકાશનના સંપાદકજીના સાધાર વિધાન મુજબ એ સ્પષ્ટ થાય છે કે, જ્યોતિષ્કરંડકના કર્તા આચાર્યશ્રી પાદલિપ્તસૂરિ છે અને તેમનો સમય વીરનિર્વાણ સં. ૪૬૭ની આસપાસ (ઈ.સ. પૂર્વે પહેલી શતાબ્દી) છે.

પ્રસ્તુત જ્યોતિષ્કરંડકની ૧૪ થી ૧૬ ગાથામાં ઉચ્છ્વાસ-નિઃશ્વાસ આદિનું તથા ૭૦ થી ૮૦ ગાથામાં સમય, પૂર્વાંગ, પૂર્વ આદિનું જે નિરૂપણ છે તેની સાથે અનુયોગદ્વારસૂત્રનો

પાઠ મેળવતાં કેટલીક હકીકતમાં ફરક છે, જુઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા પ્રકાશિત "नंदिसूत्तं अणुओगद्दाराइं च" ગ્રંથમાં અનુયોગદ્વારનું ૩૬૭મું સૂત્ર.

જ્યોતિષ્કરંડકમાં ૨૮ નક્ષત્રોનો ક્રમ અભિજિતથી ઉત્તરાષાઢા પર્યંત છે, જુઓ ગાથા ૧૪૪ થી ૧૪૬. જ્યારે અનુયોગદ્વારમાં કૃતિકાથી ભરણી પર્યંત છે, જુઓ ઉપર સૂચિત અનુયોગદ્વારનું ૧૨૭મું સૂત્ર.

અન્યાન્ય જૈન આગમોમાં આવેલ, જ્યોતિષ્કરંડકમાં નિરૂપિત વસ્તુને સરખાવતાં કોઈ'ક સ્થળે ભિન્નતા પણ જણાશે. ઉદાહરણ તરીકે જુઓ જ્યોતિષ્કરંડકની પચીસમી ગાથા અને અનુયોગદ્વારનું ૩૨૨મું સૂત્ર.

આ ઉપરાંત જ્યોતિષ્કરંડકમાં નિરૂપિત તુલાવિધાન, તોલ-માપ તથા કાલમાન વગેરેના સંબંધમાં વિશેષ માહિતી છે, તેની સમગ્ર ભારતીય સાહિત્ય સાથે તુલના કરવામાં આવે તો વિશેષ ઉપયોગી જ્ઞાતવ્ય વસ્તુ મળવાની સંભાવના છે."

(જ્યો.ક.પ્ર.મહાવીર વિદ્યાલય, પ્રસ્તાવના, પૃ. ૨૨-૨૫)

જેસલમેર અને ખંભાતની શ્રી શિવાનંદિવાચકના ટિપ્પણ સાથેની જ્યોતિષ્કરંડકની પ્રતોના આધારે આ. પ્ર. મુનિશ્રી પુણ્યવિજયજી મ. દ્વારા સંપાદિત અને જૈન આગમ ગ્રન્થમાલા ૧૭(૩) માં શ્રી મહાવીરવિદ્યાલય દ્વારા પ્રકાશિત 'જ્યોતિષ્કરંડક' દ્વારા ગ્રન્થની શુદ્ધવાચના મળી. આ કારણે મૂળગ્રન્થની કેટલીક અશુદ્ધિઓ દૂર થઈ. પ્રસ્તુત પ્રકાશનમાં સંપાદક મુનિશ્રીએ આ સંસ્કરણનો ઉપયોગ કરી શુદ્ધવાચના તૈયાર કરવાનો પ્રયાસ કર્યો છે. મૂળ અને ટીકાનો અનુવાદ પ્રથમવાર પ્રગટ થાય છે ત્યારે ગણિત વિષયક આ ગ્રન્થને સમજવાનું કાર્ય વધુ સુગમ બન્યું છે. આ માટે સંપાદક મુનિશ્રી ધન્યવાદને પાત્ર છે.

અધિકારી વિદ્વાનો આનો અભ્યાસ કરી આત્મકલ્યાણ કરે એજ મંગલ કામના.

ટીકાકાર આ. મલયગિરિ સૂરિ

વિક્રમના બારમા અને તેરમા સૈકામાં જિનાગમોના અને અન્ય પ્રકરણગ્રન્થોના આઠ મહાન વ્યાખ્યાકારો થયા છે.

(૧) અભયદેવસૂરિ (૨) દ્રોણાચાર્ય (૩) મલયગિરિસૂરિ (૪) મલધારી હેમચન્દ્રસૂરિ (૫) નેમિચન્દ્રસૂરિ (૬) શ્રીચન્દ્રસૂરિ (૭) યશોદેવસૂરિ (૮) શ્રીતિલકસૂરિ

આ. મલયગિરિ એક મહાન વ્યાખ્યાકાર થયા છે. એમણે વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચ્યું છે. એમની ટીકાને માના ધાવણની ઉપમા આપવામાં આવી છે. દરેક વસ્તુને ખૂબ

સરસ રીતે સમજાવવા એમણે પ્રયાસ કર્યો છે. કોઈપણ જટીલ વસ્તુને સમજાવવા તેઓશ્રી અનેકવિધ રીતે ચર્ચા કરે છે. ક્યારેક એક ગાથાની વ્યાખ્યા ૫૦૦ શ્લોક પ્રમાણના વિસ્તાર સુધી પણ પહોંચી જાય તો વાંધો નહીં પણ વાચકને પૂરો સંતોષ કરવાનું એમનું લક્ષ્ય રહ્યું છે અને એમાં તેઓ પૂરેપૂરા સફળ થયા છે.

આ. મલયગિરિસૂરિએ પોતે પોતાના ગ્રન્થના છેડે પોતાનો પરિચય કે ગુરુપરંપરાની કોઈ વિગત આપી નથી. એક બે અપવાદ સિવાય તેઓએ પોતાની આચાર્યપદવીનું સૂચન કરવાનું ટાળ્યું છે. મોટેભાગે 'मलयगिरिणा' એવો ઉલ્લેખ જ પ્રાપ્ત થાય છે.

પ્રભાવકચરિત્ર, પ્રબંધ ચિંતામણિ કે પુરાતનપ્રબંધમાં આચાર્યશ્રીના જીવનવિષે કશી વિગત સાંપડતી નથી[૧]. સદ્ભાગ્યે જિનમંડન ગણિએ (પંદરમા સૈકામાં) કુમારપાલ પ્રબંધમાં આ. મલયગિરિસૂરિ[૨] કલિકાલસર્વજ્ઞ આ. હેમચન્દ્રસૂરિ અને આ. દેવેન્દ્રસૂરિને અધ્યયન માટે ગૌડદેશ તરફ પ્રયાણ કર્યાનો પ્રસંગ છે. પ્રસન્ન થયેલી દેવી પાસે શ્રી મલયગિરિજી આગમોની ટીકા રચવામાં સહાય કરવાનું માંગેલું. કુમારપાલપ્રબંધના અનુવાદની પ્રસ્તાવનામાં આ.પ્ર. પુણ્યવિજય મ. આ પ્રસંગ આ પ્રમાણે અપાયો છે.

"આચાર્ય શ્રીહેમચન્દ્રે ગુરુની આજ્ઞા લઈ અન્યગચ્છીય શ્રીદેવેન્દ્રસૂરિ અને શ્રીમલયગિરિ સાથે કલાઓમાં કુશળતા મેળવવા માટે ગૌડદેશ તરફ વિહાર કર્યો. રસ્તામાં આવતા ખિલૂર ગામમાં એક સાધુ માંદા હતા તેમની ત્રણે જણાએ સારી રીતે સેવા કરી. તે સાધુ ગિરનાર તીર્થની યાત્રા માટે ખૂબ ઝંખતા હતા. તેમની અંતસમયની ભાવના પૂરી કરવા માટે ગામના લોકોને સમજાવી પાલખી વગેરે સાધનનો બંદોબસ્ત કરી રાત્રે સૂઈ ગયા. સવારે ઉઠીને જુએ છે તો ત્રણે જણા પોતાની જાતને ગિરનારમાં જુએ છે. આ વખતે શાસનદેવતાએ આવી તેમને કહ્યું કે – આપ સૌનું ધારેલું બધું ય કામ અહીંજ પાર પડી જશે, હવે આપને આ માટે ગૌડદેશમાં જવાની જરૂરત નથી. અને વિધિ, નામ, માહાત્મ્ય, કહેવાપૂર્વક અનેક મંત્ર ઔષધી વગેરે આપી દેવી પોતાને ઠેકાણે ચાલી ગઈ.

૧.જિનરત્નકોશમાં પૃ. ૩૦૨માં 'मलयगिरिचरित्र' બિકાનેર ક્ષમાકલ્યાણ ભંડાર બંડલ ૧૨માં હોવાની નોંધ છે. અમે આ પ્રત મેળવવા પ્રયત્ન કર્યો પણ સફળતા મળી નથી.

૨. 'પ્રબંધપારિજાત' પૃ. ૧૪૭માં પં. કલ્યાણવિ. ગણિએ ૧૫મી સદીમાં તપગચ્છીય કર્તાએ રચેલા એક 'કલ્પ અંતર્વાચ્ય'નો પરિચય આપ્યો છે. એમાં સ્થવિરાવલિના અંતે કેટલાક સ્થવિરોના નામ અપાયા છે. તેમાં છેલ્લા બે નામ ક.સ.હેમચન્દ્રસૂરિ અને શ્રી મલયગિરિસૂરિના છે.

એક વખત ગુરુમહારાજે તેમને સિદ્ધચક્રનો મંત્ર આમ્નાય સાથે આપ્યો, જે કાળીચૌદશની રાત્રે પદ્મિની સ્ત્રીના ઉત્તરસાધકપણાથી સિદ્ધ કરી શકાય.

ત્રણે જણાએ વિદ્યાસાધનના પુરશ્ચરણને સિદ્ધ કરી, અંબિકાદેવીની સહાયથી ભગવાન શ્રીનેમિનાથ સામે બેસી સિદ્ધચક્રમંત્રની આરાધના કરી. મંત્રના અધિષ્ઠાયક શ્રીવિમલેશ્વરદેવે પ્રસન્ન થઈ ત્રણે જણાને કહ્યું કે – તમને ગમતું વરદાન માગો ત્યારે શ્રીહેમચન્દ્રે રાજાને પ્રતિબોધ કરવાનું, શ્રીદેવેન્દ્રસૂરિએ એક રાતમાં કાન્તિનગરીથી સેરીસામાં મંદિર લાવવાનું અને શ્રીમલયગિરિસૂરિએ જૈન સિદ્ધાન્તોની વૃત્તિઓ રચવાનું વર માગ્યું. ત્રણેને તેમની ઇચ્છા પ્રમાણેનું વર આપી દેવ પોતાને સ્થાને ચાલ્યો ગયો."

"ઉપર કુમારપાલપ્રબન્ધમાંથી જે ઉતારો આપવામાં આવ્યો છે એમાં મલયગિરિ નામનો જે ઉલ્લેખ છે એ બીજા કોઈ નહિ, પણ જૈન આગમોની વૃત્તિઓ રચવાનું વર માગનાર હોઈ પ્રસ્તુત મલયગિરિ જ છે. આ ઉલ્લેખ ટૂંકો હોવા છતાં એમાં નીચેની મહત્ત્વની બાબતોનો ઉલ્લેખ થયેલો આપણે જોઈ શકીએ છીએ – (૧) પૂજ્ય શ્રીમલયગિરિ ભગવાન શ્રીહેમચન્દ્ર સાથે વિદ્યાસાધન માટે ગયા હતા. (૨) તેમણે જૈન આગમોની ટીકાઓ રચવા માટે વરદાન મેળવ્યું હતું અથવા એ માટે પોતે ઉત્સુક હોઈ યોગ્ય સાહાય્યની માગણી કરી હતી. (૩) 'મલયગિરિસૂરિણા' એ ઉલ્લેખથી શ્રીમલયગિરિ આચાર્યપદ વિભૂષિત હતા."

આ મલયગિરિસૂરિજીએ જણાવ્યું છે કે જ્યોતિષ્કરંડક ગ્રન્થ વાલભીવાચનાનુસારી છે. એટલે અનુયોગદ્વાર સૂત્ર વગેરે માથુરીવાચનાનુસારી ગ્રન્થોથી આમાં ગણિતની બાબત કેટલીક ભિન્નતા જોવા મળે છે એટલે વ્યામોહ ન કરવો. આ ગ્રન્થ સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રના આધારે રચાયો છે અને ઘણી ઉપયોગી બાબત આમાં છે. ટીકાનું પ્રમાણ ગ્રન્થાગ્ર ૫૦૦૦ શ્લોક પ્રમાણે છે.

પં. કલ્યાણવિજયગણિના મતે આ. મલયગિરિસૂરિ એમની દરેક રચનામાં 'કુશલ' શબ્દનો પ્રયોગ કરે છે. (જેવી રીતે આ. મુનિસુંદરસૂરિજી 'જયશ્રી' શબ્દનો પ્રયોગ કરે છે તેવી રીતે.) પ્રસ્તુત ગ્રંથની પ્રશસ્તિમાં પણ 'કુશલ' શબ્દ છે જ.

આ. મલયગિરિસૂરિની રચનાઓ

	ટીકાનું નામ	**શ્લોક પ્રમાણ**
૧.	ભગવતીસૂત્ર - દ્વિતીયશતક વૃત્તિ	૩૭૫૦
૨.	રાજપ્રશ્નીયોપાંગ ટીકા	૩૭૦૦ મુદ્રિત

૩.	જીવાજીવાભિગમોપાંગ ટીકા	૧૬૦૦૦ મુદ્રિત
૪.	પ્રજ્ઞાપનોપાંગ ટીકા	૧૬૦૦૦ મુદ્રિત
૫.	ચંદ્રપ્રજ્ઞપ્ત્યુપાંગ ટીકા	૯૫૦૦ મુદ્રિત
૬.	સૂર્યપ્રજ્ઞપ્ત્યુપાંગ ટીકા	૯૫૦૦ મુદ્રિત
૭.	નન્દીસૂત્ર ટીકા	૭૭૩૨ મુદ્રિત
૮.	વ્યવહારસૂત્ર ટીકા	૩૪૦૦૦ મુદ્રિત
૯.	બૃહત્કલ્પપીઠિકાવૃત્તિ (અપૂર્ણ)	૪૬૦૦ મુદ્રિત
૧૦.	આવશ્યકવૃત્તિ (અપૂર્ણ)	૧૮૦૦૦ મુદ્રિત
૧૧.	પિંડનિર્યુક્તિ ટીકા	૬૭૦૦ મુદ્રિત
૧૨.	જ્યોતિષ્કરંડક ટીકા	૫૦૦૦ મુદ્રિત
૧૩.	ધર્મસંગ્રહણી ટીકા	૧૦૦૦૦ મુદ્રિત
૧૪.	કર્મ-પ્રકૃતિ ટીકા	૮૦૦૦ મુદ્રિત
૧૫.	પંચસંગ્રહવૃત્તિ	૧૮૮૫૦ મુદ્રિત
૧૬.	ષડશીતિવૃત્તિ	૨૦૦૦ મુદ્રિત
૧૭.	સપ્તતિકાવૃત્તિ	૩૭૮૦ મુદ્રિત
૧૮.	બૃહત્સંગ્રહણીવૃત્તિ	૫૦૦૦ મુદ્રિત
૧૯.	બૃહત્ક્ષેત્રસમાસવૃત્તિ	૯૫૦૦ મુદ્રિત
૨૦.	મલયગિરિ શબ્દાનુશાસન	૫૦૦૦ મુદ્રિત

અનુપલબ્ધ

(૧) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા (૨) ઓઘનિર્યુક્તિ ટીકા (૩) વિશેષાવશ્યક ટીકા (૪) [૧]તત્ત્વાર્થ ટીકા (૫) [૨]ધર્મસારપ્રકરણ ટીકા (૬) [૩]દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ ટીકા (૭) [૪]પ્રાકૃત વ્યાકરણ (૮) દેશીનામમાલા (૯) ઉણાદિસૂત્રો

આ. દેવેન્દ્રમુનિ શાસ્ત્રી (જૈનઆગમ સાહિત્ય મનન ઔર મીમાંસા પૃ. ૫૨૪-૬ માં) જણાવે છે કે –

---

૧. "यथा च प्रमाणबाधितत्वं तथा **तत्त्वार्थटीकायां** भावितमिति ततोऽवधार्यम् "प्रज्ञापनासूत्रटीका ॥ ૨. "यथा चापुरुषार्थता अर्थकामयोस्तथा **धर्मसारटीकाया**मभिहितमिति नेह प्रतायते ।" धर्मसंग्रहणीटीका ॥ ૩. "वृत्तादीनां च प्रतिपृथिवि परिमाणं **देवेन्द्रनरकेन्द्रे** प्रपञ्चितमिति नेह भूयः प्रपञ्च्यते" संग्रहणीवृत्ति पत्र १०६ ॥ ૪. પં. બેચરદાસે સંભાવના વ્યક્ત કરી છે. જુઓ મલયગિરિશબ્દાનુશાસન પરિશિષ્ટ પૃ. ૩૭ ટિ. ૧, ૨.

आचार्य मलयगिरि उत्कृष्ट प्रतिभा के धनी थे । उन्होंने आगमग्रंथों पर अत्यंत महत्त्वपूर्ण टीकाएँ लिखि है । उन टीकाओं में उनका प्रकांड पांडित्य स्पष्टरूप से झलकता है । विषय की गहनता भाषा की प्रांजलता शैली की लालित्यता एवं विश्लेषण की स्पष्टता उनकी विशेषताएँ है ।

આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજય મ. કર્મગ્રન્થ(૫-૬)ની અને બૃહત્કલ્પસૂત્ર (ભા.૬ની) પ્રસ્તાવનામાં જણાવે છે કે –

"શ્રીમલયગિરિની ટીકા એટલે તેમના પૂર્વવર્ત્તી તે તે વિષયના પ્રાચીન ગ્રન્થો, ચૂર્ણી, ટીકા, ટિપ્પણ આદિ અનેક શાસ્ત્રોના દોહન ઉપરાંત પોતા તરફના તે તે વિષયને લગતા વિચારોની પરિપૂર્ણતા સમજવી જોઈએ. ગંભીરમાં ગંભીર વિષયોને ચર્ચતી વખતે પણ ભાષાની પ્રાસાદિકતા, પ્રૌઢતા અને સ્પષ્ટતામાં જરા સરખી પણ ઉણપ નજરે પડતી નથી અને વિષયની વિશદતા એટલી જ કાયમ રહે છે.

આચાર્ય મલયગિરિની ટીકા રચવાની પદ્ધતિ ટૂંકમાં આ પ્રમાણેની છે – તેઓશ્રી સૌ પહેલાં મૂલસૂત્ર, ગાથા કે શ્લોકના શબ્દાર્થની વ્યાખ્યા કરતાં જે સ્પષ્ટ કરવાનું હોય તે સાથે કહી દે છે. ત્યારપછી જે વિષયો પરત્વે વિશેષ સ્પષ્ટીકરણની આવશ્યકતા હોય ત્યાં "अयं भावः, किमुक्तं भवति, अयमाशयः, इदमत्र हृदयम्" ઇત્યાદિ લખી આખાય વક્તવ્યનો સાર કહી દે છે. આ રીતે પ્રત્યેક વિષયને સ્પષ્ટ કર્યા પછી તેને લગતા પ્રાસંગિક અને અનુપ્રાસંગિક વિષયોને ચર્ચવાનું તેમજ તદ્વિષયક અનેક પ્રાચીન પ્રમાણોનો ઉલ્લેખ કરવાનું પણ તેઓશ્રી ચુકતા નથી. એટલું જ નહિ પણ જે પ્રમાણોનો પોતે ઉલ્લેખ કર્યો હોય તેને અંગે જરૂરત જણાય ત્યાં વિષમ શબ્દોના અર્થો, વ્યાખ્યા કે ભાવાર્થ લખવાનું પણ તેઓ ભૂલતા નથી, જેથી કોઈ પણ અભ્યાસીને તેના અર્થ માટે મુઝાવું ન પડે કે ફાંફાં મારવાં ન પડે. આ કારણસર તેમજ ઉપર જણાવવામાં આવ્યું તેમ ભાષાની પ્રાસાદિકતા અને અર્થ તેમજ વિષયપ્રતિપાદન કરવાની વિશદ પદ્ધતિને લીધે આચાર્ય શ્રીમલયગિરિની ટીકાઓ અને તેમનું ટીકાકારપણું સમગ્ર જૈન સમાજમાં ખૂબ જ પ્રતિષ્ઠા પામ્યાં છે.

આચાર્ય મલયગિરિનું બહુશ્રુતપણું—આચાર્ય મલયગિરિકૃત મહાન ગ્રન્થરાશિનું અવગાહન કરતાં તેમાં જે અનેક આગમિક અને દાર્શનિક વિષયોની ચર્ચા છે, તેમજ પ્રસંગે પ્રસંગે તે તે વિષયને લગતાં જે અનેકાનેક કલ્પનાતીત શાસ્ત્રીય પ્રમાણો ટાંકેલાં છે; એ જોતાં આપણે સમજી શકીશું કે-તેઓશ્રી માત્ર જૈન વાઙ્મયનું જ જ્ઞાન ધરાવતા હતા એમ ન હોતું; પરંતુ ઉચ્ચમાં ઉચ્ચ કક્ષાના ભારતીય જૈન–જૈનેતર દાર્શનિક સાહિત્ય, જ્યોતિર્વિદ્યા, ગણિતશાસ્ત્ર, લક્ષણશાસ્ત્ર આદિને લગતા વિવિધ અને વિશિષ્ટ શાસ્ત્રીય જ્ઞાનનો વિશાળ

વારસો ધરાવનાર મહાપુરુષ હતા. તેઓશ્રીએ પોતાના ગ્રન્થોમાં જે રીતે પદાર્થોનું નિરૂપણ કર્યું છે એ તરફ આપણે સૂક્ષ્મ રીતે ધ્યાન આપીશું તો આપણને લાગશે કે એ મહાપુરુષ વિપુલ વાઙ્મયવારિધિને ઘુંટીને પી જ ગયા હતા, અને આમ કહેવામાં આપણે જરાપણ અતિશયોક્તિ નથી જ કરતા. પૂજ્ય આચાર્ય શ્રીમલયગિરિસૂરિવરમાં ભલે ગમે તેટલું વિશ્વવિદ્યાવિષયક પાંડિત્ય હો, તે છતાં તેઓશ્રી એકાન્ત નિર્વૃતિમાર્ગના ધોરી અને નિર્વૃતિમાર્ગપરાયણ હોઈ તેમને આપણે નિર્વૃત્તિમાર્ગપરાયણ જૈનધર્મની પરિભાષામાં આગમિક કે સૈદ્ધાન્તિક યુગપ્રધાન આચાર્ય તરીકે ઓળખીએ એ જ વધારે ઘટમાન વસ્તુ છે.

આચાર્ય શ્રીમલયગિરિવિરચિત જે વિશાળ ગ્રન્થરાશિ આજે આપણી નજર સામે વિદ્યમાન છે એ પોતે જ એ પ્રભાવક પુરુષના આન્તર જીવનની રેખા દોરી રહેલ છે. એ ગ્રન્થરાશિ અને તેમાં વર્ણવાયેલા પદાર્થો આપણને કહી રહ્યા છે કે—એ પ્રજ્ઞાપ્રધાન પુરુષ મહાન્ જ્ઞાનયોગી, કર્મયોગી, આત્મયોગી અગર જે માનો તે હતા. એ ગુણધામ અને પુણ્યનામ મહાપુરુષે પોતાની જાતને એટલી છૂપાવી છે કે એમના વિશાળ સાહિત્યરાશિમાં કોઈપણ ઠેકાણે એમણે પોતાને માટે "यदवापि मलयगिरिणा" એટલા સામાન્ય નામનિર્દેશ સિવાય કશું ય લખ્યું નથી. વાર વાર વંદન હો એ માન-મદવિરહિત મહાપુરુષના પાદપદ્મને !!!

આ. શ્રી મલયગિરિસૂરિજી કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિમ.ના સમકાલીન છે એ નિશ્ચિત છે. તેઓએ આવશ્યકની વૃત્તિમાં અન્યયોગવ્ય. ના ૩૦મા શ્લોકનું અવતરણ આપતા પૂર્વે 'तथा चाहुः स्तुतिषु गुरवः' એવો બહુમાનપૂર્વક ઉલ્લેખ હોવાથી વિદ્વાનો માને છે કે તેઓ ક.સ. હેમચન્દ્રસૂરિજીથી વયમાં અને પર્યાયમાં પણ નાના હશે.

આ. મલયગિરિસૂરિજીએ જો કે ગ્રન્થમાં રચનાસંવત આપ્યા નથી પરંતુ 'मलयगिरिशब्दानुशासन' માં 'ख्याते दृश्ये' સૂત્રની ટીકામાં 'अदहत् कुमारपालो आरातीन्' એ ઉદાહરણ જોતાં કુમારપાલ રાજાના રાજ્યકાળમાં વ્યાકરણની રચના કરી જણાય છે. તેઓશ્રીએ ટીકા રચનામાં જ્યાં જ્યાં વ્યાકરણના સૂત્રો આપ્યા છે. તે પોતાના શબ્દાનુશાસનના જ પ્રાયઃ આપ્યા છે. જો કે શરૂમાં આ શબ્દાનુશાસન વિષે ખ્યાલ ન હતો ત્યાં સુધી તો સંપાદકો સિદ્ધહેમ કે પાણિની વ્યા.ના સૂત્ર નંબર મુકતા હતા. પણ, કેટલાક સૂત્રો કોઈપણ વ્યાકરણમાં મળ્યા નહીં ત્યારે વિદ્વાનોને પ્રશ્ન થયો કે આ સૂત્રો ક્યાંના હશે. જ્યારે મલયગિરિશબ્દાનુશાસન મળ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે તેઓએ સ્વકીયશબ્દાનુ-

શાસનના સૂત્રો ટાંક્યા છે. અપૂર્ણ મળતાં આ 'મલયગિરિશબ્દાનુશાસન'નું સંપાદન પં. બેચરદાસજીએ કર્યું છે. લા.દ. વિદ્યામંદિર દ્વારા પ્રકાશિત થયું છે.

આ. મલયગિરિસૂરિએ રચેલી બૃહત્કલ્પની અપૂર્ણ ટીકાની પૂર્તિ કરતાં બૃહત્કલ્પની ટીકાની ઉત્થાનિકામાં આ. ક્ષેમકીર્તિસૂરિએ "शब्दानुशासनादिविश्वविद्यामयज्योतिः पुञ्जपरमाणुघटितमूर्तिभिः श्रीमलयगिरिमुनीन्द्रपादैः विवरणमुपचक्रमे ।" આ રીતે વ્યાકરણરચનાનો ઉલ્લેખ કરેલો જ છે.

આગમોની ટીકામાં કેટલાક 'પ્રાકૃતવ્યાકરણ'ના 'દેશીનામમાલા'ના અને 'ઉણાદિસૂત્ર'ના અવતરણો મળે છે. એના સંદર્ભ અન્ય વ્યાકરણાદિ ગ્રન્થોમાં નથી મળતા એટલે આ. મલયગિરિસૂરિએ 'પ્રાકૃતવ્યાકરણ', 'દેશીનામમાલા' અને 'ઉણાદિસૂત્રો' રચ્યા હોય એવી સંભાવના પં. બેચરદાસે વ્યક્ત કરી છે. જો કે આવા કોઈ ગ્રન્થો હજુ સુધી મળ્યા નથી. જુઓ 'મલયગિરિ શબ્દાનુશાસન' પરિશિષ્ટ પૃ. ૩૭, ટિ. ૧, ૨.

મુનિ પાર્શ્વરત્નસાગરજીએ આનું સંપાદન અને અનુવાદ કર્યો છે. મહાવીરવિદ્યાલય પ્રકાશિત જ્યોતિષ્કરંડક અને પ્રાકૃત ટિપ્પણનું અવલોકન કરી આ ગ્રન્થને શુદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે. જે ગાથાઓ અધિક મળી છે તે ટિપ્પણમાં છાયા સાથે આપી છે. આ.પ્ર.પુણ્યવિજયજી મ. દ્વારા સંશોધિત આ.મલયગિરિસૂરિ ટીકાનો પણ ઉપયોગ કર્યો છે. જ્યોતિષ્કરંડક મૂળ અને ટીકાના બધા પ્રુફો પ્રવર્તિની સાધ્વીશ્રી મનકશ્રીજીના પરિવારના સાધ્વીશ્રી તત્ત્વદર્શનાશ્રી સા. પરમરુચિશ્રી મા. પરમધારાશ્રી આદિએ શ્રુતભક્તિથી પ્રેરાઈને જોયા છે. ધન્યવાદ ! અધિકારી વિદ્વાનો આ ગ્રન્થનું અધ્યયન કરી આત્મકલ્યાણને વરે.

એજ મંગલ કામના.

આસો વદ અમાસ, - **આચાર્ય મુનિચન્દ્રસૂરિ.**
પ્રભુ મહાવીર નિર્વાણ કલ્યાણક દિન
અને
પૂ. ગુરુદેવમુનિરાજશ્રી જિનચન્દ્ર વિ.મ.ની
તૃતીય સ્વર્ગવાસ તિથિ.
જસવંતપુરા-૨૦૬૮

●●●

ज्योतिष्करंडक: विहंगावलोकन

जैन वाङ्मय में ज्योतिष्करंडक प्रकीर्णक की गणना आगम साहित्य में होती है। विशेष कर 84 आगमों में इसका निर्देश हुआ है। इस ग्रंथ में कालज्ञान का सारभूत विषय प्रतिपादित किया गया है। षड्द्रव्यों में एक समय स्वरूप काल को भी द्रव्य माना है। सर्वज्ञ भगवंत ने व्यवहारनय से काल की विभावना भूत-भावि और वर्तमानरूप एवं संख्यात- असंख्यात व अंतरहित-अनंत की गई है। इस प्रकरण का मूल-स्रोत सूर्यप्रज्ञप्ति उपांग है। उसी के आधार से इसका निरूपण किया गया है ऐसा इस ग्रंथ के टीकाकार श्री मलयगिरिजी ने टीका में बताया है। सूर्यप्रज्ञप्ति आदि आगम ग्रंथों में काल द्रव्य का खूब विस्तार से विवेचन किया गया है परंतु वह तीव्र बुद्धिगम्य है। इसीलिए बालजीवों को यह विषय सरल और सुबोध बने ऐसी उपकारक अभिलाषा से किसी अज्ञात श्रुतस्थविर आचार्य भगवंत ने इस प्रकरण की रचना की है।

काल ज्ञान को जानने की जिज्ञासा वाले मुमुक्षु के लिए ग्रंथकार ने इसमें काल विषयक संवत्सर प्रमाण, अधिक मासोत्पत्ति इत्यादि 21 अधिकारों में सुंदर मार्गदर्शन किया है। इस प्रकीर्णक के रचयिता वलभी परंपरा के आचार्य है ऐसा प्राचीन ग्रंथकारों ने माना है। समर्थ टीकाकार श्री मलयगिरीसूरिजी ने इस प्रकीर्णक पर पांच हजार श्लोक प्रमाण विद्वद्भोग्य टीका रची है। आचार्य श्री मलयगिरिजी टीका में बताते है कि यह कालज्ञान समास शिष्यों के विशिष्टबोध हेतु प्राचीन आचार्यों ने सूर्यप्रज्ञप्ति के आधार से तैयार किया है, परंपरा से सर्वज्ञ कथित होने के कारण यह ज्ञान विद्वानों के लिए अवश्यमेव उपादेय है। ग्रह-नक्षत्रादि ज्योतिष के चराचर भावों को बतलाने वाला यह अनुपम आगमिक ग्रंथ है। इसके अवबोध से आराधक जीव रत्नत्रयी की साधना में विशेषरूप से उपयोगवंत बनता है अतः परंपरा से मोक्षगामी होता है यह बात सुस्पष्ट है।

इस प्रकीर्णक पर आचार्य श्री मलयगिरिसूरिजी से पूर्ववर्ती महान जैनाचार्य श्री पादलिप्तसूरिजी ने भी प्राकृत भाषाबद्ध प्रौढ टीका रची थी ऐसा उल्लेख श्री मलयगिरीय टीका में प्राप्त होता है ।

गुजराती भाषा में सर्वप्रथम बार इस ग्रंथ का अनुवाद करनेवाले **मुनिराज श्री पार्श्वरत्नसागरजी महाराज** ने एक स्तुत्य प्रयास किया है अतः इनके इस अनुमोदनीय कार्य के लिए मैं खूब खूब धन्यवाद देता हूँ । गुजराती भाषा के माध्यम से अभ्यास करनेवाले पूज्य साधु-साध्वीजी एवं जिज्ञासु जन इस अनुवाद के आलंबन से स्वाध्याय का अपूर्व लाभ प्राप्त करेंगे ऐसी कामना करता हूँ ।

वर्तमान समय चूंकि सर्वश्रेष्ठ ज्ञान-विज्ञान का समय है । प्रबुद्ध नागरिकों में सर्वश्रेष्ठ ज्ञान की जबरदस्त भूख जगी है । ऐसे माहौल में श्रुतज्ञान के क्षेत्र में हमारे पूर्वाचार्यों द्वारा विरचित विशाल साहित्य विद्यमान है जो पांडुलिपियों में संगृहीत होने से संपादन-संशोधन के द्वारा प्रकाशित करने योग्य है । इस दिशा में उत्साही मुनिवरों एवं विद्वानों की प्रवृत्ति धीरे धीरे वेगवती होती जा रही है। इसी के कारण आनेवाले काल में विचारवंत-ज्ञानवंत जैन समाज का सृजन होगा ऐसा मेरा विश्वास है । इसी परिप्रेक्ष्य में श्रुतज्ञान के संरक्षण संवर्धन व आधुनिक टेकनोलोजी के जरिये जैन साहित्य विस्तारित करके ज्ञानार्जन के नये नये आयाम खोलने होंगे, जिससे विद्वानों को श्रुत संपादन के संशोधन आसानी से सुलभ हों । उनकी श्रुतसेवा की महान प्रवृत्ति को अधिक बल प्राप्त हों ।

गुजराती के इस भाषांतर का साद्यंत अवलोकन करके मुझे अत्यंत प्रसन्नता हुई । ऐसा सुंदर अनुवाद का आगम स्वाध्यायी मुनिवरों एवं विद्वान जगत में खूब आदर होगा यह निःशंक बात है । श्रुत-साहित्य के उपासक मुनिवर का यह प्रयास खूब उपयुक्त है और श्रुतप्रेमी आराधकों के लिए आनंद और सौभाग्य की बात है ।

पद्मसागरसूरि...
11-10-12
KOBA.

• • •

स्व विचारबिन्दु

"**ज्योतिषामयनं चक्षुः**" एक आर्षवाणी अनुसार **शास्त्र का नयन ज्योतिषशास्त्र** है। जिनेश्वर परमात्मा ने समस्त जीवों के आत्मकल्याण हेतु गणधर भगवंत के माध्यम से शास्त्ररूपी अमृतवाणी द्वारा अनन्त काल के लिये पथप्रदर्शक का काम किया है। आज बदलते कालचक्र में इतर शास्त्रों का सृजन, संशोधन-संपादन विशेष रूप से पाया जाता है। लोगों का झुकाव भी उस तरफ अधिक है। अनमोल मानवभवतारक जिनवचन ही हमारे लिये आत्मकल्याणकारी शास्त्र है। इसे प्राणपण से बचाने का हमारा ध्येय होना चाहिये। परंपरा से प्राप्त श्रुतसंपदा के प्रति यदि हम जागरुक न होंगे तो ये शास्त्र काल के गाल में चले जायेंगे। मुझे यह बताते हुए अत्यन्त प्रसन्नता हो रही है कि अपने गुरुजनों के पदचिह्न पर अग्रसर होते नवोदित मुनि भगवंतों का शास्त्रोद्धार के प्रति समर्पण अवश्य ही श्रुत संरक्षण व संवर्धन की दिशा में एक नया सोपान है।

तीर्थंकर परमात्मा ने मानव जीवन व्यवहारोपयोगी शास्त्रों को भी अपनी अनुपम देशना का विषय बनाकर हमारे उपर उपकार की वर्षा की है। कोई ऐसा विषय नहीं जो जिनागम में समाया न हो।

पूर्वाचार्य वल्लभीयाचार्य प्रणीत प्रस्तुत ग्रंथ सूर्यप्रज्ञप्ति पंचम उपांगसूत्र का सारांशरूप "**ज्योतिष्करंडक**" ज्योतिषशास्त्र का एक प्रामाणिक एवं प्राचीन ग्रंथ है। इसके ऊपर पूज्य आगम टीकाकार आचार्य श्री मलयगिरिसूरि म.सा. की टीका सुवर्ण में सुगंध के समान है। प्रान्तीय गुजराती भाषाभाषी के लिये गूर्जरभाषानुवादमय यह प्रकाशन एक अलौकिक आह्लाद का विषय है। ज्योतिष के जिज्ञासुओं के लिये यह अतीव उपयोगी सिद्ध होगा। इसमें वर्णित कालगणना, भौगोलिक वर्णन आदि सभी विषय अपने आप में अद्‌भुत है।

अंत में अनुवाद सर्जक मुनि श्री पार्श्वरत्नसागरजी को मंगलाशीषपूर्वक इनके कार्य की भूरि-भूरि अनुमोदना करता हूँ। चरम तीर्थपति श्रीमहावीरस्वामी भगवान इनमें इस प्रकार शक्ति व प्रवृत्ति दें, जिससे भविष्य में इनके द्वारा अधिक से अधिक प्राचीन दुर्लभ ग्रंथरत्नों का उद्धार हो।

– पू.श्री भुवनपद्मसागरजी म.सा.

• • •

ज्योतिष्करण्डकलघुक्रमः

प्राभृताङ्कः	विषयः	पृष्ठः
१.	कालप्रमाणं	७
२.	घटिकादिकालमानं	११
३.	अधिकमासनिष्पत्तिः	८०
४.	तिथिसमाप्तिः	८३
५.	अवमरात्रनिष्पत्तिः	९६
६.	चन्द्रादिसंख्या नक्षत्रसंख्यादि च	१०५
७.	चन्द्रादिविमानपरिमाणं	१२३
८.	चन्द्रादिगतिमानम्	१२६
९.	सूर्यचन्द्राणां नक्षत्रयोगः	१३३
१०.	मण्डलानां स्थानं वर्षादि जीवादि तेषां संख्यापरिधिविकम्पान्तरिकाप्रवेशादि आबाधा तद्वृद्धिः	१५३
११.	चन्द्रसूर्ययोरयनानि	२११
१२.	चन्द्रसूर्ययोरावृत्तयस्तद्दक्षाणि	२२०
१३.	मण्डलानां समाप्तिस्तत्र गतिश्च	२४४
१४.	चन्द्रसूर्ययोःऋतवस्तत्तिथयोऽवमाधिकरात्रौ नक्षत्राणि च	२५४
१५.	विषुवेषु पर्वतिथिनक्षत्रलग्नानि	२७९
१६.	व्यतिपातास्तत्करणं च	३०१
१७.	सूर्यस्य तापक्षेत्रं दृष्टिविषयता च	३१२
१८.	दिनरात्रिवृध्व्यपवृद्धी	३२७
१९.	अमावस्यापूर्णिमाकरणं युगे मण्डलसंख्या समाप्तिनक्षत्राणि	३३६
२०.	प्रणष्टपर्वजन्मर्क्षकरणे	३८७
२१.	पौरुषीवृद्धिहानिकरणं	३९३

• • •

अथ ज्योतिष्करण्डकस्य बृहद्विषयानुक्रमः

प्राभृतगाथाङ्कः	विषयः
१-५	उपक्रमः कालप्रमाणादिप्राभृता (२१) भिधेयनिर्देशः
६	ज्योतिश्चक्रस्य लोकानुभावभवत्वं, कालश्च तदुतिप्रभवः
१-९	कालस्यानन्त्यं समयोच्छ्वासप्राणस्तोकलवनालिकावर्णनम्
	प्राभृतं प्रथमं १
१०-१५	नालिकासंस्थानच्छिद्रोदकमानवर्णनं
१६-१९	मधुरतृणादिभारान्तस्वरूपम्
२०-२४	तुलामानं तत्र रेखाः (२५) नन्दीपिनद्धिका (४) स्वरूपं
२५-२७	पलादिवाहान्तमेयप्रमाणं
२८-२९	उदकस्वरूपम्
३०-३९	नालिकाहोरात्रपक्षमासवर्षानयनं
४०-४९	कर्ममासनामानि आदित्यादयो वर्षभेदाः तल्लक्षणं तन्मासवर्षदिनमुहूर्तमानं (उदकमानं)
५०-५२	युगवर्षाणि चन्द्राभिवर्धितयोरहोरात्रतौल्यमेयमानं
५३-५५	युगस्यादिर्मासपक्षदिवसरात्रिनक्षत्रमुहूर्तादिना
५६	युगे दिवसतिथीनां मानं
५७-५९	युगे आदित्यचन्द्रनक्षत्राभिवर्धितमासाः (तद्दिनमुहूर्त्ततौल्यमेयादिसंख्या)
६०-६१	आयुःकर्मास्थितीनां सूर्यसंवत्सरमेयत्वं
६२-७२	सांगपूर्वलतामहालतानलिनमहानलिनपद्ममहापद्मकमलमहाकमलकुमुदमहाकुमुदाडड-महाडडोहमहोहशीर्षप्रहेलिकान्तः कालः
७३-८९	परमाणुलक्षणं, परमाण्वाद्यष्टगुणतांगुलांते अङ्गुलपादवितस्तिहस्तधनुर्योजनमानम्, वालाग्रतदवगाहतदपहारकालपल्योपमसागरोपमादिमानं षडरक (युग्मिवर्णन)तत्कालमानं कालानन्त्यं च

प्राभृतगाथाङ्कः	विषयः
९०	युगस्याद्यन्त्ययोरुत्सर्पिण्यादेराद्यन्तौ
	प्राभृतं द्वितीयं २
९१-९३	अधिकमासस्य निष्पत्तिः
	तृतीयं प्राभृतं ३
९४-९७	कर्ममासस्य निरंशता व्यवहार्यता च, सूर्यस्य मण्डलगत्या चंद्रस्य हानिवृद्धिकृता तिथि
९८-१०६	चन्द्रज्योत्स्नाया हानिवृद्धि राहुवर्णनं तत्कृता वृध्यपवृद्धी तन्मानं तिथिस्वरूपं तन्नामानि तन्मानं तत्समाप्तिः
	चतुर्थं प्राभृतं ४
१०७-१०	परस्परापेक्षया मासेषु वृध्यपवृद्धीः चन्द्रर्तुमासांशविश्लेषेऽवमरात्रांशाः प्रतिदिवसमवमरात्रांशाः
१११-१५	तिथिहानिविधिः अवमरात्रपर्वाणि अवमरात्रतिथयः अवमरात्रसमाप्तिकरणम्
	पञ्चमं प्राभृतम् ५
११६-२५	स्थितविचारिणो ज्योतिष्काश्चन्द्राद्याः मानुषक्षेत्रद्वीपसमुद्रौ आधातकीखण्डात्, ततः प्रभृति च चन्द्रसूर्यसंख्या तत्करणं च
१२६-१४२	नक्षत्रग्रहतारकमानं, नक्षत्राणां संस्थानानि तारकसंख्या च नामानि देवता मण्डलच्छेदः सीमविष्कम्भः
	षष्ठं प्राभृतं ६
१४३-४४	चन्द्रसूर्यादिविमानपरिमाणम्
	सप्तमं प्राभृतं ७
१४५-४८	यथोत्तरं चन्द्रसूर्यनक्षत्राणि शीघ्राणि, शेषा अनियतगतयः, चन्द्रादीनां मण्डलच्छेदाश्च
	अष्टमं प्राभृतं ८
१४९-५३	अभिजिदादीनां चन्द्रेण योगकालः
१५४-६०	चन्द्रेण नक्षत्राणामादानविसर्गकरणं
१६०-७०	सूर्येण नक्षत्राणां योगकालः आदानविसर्गकरणं च
१७१	अर्धसमद्व्यर्धक्षेत्राणां सूर्येण योगे करणं
१७२-७३	नक्षत्राणां सूर्ययोगाच्चन्द्रयोगज्ञाने करणं
	नवमं प्राभृतं ९
१७३-१८५	मण्डलस्य विष्कम्भः वर्षवर्षधराः तेषां विष्कम्भो जीवाकरणं धनुःपृष्ठकरणं इषुकरणं प्रकारान्तरेण जीवाकरणं बाहाकरणं परिरयकरणं च

प्राभृतगाथाङ्कः	विषयः
१८६-८७	जम्बूद्वीपस्य परिधिः
१८८-९०	मेरोर्वर्णनं विष्कम्भकरणं च
१९१	ह्रदादिषु प्रवेशवृद्धिकरणं
१९२-९७	चन्द्रादीनां गतिरतिकता मण्डलसंख्या बाह्याभ्यन्तरमण्डलपरिधिः
१९८	चन्द्रमसः साधारणासाधारणमण्डलानि
१९९	चन्द्रान्तरे सूर्यमार्गाः $(\frac{४}{१२}\ \frac{६}{१३}\ \frac{४}{१२})$
२००	चन्द्रविकम्पे सूर्यविकम्पाः
२०१	चन्द्रसूर्यमण्डलान्तरपरिमाणम्
२०२	चन्द्रसूर्ययोर्विकम्पपरिमाणम्
२०३	चन्द्रसूर्ययोस्तिर्यगाक्रमः (५१०)
२०४	मण्डलान्तरिकानयनकरणम्
२०५-७	चन्द्रमण्डलेषु सूर्यमण्डलप्रवेशे करणम्
२०८-९	साधारणमण्डले रवेः प्रवेशो मिश्रता चन्द्रस्वातन्त्र्यं च
२१०	चन्द्रस्य मध्यसाधारणमण्डलेषु पञ्चसु भागाः
२११-२१३	अन्त्यसाधारणेषु प्रवेशभागादिः
२१४-२१६	बाह्याभ्यन्तरमण्डलयोः परस्परं सूर्याबाधा, प्रतिमण्डलं चाबाधावृद्धिः
२१७	प्रतिमण्डलं चन्द्राबाधावृद्धिः
२१८-२०	चन्द्रसूर्ययोः प्रतिमण्डलाबाधापरिरयकरणम्
	दसमं प्राभृतं १०
२२१-२५	सूर्यस्यायनसंख्याज्ञाने करणं
२२६-३०	चन्द्रस्य मण्डलानि तदयनादिकरणं च
	एकादशं प्राभृतं ११
२३१-३२	चन्द्रस्यार्कस्य चावृत्तयः (१३४-१०)
२३३-४०	सूर्यावृत्तिषु करणं तन्नक्षत्राणि तत्तिथयश्च
२४१-४७	सूर्यावृत्तिषु चन्द्रयोगनक्षत्रकरणे ध्रुवराशिः शोधनकं च
२४८-५३	सूर्यस्यावृत्तिषु श्रावणे माघे च नक्षत्राणि पुष्योत्तराषाढाविषयः चन्द्रावृत्तौ अभिजित्पुष्ययोगः
	द्वादशं प्राभृतं १२
२५४	नक्षत्रसूर्यराशिनां मंडलगतयः

प्राभृतगाथाङ्कः	विषयः
२५५-५६	नक्षत्रमण्डलसमाप्तिकालः प्रतिमण्डलं नक्षत्रगतिः
२५७	सूर्यस्य प्रतिमण्डलं गतिः
२५८-५९	चन्द्रस्य मण्डलपूर्तिकालः मुहूर्त्तगतिः
	त्रयोदशं प्राभृतं १३
२६०-२६४	सूर्यर्त्वानयनकरणं
२६५	ऋतूनां नामानि
२६६	ऋतूषु तिथिज्ञानकरणं
२६७	सूर्यर्तुषु अधिकरात्रपर्वाणि
२६८-६९	अवमरात्राधिकरात्रनिष्पत्तिस्तन्मासतिथयः
२७०-७२	ऋतुषु सूर्यस्य चन्द्रस्य च नक्षत्रयोगकरणे ध्रुवराशि-शोधनकानि
२७३-७८	चन्द्रर्तवस्तत्प्रमाणं तत्करणं तत्समाप्तिदिनकरणं तन्नक्षत्रकरणं
	चतुर्दशं प्राभृतं १४
२७९-९१	अयनमध्ये विषुवं दिनरात्रिसन्धौ विषुवे पर्वतिथिकरणचतुष्टयं पर्वसंख्यागाथा तिथिसंग्रहगाथा विषुवनक्षत्राणि विषुवसूर्यनक्षत्रगाथा विषुवलग्नसंग्रहः विषुव-निश्चयकालः
	पंचदशं प्राभृतं १५
२९२	व्यतिपातस्वरूपं फलराशिः
२९३-९४	व्यतिपाते करणं
	षोडशं प्राभृतं १६
२९५	समभूतलात् चन्द्रसूर्यतारकाणामुच्चता
२९६-९७	बाह्याभ्यन्तरमण्डलादिषु दिनरात्रिभागाः
२९८-९९	तापक्षेत्रस्यायामं प्रतिमण्डलं वृद्धिः
३००-३०३	अभ्यन्तरे बाह्ये च मण्डले मेरुसमीपेऽन्यत्र च तापक्षेत्रविष्कंभः
३०४-३०५	सूर्यस्य दृष्टिप्राप्ततताकरणं तापक्षेत्रमानं
	सप्तदशं प्राभृतं १७
३०६-३०९	दिवसरात्रेर्ध्रुवाध्रुवमुहूर्त्ताःत्रिंशन्मुहूर्त्ताऽहोरात्रस्य दिवसरात्रिहानिवृद्धौ करणं सूर्यमास-पर्यन्ते हानिवृद्धिकरणं च
३१०-११	सर्वबाह्याभ्यन्तरमण्डलयोर्दिनरात्रिमानं

प्राभृतगाथाङ्कः	विषयः
३१२-३१४	दिनरात्रिमानकरणं
	अष्टादशं प्राभृतं १८
३१५-२५	अमावास्याकरणे ध्रुवराशिः शोधनकं च
३२६-२७	पूर्णिमाकरणं
३२८	युगे चन्द्रसूर्ययोर्मण्डलसंख्या
३२९-३१	अयने पर्वाणि चन्द्रमण्डलसंख्यातद्विश्लेषः
३३२-३५	पर्वसमाप्त्ययनमण्डलकरणं
३३६-३८	पर्वसु चन्द्रनक्षत्रकरणं
३३९-४२	युगस्य पूर्वार्धे पश्चार्धे च पर्वसमाप्तिनक्षत्राणि
३४४	सूर्यमण्डले पर्वसमाप्तिकरणं
३४५-५३	पर्वसमाप्तौ सूर्यनक्षत्रकरणद्वयं पुष्यादिशोधनकानि
३५४-५७	युगपूर्वार्धे पर्वसूर्यनक्षत्राणि
३५८-६०	पर्वचरमदिवसमुहूर्त्तकरणं
	एकोनविंशतितमं प्राभृतं १९
३६१-३६५	प्रणष्टपर्वकरणं
३६६-६८	प्रणष्टजन्मनक्षत्रकरणं
	विंशतिमं प्राभृतं २०
३६९-७२	पौरुषीप्रमाणकरणं अयने क्षयवृद्धी
३७३-७५	दक्षिणोत्तरायनयोर्वृद्धिहानिमानं
३७६	पौरुषीमानेनायनज्ञानं
३७७	उपसंहारः
	एकविंशतितमं प्राभृतं २१
	इति ज्योतिष्करण्डकस्य विषयानुक्रमः
	परिशिष्ट-१
४१०-४१४	संख्यादर्शकं कोष्ठकं (ज्यो. क. अनुसारे)
	परिशिष्ट-२

● ● ●

श्रीमत्पादलिप्तसूरिरचितं

ज्योतिष्करण्डकम्

आचार्यश्रीमन्मलयगिरिकृतिवरविहितविवृतियुतम्

प्रणम्य श्रीपार्श्वममीझराख्यमशेष-तीर्थगणभृच्छ्रुतधरांश्च ।
सवृत्तिकमिदं ज्योतिष्करण्डकं-गुर्जरभाषानुबद्धं कुर्वे बालहिताय ॥ १ ॥

શ્રી અમીઝરા પાર્શ્વનાથ પરમાત્માને તેમજ સર્વ તીર્થંકર, ગણધર-શ્રુતધરોને નમસ્કાર કરીને પ્રાચીનતર કોઈક વલ્લભીઆચાર્ય દ્વારા વિરચિત તેમજ પૂજ્યપાદ શ્રીમદ્ મલયગિરિ આચાર્ય દ્વારા રચાયેલી જ્યોતિષ્કરંડક નામના ગ્રંથની જ્યોતિશ્ચક્રની ગતિવિધિ પર આધારિત વૃત્તિનો અલ્પમતિ વિનેયજનના હિત માટે સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કરું છું.

અહીં ગ્રંથનો આરંભ કરતાં પહેલાં વૃત્તિકાર બે શ્લોક દ્વારા સર્વપ્રથમ ઉપોદ્ઘાત સ્વરૂપ મંગલાચરણ કરે છે.

॥ अर्हं ॥ स्पष्टं चराचरं विश्वं, जानीते यः प्रतिक्षणम् ।
तस्मै नमो जिनेशाय, श्रीवीराय हितैषिणे ॥ १ ॥

सम्यग्गुरुपदाम्भोजपर्युपास्तिप्रसादतः ।
ज्योतिष्करण्डकं व्यक्तं, विवृणोमि यथाऽऽगमम् ॥ २ ॥[१]

---

१. अत्रानन्तरं आ. प्र. पुण्यविजयसम्पादिते महावीरविद्यालय संस्करणे गाथाषट्कमधिकं संप्राप्यते दृश्यते तच्चैवं - कातूण नमोक्कारं जिणवरवसभस्स वद्धमाणस्स । जोतिसकरंडगमिणं लीलावट्टीव लोगस्स ॥ १ ॥ कालण्णाणाभिगमं सुणह समासेण पागड महत्थं । णक्खत्त-चंद-सूरा जुगम्मि जोगं जध उवेंति ॥ २ ॥ किंचि (? कंचि) वायग वालब्भं सुतसागरपारगं दढचरित्तं । अप्पस्सुतो सुविहियं वंदिय सिरसा भणति सिस्सो ॥ ३ ॥ सज्झाय - झाण - जोगस्स धीर ! जदि वो ण कोयि उवरोधो । इच्छामि ताव सोतुं कालण्णाणं समासेणं ॥ ४ ॥ अह भणति एवभणितो उवमा-विण्णाण-णाणसंपण्णो । सो समणगंधहत्थी पडिहत्थी अण्णवादीणं ॥ ५ ॥ दिवसिय-रातिय-पक्खिय-चउमासिय-तह य-वासियाणं च । णिअयपडिक्कमणाणं सज्झायस्सावि य तदत्थे ॥ ६ ॥ Δ [एतस्य छाया एवमनुवादस्तृतीय परिशिष्टे दृष्टव्यः ।]

इह कायमनोभ्यामपीष्टदेवतानमस्कारकरणादखिलविघ्नविनायकोपशान्तिं मन्यमानो वाचनिकमभीष्टदेवतानमस्कारमकृत्वा प्रेक्षावतामसन्देहेन प्रवृत्त्यर्थं परम्परया प्रकरणस्य सर्वज्ञमूलतां ख्यापयन् प्रथमतः प्रयोजनमुद्दिशति-

ગાથાર્થ :- જે પ્રતિક્ષણ ચરાચર વિશ્વને સ્પષ્ટ રીતે જાણે છે, તેવા સર્વજનહિતકારી શ્રી વીરજિનેશને નમસ્કાર થાઓ. સુંદર રીતે ગુરુદેવના ચરણકમલોની પર્યુપાસ્તિ (સેવા)ના પ્રસાદથી હું વ્યક્ત રીતે આ જ્યોતિષ્કરંડક નામના ગ્રંથનું આગમમાં જણાવ્યા અનુસાર વિવરણ કરું છું.

टीकार्थ :- પ્રસ્તુત પ્રકીર્ણક ગ્રંથમાં આરંભ કરતા પૂર્વે મંગલ કરવું જરૂરી છે. માટે અહીં કાયા અને મનના યોગથી પણ ઈષ્ટદેવતાને નમસ્કાર કરવામાં આવે તો પણ આવનારા સકલ વિઘ્ન સમૂહો શાન્ત થઈ જાય છે એમ માનનાર ગ્રંથકાર શ્રી વચન સંબંધી અર્થાત્ વાણી દ્વારા ઈષ્ટદેવતાને નમસ્કાર કર્યા વિના વિદ્વજ્જનોની પ્રસ્તુત કાર્યમાં સંદેહરહિત પ્રવૃત્તિ થાય તે માટે પરંપરાથી આ પ્રકરણ સર્વજ્ઞકથિત છે એમ જણાવતાં પહેલાં ગ્રંથરચનાનું પ્રયોજન જણાવી રહ્યા છે :-

सुण ताव सूरपन्नत्तिवण्णणं वित्थरेण जं निउणं ।
थोरुच्चएण[1] तत्तो वोच्छं उल्लोगमेत्तागं ॥ १ ॥

अयमत्र पूर्वाचार्योपदर्शित उपोद्घातः- कोऽपि शिष्योऽल्पश्रुतः कंचिदाचार्यं पूर्वगतसूत्रार्थधारकं वालभ्यं श्रुतसागरपारगतं शिरसा प्रणम्य विज्ञपयति स्म, यथा-भगवन्! इच्छामि युष्माकं श्रुतनिधीनामन्ते यथाऽवस्थितं कालविभागं ज्ञातुमिति, तत एवमुक्ते सत्याचार्य आह-श्रुणु वत्स ! तावदवहितो येन कथयामि, अत्र श्रृण्विति क्रियापदेन श्रुतज्ञानविषय उपयोग आक्षिप्यते, श्रुतज्ञानं च मंगलं, भावनन्दिमध्ये तस्य पठितत्वात्, ततः श्रोतृणामपि समस्तविघ्नविनायकोपशमनिमित्तं मंगलमनेनाक्षिप्तमिति सिद्धा तेष्यामप्यभिलीषितार्थसिद्धिः, यत्**सूर्यप्रज्ञप्तौ** विस्तरेण **निपुणं**-निपुणमतिगम्यं काल-विभागस्य वर्णनं कृतं ततोऽहं **उल्लोकमात्रं**-यावता भवतो मनाक् कालविभागपरिज्ञानरूप आलोको भवति तावन्मात्रकं **'स्तोकोच्चयेन'** स्तोकस्योद्धरणेन वक्ष्ये । एतेन प्रकरणस्य परम्परया सर्वज्ञमूलता निवेदिता, तथाहि-सूर्यप्रज्ञप्तेरिदं प्रकरणमुद्धृतं, सूर्यप्रज्ञप्तिश्च

१. **'थोरुच्चएण' इति गंधहस्तीसूत्रे । स्थूलोच्चयेनेत्यर्थः -इति म. वि. संस्करणे ॥**

पूर्वेभ्यो विनिर्गता, पूर्वाणि च साक्षादर्थतो भगवता वर्द्धमानस्वामिनाऽभिहितानि, सूत्रतो गणधरदेवैः, ततो भवतीदं प्रकरणं परम्परया सर्वज्ञमूलं, सर्वज्ञमूलत्वाद वितथमवितथत्वाच्चावश्यमुपादेयमिति[१] ॥ इह कालविभागोऽभिधेयः, कालविभागपरिज्ञानं श्रोतृणामनन्तरं प्रयोजनं, परम्पराप्रयोजनं निःश्रेयसावाप्तिः, तथाहि-कालविभागं सम्यक् परिज्ञाय नास्य कालस्यान्तो नापि संसारे दुःखानामिति संवेगान्मोक्षाय घटते, ततस्तदवाप्तिरिति, कर्तुरनन्तरं प्रयोजनं सत्त्वानुग्रहः, परम्पराप्रयोजनं तस्यापि निःश्रेयसावाप्तिः, सत्त्वानुग्रहस्य परम्परया मोक्षावाप्तिनिबन्धनत्वात्, उक्तञ्च-

"सर्वज्ञस्योपदेशेन, यः सत्त्वानामनुग्रहम् ।
करोति बोधबाह्यानां, स प्राप्नोत्यचिराच्छिवम् ॥ १ ॥"

इह 'कालविभागोऽभिधेय' इत्युक्तं ततो यैरधिकारैः कालविभागो वक्तव्यस्तानभिधित्सुराह-

गाथार्थ :- हे वत्स ! એકાગ્ર થઈને સાંભળ, સૂર્યપ્રજ્ઞપ્તિમાં જે નિપુણ મતિગમ્ય કાલવિભાગનું વર્ણન કરેલું છે તેમાંથી થોડા ઉદાહરણ દ્વારા જેટલો માત્ર બોધ થાય તેટલું કહીશ.

टीकार्थ :- આ ઉપોદ્‌ઘાત અહીં પૂર્વાચાર્યો દ્વારા બતાવાયો છે તે :- કોઈપણ અલ્પમતિ શિષ્ય કોઈક પૂર્વગત સૂત્ર અને અર્થના ધારક, શ્રુતસાગરને પારપામેલા વલ્લભી આચાર્યને મસ્તક વડે પ્રણામ કરી વિનંતિ કરે છે, હે ભગવન્ ! હું આપ શ્રુતનિધિ પાસે યથાવસ્થિત કાળવિભાગને જાણવા ઇચ્છું છું, શિષ્યના એમ કહેવાથી આચાર્ય કહે છે :- હે વત્સ ! એકાગ્ર થઈને સાંભળ ! અહીં 'શ્રુણુ' ક્રિયાપદથી શ્રુતજ્ઞાનના વિષયમાં ઉપયોગનો આક્ષેપ કરાયો છે. શ્રુતજ્ઞાન એ મંગલ છે એવું ભાવનંદિમાં કહ્યું છે. તેથી શ્રોતાઓના પણ સમસ્ત વિઘ્નવિનાયકોના ઉપશમ માટે એના દ્વારા મંગલનો આક્ષેપ થાય છે. એટલે તેમની પણ અભિલષિત અર્થસિદ્ધિ સિદ્ધ થાય છે. જે રીતે "સૂર્યપ્રજ્ઞપ્તિ"માં નિપુણમતિગમ્ય એવા કાલવિભાગનું વિસ્તારથી વર્ણન કરાયું છે તેમાંથી હું ઉલ્લોક માત્ર - આપને કાલવિભાગનો પરિજ્ઞાનરૂપ જેટલોમાત્ર આલોક (બોધ) થાય તેટલો થોડા ઉદ્ધરણથી જણાવીશ. અર્થાત્ જેટલો જરૂરી છે તેટલો કાલવિભાગ જણાવીશ.

ગ્રંથકારશ્રી એના દ્વારા આ પ્રકરણ સર્વજ્ઞમૂલક છે એમ જણાવે છે, કારણ કે, "સૂર્યપ્રજ્ઞપ્તિ"માંથી આ પ્રકરણ ઉદ્ધૃત થયું છે અને તે પૂર્વમાંથી નીકળેલી છે, પૂર્વો

---

१. 'ञ्चश्यकमु॰ सर्वासु प्रतिषु' -इति पु. प्रे. टिप्पणे । स्थूलोच्चयेनेत्यर्थः -इति म. वि. संस्करणे ॥

અર્થથી સાક્ષાત્ ભગવાન વર્ધમાનસ્વામી દ્વારા કહેવાયેલાં છે અને સૂત્રથી ગણધરો દ્વારા. તેથી આ પ્રકરણ પરંપરાગત રીતે જોતાં સર્વજ્ઞમૂલક થાય છે એટલે જ અવિતથ છે અને અવિતથ હોવાથી અવશ્ય ઉપાદેય છે.

કોઈપણ પ્રકરણની રચનામાં ચાર વસ્તુઓ કારણભૂત હોય છે. (૧) મંગલ (૨) અભિધેય (૩) પ્રયોજન (૪) અધિકાર.

મંગલની વાત આગળ જણાવી, હવે, અભિધેય અહીં 'કાલવિભાગ' છે. કારણ કે સૂર્યપ્રજ્ઞપ્તિમાં વર્ણવેલ કાલના વિસ્તૃત વર્ણનમાંથી સંક્ષેપમાં કાળનો વિભાગ અહીં બતાવવાનો છે. ત્રીજા નંબરમાં પ્રયોજન, એ બે પ્રકારે અનંતર અને પરંપર. કાલવિભાગનું પરિજ્ઞાન એ શ્રોતાનું અનંતર પ્રયોજન છે અને નિઃશ્રેયશ (મોક્ષ)ની પ્રાપ્તિ એ પરંપર પ્રયોજન છે. કાલવિભાગને સમ્યગ્ રીતે જાણીને **"આ संसारमां કાળનો કે દુઃખોનો અંત નથી."** એમ સંવેગથી મોક્ષ માટે પ્રવૃત્ત થાય છે અને ત્યાર બાદ તેને પ્રાપ્ત કરે છે. હવે કર્તાનું અનંતર પ્રયોજન સત્ત્વાનુગ્રહ છે અને પરંપર તો તેને પણ મોક્ષપ્રાપ્તિ જ છે, કારણ કે સત્ત્વાનુગ્રહ પરંપરાએ મોક્ષનું કારણ છે, કહ્યું છે :- **"સર્વજ્ઞના ઉપદેશથી જે બોધબાહ્ય એવા સત્ત્વો ઉપર અનુગ્રહ (ઉપકાર) કરે છે તે શીઘ્રતાથી શિવ (મોક્ષ) ને પામે છે"** ॥ ૧ ॥

અહીં, 'કાલવિભાગ અભિધેય છે' એમ કહ્યું એટલે ચોથા નંબરમાં આવતા જે અધિકારો દ્વારા કાલવિભાગ કહેવાયોગ્ય છે તે એકવીશ અધિકારો આગળના ચાર શ્લોકો દ્વારા જણાવે છે.

-: કાલવિભાગના વ્યવહારથી અધિકારો :-

कालपमाणं१ माणं२ निप्फत्ती अहिगमासगस्स वि य३ ।
वोच्छामि ओमरत्तं५ पव्वतिहिणो समत्तिं च४ ॥ २ ॥

नक्खत्तपरीमाणं६ परिमाणं वा वि चंदसूराणं७ ।
नक्खत्तचंदसूराण गइं८ नक्खत्तजोगं च९ ॥ ३ ॥

मंडलविभाग१०मयणं११आउट्टी१२मंडलेमुहुत्तगई१३ ।
उउ१४विसुव१५वईवाए१६तावं१७वुड्ढिं च दिवसाणं१८ ॥४॥

अवमासपुण्णामासी१९ पणट्ठपव्वं२० च पोरिसिं२१ वावि ।
ववहारनयमएणं तं पुण सुण मे अणन्नमणो ॥ ५ ॥

इह सूर्यप्रज्ञप्तिसत्का अधिकारा एकविंशतिःउपप्राभृतविनिबद्धाः, तत्र प्रथमेऽधिकारे कालस्य-समयादेर्घटिकापर्यन्तस्य प्रमाणं वक्ष्ये, द्वितीये मानं-प्रमाणं संवत्सराणां, तृतीये-ऽधिकमासस्य निष्पत्तिं, तदनन्तरं चाल्पवक्तव्यत्वाद् गाथोक्तं क्रममुल्लंघ्य चतुर्थे पर्वतिथि-समाप्तिं वक्ष्ये, पञ्चमेऽवमरात्रं, गाथायां चान्यथानिर्देशः छन्दोवशात्, ततः षष्ठे-नक्षत्राणां संस्थानादिपरिमाणं वक्ष्यामि, सप्तमे चन्द्रसूर्यपरिमाणं अष्टमे चन्द्रसूर्य- नक्षत्राणां गतिं, नवमे नक्षत्रयोगं, दशमे जम्बूद्वीपे चन्द्रसूर्याणां मण्डलविभागम्, एकादशेऽयनं, द्वादशे आवृत्तिं, त्रयोदशे चन्द्रसूर्यनक्षत्राणां मण्डले मण्डले मुहूर्त्तगतिपरिमाणं, चतुर्दशे ऋतुपरिमाणं, पंचदशे विषुवाणि, षोडशे व्यतिपातान्, सप्तदशे तापक्षेत्रम्, अष्टादशे दिवसानां वृद्ध्यपवृद्धी, एकोनविंशतितमेऽमावास्यापौर्णमासीवक्तव्यतां, विंशतितमे प्रनष्टं पर्व, एकविंशतितमे पौरुषीं, एतांश्चैकविंशतिसंख्यानप्यर्थाधिकारान् वक्ष्ये व्यवहारनयमतेन, न निश्चयनयमतेन निश्चयनयमतेन हि कलाकलांशप्रतिकलांशगणनया परमार्थतः परमश्रुतविद एव बुध्यन्ते, न शेषाः, न च तथा कथ्यमानं श्रोतृणां अञ्जसाऽवगमपथमृच्छति, ततो व्यवहारनयमतेन योजनगव्यूतकतिपयकलाकलांशप्रविभागरूपेण वक्ष्ये, तच्च तथा मे कथयतो भवानवहितमनस्को भूत्वा श्रृणु ॥ २-५॥

ગાથાર્થ :- વ્યવહારનયમતથી 'કાળવિભાગના ૨૧ અધિકારો અનન્યમનસ્ક થઈને સાંભળ, કાળપ્રમાણ ૧, સંવત્સરોનું પ્રમાણ ૨, અધિકમાસની નિષ્પત્તિ ૩, અવમરાત્ર ૪, પર્વતિથિસમાપ્તિ ૫, નક્ષત્રપરિમાણ ૬, ચંદ્રસૂર્યનું પરિમાણ ૭, નક્ષત્ર-ચંદ્ર-સૂર્યની ગતિ ૮, નક્ષત્ર યોગ ૯, મંડલવિભાગ ૧૦, અયન ૧૧, આવૃત્તિ ૧૨, મંડલમાં મુહૂર્ત ગતિ ૧૩, ઋતુ ૧૪, વિષુવો ૧૫, વ્યતિપાતો ૧૬, તાપક્ષેત્ર ૧૭, દિવસોની વૃદ્ધિ-હાનિ ૧૮, અમાવસ્યા-પૂર્ણમાસી ૧૯, પ્રનષ્ટ પર્વ ૨૦, પૌરુષી ૨૧. ॥ ૨-૫ ॥

ટીકાર્થ :- અહીં સૂર્યપ્રજ્ઞપ્તિ સંબંધી ૨૧ અધિકારો ઉપપ્રાભૃતવિનિબદ્ધ છે. ત્યાં, પ્રથમ અધિકારમાં સમયાદિ ઘટિકાપર્યન્ત કાળનું પ્રમાણ કહીશું. બીજામાં સંવત્સરોનું

---

१. अत्र म. वि. संस्करणे शिवनन्दि वाचक टिप्पणे । 'एवमेते तेवीसं पाहुडे वण्णयिस्सामो जधक्कमं । तत्र 'पव्वसमत्ति ५ तिहिसमत्ति ६ च' एवं 'अवमासी २० पुण्णमासी २१' इति द्वौ द्वौ अधिकारौ भिन्नौ भणितौ स्तः।

પ્રમાણ, ત્રીજામાં અધિકમાસની નિષ્પત્તિ, ત્યારબાદ અલ્પવક્તવ્યતા હોવાથી ગાથામાં કહેલ ક્રમને ઉલ્લંઘીને ચોથામાં પર્વતિથિની સમાપ્તિ, પાંચમામાં અવમરાત્ર, છઠ્ઠામાં નક્ષત્રોનું સંસ્થાનાદિ પરિમાણ, સાતમામાં ચંદ્ર-સૂર્યનું પરિમાણ, આઠમામાં ચન્દ્ર-સૂર્ય-નક્ષત્રોની ગતિ, નવમામાં નક્ષત્રયોગ, દશમામાં જંબૂદ્વીપમાં ચન્દ્ર-સૂર્યોનો મંડલવિભાગ, અગિયારમામાં અયન, બારમામાં આવૃત્તિ, તેરમામાં ચન્દ્ર-સૂર્ય-નક્ષત્રોની મંડલમાં મુહૂર્તગતિ પરિમાણ, ચૌદમામાં ઋતુપરિમાણ, પંદરમામાં વિષુવો, સોળમામાં વ્યતિપાતો, સત્તરમામાં તાપક્ષેત્ર, અઢારમામાં દિવસોની વૃદ્ધિ-અપવૃદ્ધિ, ઓગણીશમામાં અમાવસ્યા-પૂર્ણિમાની વક્તવ્યતા, વીશમામાં પ્રનષ્ટ પર્વ, એકવીશમામાં પૌરુષી, વ્યવહારનયમતથી આ એકવીશે અધિકારો કહીશું નહિ કે નિશ્ચયમતથી કારણ કે નિશ્ચયનયમતથી કલાંશ - પ્રતિકલાંશની ગણનાથી પરમાર્થતઃ પરમશ્રુતવિદો જ જાણે છે. બધા નહિ, અને એ રીતે (નિશ્ચયનયમતાનુસારથી) કહેવાથી શ્રોતાઓ સરળતાથી તેનો બોધ પામી શકતા નથી. એટલે વ્યવહારનયમતથી યોજન-ગાઉ અને કેટલીક કલા-કલાંશના પ્રવિભાગ રૂપે કહીશ અને તે અવ્યવહિત-એકાગ્ર મનવાળો થઈને સાંભળ ॥ ગા. ૨ થી ૫ ॥

तदेवं निर्दिष्टा अर्थाधिकाराः, सम्प्रति 'यथोद्देशं निर्देश 'इति न्यायात् प्रथमतः कालप्रमाणरूपं प्रथममधिकारं विवक्षुरिदमाह–

लोगाणुभावजणियं जोइसचक्कं भणंति अरहंता ।
सव्वे कालविसेसा जस्स गइविसेसनिप्फन्ना ॥ ६ ॥

'**यस्य**' ज्योतिश्चक्रस्य चंद्रसूर्यनक्षत्रादिरूपस्य सम्बन्धिना गतिविशेषेण निष्पन्नाः '**सर्वे कालविशेषाः**' चन्द्रमाससूर्यमासनक्षत्रमासादिकाः तद्ज्योतिश्चक्रं **लोकानुभावजनितम्,** अनादिकालसन्ततिपतिततया शाश्वतं वेदितव्यं, नेश्वरादिकृतमिति **भणन्ति**-प्रतिपादयन्ति भगवन्तः '**अर्हन्तः**' तीर्थकराः, तीर्थकृतां च वचनमवश्यं प्रमाणयितव्यं, क्षीणसकलदोषतया तद्वचनस्य वितथार्थत्वाभावात्, उक्तंच - '**रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् । यस्य तु नैते दोषास्तस्यानृतकारणं किं स्यात् ?**' ॥ १ ॥ अपिच-युक्त्याऽपि विचार्यमाणो नेश्वरादिर्घटां प्रांचति, ततस्तदभावादपि ज्योतिश्चक्रं लोकानुभावजनितमवसेयं, यथा च युक्त्या विचार्यमाणो नेश्वरादिर्घटते तथा **तत्त्वार्थटीकादौ** विजृम्भितमिति तत एवावधार्यम् ॥ ६ ॥ तदेव लोकानुभावजानिताद् ज्योतिश्चक्रात् कालविशेषो निष्पन्न इति सामान्यतः कालस्य सम्भवं प्रतिपाद्य सम्प्रति संक्षेपतः कालस्य भेदानाचष्टे--

અધિકારોનો નિર્દેશ કર્યા પછી હવે, 'ઉદ્દેશાનુસાર નિર્દેશ હોય છે' એ ન્યાયને અનુસરી 'કાલપ્રમાણ' રૂપ પ્રથમ અધિકારનું વર્ણન કરે છે-

ગાથાર્થ :- જેના સર્વકાલવિશેષો ગતિવિશેષથી બનેલા છે તે જ્યોતિશ્ચક્રને અરિહંત ભગવંતો લોકાનુભાવજનિત કહે છે.

ટીકાર્થ :- જેના સૂર્યચંદ્ર-નક્ષત્રાદિ સંબંધી ગતિવિશેષથી બનેલા સર્વ ચન્દ્રમાસ-સૂર્યમાસ-નક્ષત્રમાસાદિક કાલવિશેષો છે તે જ્યોતિશ્ચક્ર લોકાનુભાવ જનિત છે. અર્થાત્ અનાદિકાળ સંતતિપતિત-અનાદિકાળથી ચાલ્યું આવતું હોઈ શાશ્વત જાણવું, તે ઈશ્વરદિકૃત નથી એમ ભગવાન અરિહંતો-તીર્થંકરો જણાવે છે અને તીર્થંકરોનું વચન પ્રમાણ માનવું યોગ્ય છે, એમના સકલદોષો ક્ષીણ થઈ ચૂક્યા હોવાથી તેમના વચનમાં અસત્યઅર્થતાનો અસત્ય પ્રતિપાદનનો અભાવ હોય છે. કહ્યું છે :- **'રાગથી કે દ્વેષથી અથવા મોહથી જ અસત્યવાક્ય બોલાય છે. પરંતુ જેનામાં આ એકેય દોષો નથી તેને અસત્યનું કારણ શું હોઈ શકે ?** ॥ ૧ ॥ અને યુક્તિથી વિચારીએ તો પણ આ ઈશ્વરાદિ ઘટતો નથી, તેથી તેના (ઈશ્વર કર્તૃત્વના) અભાવે પણ આ જ્યોતિશ્ચક્ર, લોકાનુભાવ જનિત છે એમ જાણવું. યુક્તિથી વિચારતાં પણ આ ઈશ્વરાદિ જે રીતે ઘટતો નથી તેની વિસ્તૃત ચર્ચા "તત્ત્વાર્થટીકાદિ"માંથી જાણવી. ॥ ૬ ॥

આ જ લોકાનુભાવજનિત જ્યોતિશ્ચક્રથી કાળ વિશેષ બનેલો છે એટલે સામાન્યથી કાળનો સંભવ જણાવીને હવે, સંક્ષેપથી કાળના ભેદો જણાવે છે.

• • •

૧. આ 'ઈશ્વર કર્તૃત્વ નિરાકરણ'નો અધિકાર અન્ય ગ્રંથોમાંથી સમજવો. અહીં, ગ્રંથ ગૌરવના ભયથી વધુ વિસ્તાર કર્યો નથી.

અધિકાર પહેલો - કાળ પ્રમાણ

૧. કાળના ભેદોની પ્રરૂપણા - (સંક્ષેપથી)

संखेवेण उ कालो अणागयातीतवट्टमाणो य ।
संखेज्जमसंखेज्जो अणंतकालो य निद्दिट्ठो ॥ ७ ॥

कालः सङ्क्षेपतस्त्रिधा, तद्यथा-अनागतोऽतीतो वर्त्तमानश्च, तत्र यो विवक्षितं वर्त्तमानसमयमवधीकृत्य भावी समयराशिः स सर्वोऽपि कालोऽनागतः, यस्तु तमेव विवक्षितं वर्त्तमानं समयमवधीकृत्य भूतवान् समयराशिः सोऽतीतः, यस्तु वर्त्तते समयः स कालो वर्त्तमानः, तदेवमित्थं संक्षेपतः कालस्य त्रैविध्यं प्रतिपाद्य संप्रति प्रकारान्तरेण सङ्क्षेपत एव कालस्य त्रैविध्यमाह- '**संखेज्जे**' त्यादि, त्रिविधः कालो भगवद्भिः-तीर्थकरगणधरैर्निर्दिष्टस्तद्यथा-सङ्ख्येयोऽसङ्ख्येयोऽनन्तश्च, तत्र समयादिः शीर्षप्रहेलिकापर्यन्तः सङ्ख्येयः, असङ्ख्येयः पल्योपमादिकः, अनन्तः अनन्तोत्सर्पिण्यवसर्पिण्यादिकः ॥ ७ ॥ तत्र प्रथमतः सङ्ख्येयंकालं विवक्षुरिदमाह–

ગાથાર્થ :- સંક્ષેપથી કાળ અનાગત - અતીત - વર્તમાન અને સંખ્યાત-અસંખ્યાત-અનંત કહેવાયો છે.

ટીકાર્થ :- કાળ સંક્ષેપથી ત્રણ પ્રકારે છે - અનાગત, અતીત અને વર્તમાન, ત્યાં જે વિવક્ષિત વર્તમાન સમયને આશ્રયીને રહેનારો ભવિષ્યકાલિન સમયરાશિ તે સર્વકાળ અનાગતકાળ છે. જે વિવક્ષિત વર્તમાન સમયને આશ્રયીને રહેલો ભૂતકાલિન સમય રાશિ તે સર્વકાળ અતીતકાળ છે. જે સમય વર્તે છે તે વર્તમાનકાળ કહેવાય છે. આ રીતે સંક્ષેપથી કાળની ત્રિવિધતા જણાવીને હવે અન્ય પ્રકારે સંક્ષેપથી જ કાળની ત્રિવિધતા

કહે છે. સંખ્યાત - અસંખ્યાત અને અનંત એમ ત્રણ પ્રકારનો કાળ તીર્થંકર-ગણધરો એ નિર્દેશ કર્યો છે. ત્યાં સમયથી-શીર્ષપ્રહેલિકા સુધીનો જે કાળ તે- સંખ્યેય કાળ, પલ્યોપમાદિ કાળ તે અસંખ્યકાળ અને અનંતોત્સર્પિણી - અવસર્પિણી આદિકાળ તે અનંતકાળ છે.

ત્યાં સૌપ્રથમ સંખ્યેયકાળની વિવક્ષા કરે છે—

(૧) સંખ્યેયકાળ - નાલિકા પ્રમાણ

कालो परमनिरुद्धो अविभज्जो तं तु जाण समयं तु ।
समया य असंखेज्जा हवइ हु उस्सासनिस्सासो ॥ ८ ॥

उस्सासो निस्सासो य दोऽवि पाणुत्ति भन्नए एक्को ।
पाणा य सत्त थोवा थोवावि य सत्त लवमाहु ॥ ९ ॥

अट्ठतीसं तु लवा अद्ध लवो चेव नालिया होइ ।

यः कालः **'परमनिरुद्धः'** परमनिकृष्टः, एतदेव व्याचष्टे-**'अविभज्यः'** विभक्तुमशक्यः, किमुक्तं भवति ?-यस्य भूयोऽपि विभागः कर्तुं न शक्यते स कालः परमनिरुद्धः, तमित्थम्भूतं परमनिरुद्धं कालविशेषं समयं जानीहि, स च समयो दुरधिगमः, तं हि भगवन्तः केवलिनोऽपि साक्षात् केवलज्ञानेन विदन्ति, न तु शृङ्गग्राहिकया परेभ्यो निर्देष्टुं शक्नुवन्ति, निर्देशो हि प्रथमतः कायप्रयोगेण भाषाद्रव्याण्यादाय पश्चाद्वाक्पर्याप्तिकरणप्रयोगतो विधीयते, ततो यावत्समय इत्येतावन्त्यक्षराण्युच्चार्यन्ते तावदसङ्ख्येयाः समयाः समतिक्रामन्तीति न साक्षाद्विनिर्लुठितरूपतया निर्देष्टुं शक्यते, इत्थम्भूताः समया असङ्ख्येया एक उच्छवासनिःश्वासो भवति, किमुक्तं भवति ? -अनन्तरोक्तस्वरूपाः समया जघन्ययुक्तासङ्ख्यातकप्रमाणा एकाऽऽवलिका, सङ्ख्येयाऽऽवलिका एक उच्छवासः तावत्प्रमाण एवैको निःश्वासः, तयोश्चायं भेदः- उर्ध्वंगमनस्वभाव उच्छ्वासः अधोगमनस्वभावो निःश्वासः ॥ ८ ॥ पुरुषस्य शारीरिकबलोपेतस्यानुपहतकरणग्रामस्य नीरुजस्य प्रशस्ते यौवने वर्त्तमानस्यानाकुलचेतसो य एकः उच्छ्वासः सङ्ख्येयावलिकाप्रमाणो यश्चैको निःश्वासः सङ्ख्यातावलिकाप्रमाण एव तौ द्वावपि समुदितावेकः प्राणो भण्यते, प्राणो नाम कालविशेषः, एतदुक्तं भवति-यथोक्तपुरुषगतोच्छ्वासनिःश्वासप्रमितः कालविशेषः प्राण इति,

यच्च पुरुषस्य शारीरिकबलोपेतादिविशेषणकलापोपादानं तदन्यथाभूतपुरुषसम्बन्धिनावुच्छ्वासनिःश्वासौ न प्राणरूपकालविशेषप्रमितिहेतू भवत इति प्रतिपत्त्यर्थं, ते च प्राणाः 'सप्त' सप्तसङ्ख्या एकः स्तोकः, स्तोकानपि च सप्त सङ्ख्यानेकं लवमाहुः पूर्वसूच्यः ॥ ९ ॥ तेऽपि च लवा अष्टात्रिंशत्-अष्टात्रिंशत्सङ्ख्याः, अर्धलवश्च अर्द्धं लवस्य अर्द्धलवः **"समे अंशेऽर्ध"** मिति समासश्च चेवशब्दः समुच्चये एका नालिका भवति, सार्द्धाष्टात्रिंशल्लवाः समुदिता एका नालिका भवतीत्यर्थः ॥

॥ इति श्रीमलयगिरिविरचितायां ज्योतिष्करण्डकटीकायां
कालप्रमाणनामा प्रथमोऽधिकारः समाप्तः ॥

ગાથાર્થ :- પરમનિરુદ્ધ, અવિભાજ્ય જે કાળ તેને સમય જાણ. એવા અસંખ્યેય સમયોથી એક ઉચ્છ્વાસ-નિઃશ્વાસ થાય છે, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ દ્વારા એક પ્રાણ થાય છે. સાત પ્રાણોનો એક સ્તોક થાય છે અને સાત સ્તોકનો એક લવ કહેવાય છે. આવા સાડા આડત્રીશ લવોની એક નાલિકા થાય છે.

ટીકાર્થ :- જે પરમનિરુદ્ધ અર્થાત્ પરમનિકૃષ્ટ કાળ તે સમય તે કેવો હોય છે ? અવિભાજ્ય - જેનો ફરીથી વિભાગ ન કરી શકાય તે કાળ પરમનિરુદ્ધ કાળ. આવા પ્રકારનો જે કાળ તેને સમય જાણ. તે સમય દુરધિગમ્ય છે, સાક્ષાત્ કેવલજ્ઞાન દ્વારા કેવલી ભગવંતો જેને જાણે છે પરંતુ શિંગડુ પકડાવવાના ન્યાયથી અન્યને નિર્દેશ કરી શકતા નથી. અર્થાત્ શિંગડુ પકડાવીને અન્યને કહે કે જો આ શિંગડું કહેવાય એમ સમયને પકડીને જણાવી શકાતો નથી. કારણ કે નિર્દેશ સૌપ્રથમ કાયપ્રયોગથી ભાષા દ્રવ્યોને ગ્રહણ કરીને પછી વચનપર્યાપ્તિના કરણયોગ દ્વારા ઉચ્ચારણ કરાય છે તેથી 'સમય' એટલા અક્ષરોનું ઉચ્ચારણ થાય તેટલામાં અસંખ્યેય સમયો પસાર થઈ જાય છે એટલે બતાવવા દ્વારા સાક્ષાત્ તેનો નિર્દેશ શક્ય નથી. આવા અસંખ્યેય સમયોનો એક ઉચ્છ્વાસ-નિઃશ્વાસ થાય છે. આવા જઘન્યયુક્તાસંખ્યાતપ્રમાણ સમયોની એક આવલિકા, સંખ્યેયઆવલિકાનો એક ઉચ્છ્વાસ અને તેટલા પ્રમાણનો એક નિઃશ્વાસ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસમાં આટલો ભેદ છે- ઉપર જવાના સ્વભાવવાળો તે ઉચ્છ્વાસ અને નીચે જવાના સ્વભાવવાળો નિઃશ્વાસ કહેવાય છે. ॥ ૮ ॥

શારીરિક બળથી યુક્ત, પ્રતિપૂર્ણ ઇન્દ્રિયગ્રામવાળા, નિરોગી, પ્રશસ્તયુવાનીમાં વર્તમાન, મનની આકુળતા રહિત પુરુષનો જે એક ઉચ્છ્વાસ-નિઃશ્વાસ (અસંખ્યેય આવલિકા પ્રમાણ) તે બંને મળીને એક પ્રાણ થાય છે. અર્થાત્ યથોક્ત પુરુષનો ઉચ્છ્વાસ-નિઃશ્વાસ પ્રમાણ કાળવિશેષ તે પ્રાણ અને યથોક્ત વિશેષણ વિનાના પુરુષનો ઉચ્છ્વાસ-નિઃશ્વાસ પ્રાણરૂપકાળવિશેષના પ્રમાણમાં હેતુ બનતો નથી.

તે ૭ પ્રાણો = ૧ સ્તોક અને ૭ સ્તોકનો એક લવ થાય છે. આવા ૩૮॥ લવોની એક નાલિકા થાય છે. ॥ ૯ ॥

॥ શ્રીમલયગિરિવિરચિત જ્યોતિષ્કરંડકવૃત્તિમાં
કાલપ્રમાણ નામનો પ્રથમાધિકાર સાનુવાદ પૂર્ણ થયો. ॥

• • •

અધિકાર બીજો - ઘટિકાદિનું પ્રમાણ

तदेवमुक्तं कालप्रमाणं, सम्प्रति मानं घटिकादीनां वक्तव्यं, तत्र प्रथमतो नालिकायाः संस्थानादि विवक्षुराह–

तीसे पुण संठाणं छिड्डुं उदगं च वोच्छामि ॥ १० ॥

'तीसे' इति पञ्चार्धं, तस्याः पुनर्नालिकायाः **'संस्थानम्'** आकृतिं तथा **'छिद्रम्'** विवरमधोभागे येनोदकं नालिकामध्ये प्रविशति उदकं च यादृग्भूतं छिद्रेण प्रविशद् नालिकायां भूत्वा यथोक्तनालिकारूपकालविशेषपरिमाणहेतुर्भवति तादृग्भूतं वक्ष्यामि ॥ १० ॥ तत्र प्रतिज्ञातमेव निर्वाहयितुकामः प्रथमतः संस्थानप्ररूपणां छिद्रप्रमाणवक्तव्यतोपक्षेपं च कुर्वन्नाह–

પ્રથમ અધિકારમાં કાલપ્રમાણ જણાવ્યું હવે, ઘટિકાદિનું માન-પ્રમાણ નામનો અધિકાર જણાવે છે. ત્યાં સૌપ્રથમ નાલિકા જેની કાળપ્રમાણમાં વાત થઈ એના સંસ્થાનાદિની વિવક્ષા ઉત્તરાર્ધથી કરે છે.

નાલિકાનું સ્વરૂપ-

ગાથાર્થ :- અને તેના - નાલિકાના સંસ્થાન-છિદ્ર અને ઉદક (નાલિકામાં પાણી ભરવામાં આવે છે જે છીદ્ર વાટે યોગ્ય પ્રમાણાનુસાર વહે છે.) ને જણાવીશું.

ટીકાર્થ :- આગળ દશમા શ્લોકના પૂર્વાર્ધ સુધી નાલિકા સુધીનું પ્રમાણ જણાવીને હવે તે નાલિકાનું સ્વરૂપ જણાવે છે. તે નાલિકાનું સંસ્થાન - આકૃતિ, છિદ્ર-નીચેના ભાગમાં કાણું જેનાથી ઉદક (પાણી) નાલિકામાં પ્રવેશે છે અને ઉદક (પાણી) જેટલું છિદ્રથી પ્રવેશતું નાલિકામાં થઈને યથોકત નાલિકારૂપ કાળ વિશેષના પરિમાણમાં હેતુ બને છે અર્થાત્ એટલા સમયમાં નાલિકા-ઘટિકા પ્રમાણ કાળ પૂરો થાય છે, તેટલું જણાવીશું ॥ ૧૦ ॥

ત્યાં પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવાની ઇચ્છાથી પ્રથમ સંસ્થાન પ્રરૂપણા અને છિદ્રના પ્રમાણની વક્તવ્યતાનો ઉપક્ષેપ કરતાં કહે છે-

दालिमपुप्फागारा लोहमयी नालिगा उ कायव्वा ।
तीसे तलंमि छिड्डुं छिड्डुपमाणं च मे सुणह ॥ ११ ॥

'**दालिमे**'त्यादि, 'नालिका' घटिका लोहमयी कर्त्तव्या, सा च संस्थानमधिकृत्य दाडिमपुष्पाकारा कर्त्तव्या, दाडिमपुष्पस्येवाकारः-संस्थानं यस्याः सा तथा, तस्याश्चैवम्भूताया नालिकाया स्तले-अधस्ताच्छिद्रं कर्त्तव्यं, तस्य च छिद्रस्य प्रमाणं पूर्वसूरिपरम्परागतं कथयतो मे-मम शृणुत ॥ ११ ॥ छिद्रप्रमाणमेव कथयति-

गाथार्थ :- દાડમના પુષ્પના આકારની લોહમયી નાલિકા કરવી. તેના તલમાં (તળિયે) છિદ્ર કરવું, હવે તું છિદ્ર પ્રમાણ સાંભળ.

દાડમના પુષ્પના આકારની લોહમયી નાલિકા-ઘટિકા કરવી તે નાલિકાના તળમાં નીચેના ભાગે છિદ્ર કરવું. તે છિદ્રનું પરિમાણ - પ્રમાણ પૂર્વસૂરિની પરંપરાથી આવેલું હું કહું છું તે સાંભળો ॥૧૧॥

છિદ્રનું પ્રમાણ :-

छन्नउयमूलवालेहिं तिवरिसजायाए गयकुमारीए ।
उज्जुकयपिंडिएहि उ कायव्वं नाडियाछिद्दं ॥ १२ ॥

अहवा दुवरिसजायाए गयकुमारीएँ पुच्छवालेहिं ।
बिहिं बिहिं गुणेहिं तेहि उ कायव्वं नाडियाछिद्दं ॥ १३ ॥

अहवा सुवण्णमासेहिं चउहिं चतुरंगुला कया सूई ।
नालियतलंमि तीए उ कायव्वं नालियाछिद्दं ॥ १४ ॥

एवं छिद्दपमाणं धरिमं मेज्जं च मे निसामेह ।
एत्तो उदगपमाणं वोच्छं उदगं च जं भणियं ॥ १५ ॥

'**छन्नउये**'त्यादि, '**त्रिवर्षजातायाः**' त्रीणि वर्षाणि जातायाः त्रिवर्षजाता '**कालो द्विगौ च मेयै**'रिति तत्पुरुषसमासः तस्या गजकुमार्याः षण्णवतिसङ्ख्यैर्मूलवालैः-पुच्छमूलवालैः '**ऋज्वीकृतपिण्डितैः** 'ऊर्ध्वमृज्वीकृत्यैकत्र मीलितैर्नालिकाया अधस्तात्तले

छिद्रं कर्त्तव्यं, किमुक्तं भवति ?-ऊर्ध्वमृजूकृता गजकुमार्याः षण्णवतिसङ्ख्याः पुच्छमूलवाला एकत्र पिण्डिता यावत्प्रमाणे छिद्रे परिपूर्णा मान्ति न चापान्तरालं सूक्ष्ममपि भवति तावत्प्रमाणं नालिकाया अधस्तात् मूले छिद्रम् कर्त्तव्यमिति ॥१२ ॥ प्रकारान्तेण छिद्रप्रमाणमाह–'**अहवे**' त्यादि, '**अथवे**'ति प्रकारान्तरता द्योतने गजकुमार्या द्विवर्षजातायाः '**तैः**' प्रागुक्तसङ्ख्याकैः षण्णवत्येत्यर्थः पुच्छवालैः प्रत्येकं द्वाभ्यां द्वाभ्यां '**गुणैः**' गुण्यन्ते स्म गुणा गुणिता इत्यर्थः तैः, किमुक्तं भवति ?-षण्णवति संख्यैर्द्विगुणितैर्नालिकाया अधस्तले छिद्रं कर्त्तव्यमिति, भावार्थःप्राग्वदवगन्तव्यः ॥ १३ ॥ भूयः प्रकारान्तरेण छिद्रप्रमाणमेवाह- '**अहवे**' त्यादि, अथवेति पूर्ववत् '**सुवर्णमाषैः**' वक्ष्यमाणप्रमाणैः **चतुर्भिः**-चतुःसंख्यैश्चतुरंगुलप्रमाणा या कृता सूची तया सूच्या नालिकाया अधस्तात्तले '**नालिकाछिद्रं**' नालिकारूपकालविशेषप्रमितये छिद्रं कर्त्तव्यं किमुक्तं भवति ?-यावत्प्रमाणे छिद्रे यथोक्तप्रमाणा सूचिः प्रविशति न च मनागप्यपान्तरालं भवति तावत्प्रमाणं छिद्रं कर्त्तव्यमिति ॥१४॥ '**एवम्**' उक्तेन प्रकारेण नालिकायाः छिद्रप्रमाणमभिहितमिति शेषः, सम्प्रति '**धरिमं**' धरिमप्रमाणं तुलाप्रमाणमित्यर्थः '**मेयं च**' मेयप्रमाणं च, येन मेयं मीयते तन्मे यथोक्तमुपवर्णयतः '**निशमयत**' आकर्णयत, ततः '**इतः**' धरिमप्रमाणमेयप्रमाण-कथनादनन्तरं धरिमप्रमाणेन मेयप्रमाणेन च यदुदकप्रमाणं पूर्वाचार्यैर्भणितं '**यच्च**' यादृग्भूतं च नालिकायोग्यमुदकं तदहं वक्ष्यामि ॥ १५ ॥ तत्र प्रथमतो धरिमप्रमाणमाह-

ગાથાર્થ :- ત્રણ વર્ષની થયેલી ગજકુમારીના છન્નુ (૯૬) સરળ કરીને એકઠા-પિંડ કરેલા મૂળવાળો દ્વારા નાલિકાછિદ્ર કરવું. અથવા ૨ વર્ષની થયેલી ગજકુમારીના તે બમણા-બમણા (અર્થાત્ એકસો બાણુ) પૂચ્છના વાળો દ્વારા નાલિકા છિદ્ર કરવું, અથવા ચાર માસા સુવર્ણ દ્વારા ચાર આંગળની સૂચિ-સોય કરવી નાલિકાના તલે તેનાથી નાલિકા છિદ્ર કરવું. આટલું છિદ્રનું પ્રમાણ છે. હવે હું ધરિમ અને મેય પ્રમાણ કહું છું તે સાંભળો. હવે પછી ઉદક પ્રમાણ કહીશ અને ઉદક જેવું કહ્યું છે તે કહીશ.

ટીકાર્થ :- ત્રણ વર્ષની વયની થયેલી ગજકુમારી-હાથણીની પૂંછડીના મૂળના વાળોને સીધા કરી એને ભેગા કરી નાલિકાના નીચેના ભાગે તે વાળોના પિંડના માપનું છિદ્ર કરવું. અર્થાત્ સરળ-સીધા કરેલા ત્રણ વર્ષની ઉંમરની હાથણી-ગજકુમારીના પૂંછડીના મૂળના છન્નુ (૯૬) વાળ એકસ્થાને પિંડ કરી જેટલા પ્રમાણના છિદ્રમાં પરિપૂર્ણ સમાઈ જાય અને વચ્ચે સૂક્ષ્મજગ્યા પણ ન રહે તેટલું નાલિકાના નીચે છિદ્ર કરવું ॥૧૨॥

અન્ય પ્રકારે - અથવા, બે વર્ષની ઉંમરની ગજકુમારીના તે છન્નુ પુચ્છવાળોને બમણા-બમણા કરીને અર્થાત્ છન્નુને બે વડે ગુણીને એકસો બાણુ વાળોના પિંડ દ્વારા નાલિકા છિદ્ર કરવું. અર્થાત્, તે ૧૯૨ વાળોના પિંડની જેટલી જાડાઈ થાય તેટલું છિદ્ર કરવું. ॥૧૩ ॥ ફરીથી અન્ય પ્રકારે છિદ્ર બતાવે છે અથવા પૂર્વની જેમ કહેવાતા ચાર પ્રમાણ સુવર્ણમાસા દ્વારા ચાર આંગળ પ્રમાણ સૂચી (સોય) કરવી તેટલા પ્રમાણ જાડાઈવાળી સોયથી નાલિકાની નીચે નાલિકા છિદ્ર કરવું, અર્થાત્ જેટલા પ્રમાણના છિદ્રમાં યથોકત પ્રમાણવાળી સૂચિ પ્રવેશે અને જરાય અંતરાલ ન રહે તેટલું છિદ્ર કરવું. ॥ ૧૪ ॥

આ પ્રમાણે ત્રણ પ્રકારે નાલિકાનું છિદ્રપ્રમાણ જણાવ્યું. હવે, ધરિમપ્રમાણ-તુલાપ્રમાણ અને મેય પ્રમાણ જેનાથી મેય વસ્તુ મપાય તેનું વર્ણન કરતા મને સાંભળો. ત્યારપછી, અર્થાત્ ધરિમપ્રમાણ અને મેયપ્રમાણ કહ્યા પછી ધરિમપ્રમાણ અને મેયપ્રમાણથી નાલિકામાં ભરવા યોગ્ય જે ઉદકપ્રમાણ પૂર્વાચાર્યોએ કહ્યું છે અને જેવું નાલિકાયોગ્ય ઉદક છે અર્થાત્ નાલિકામાં ભરવા માટે કેવા પ્રકારનું ઉદક લેવું તે હું કહીશ. ॥ ૧૫ ॥

-: धरिमप्रमाण :-

પ્રથમ ધરિમપ્રમાણ કહે છે-

चत्तारि मधुरगतणप्फलाणि सो सेयसासवो एक्को ।
सोलस य सासवा पुण हवंति मासप्फलं एक्कं ॥ १६ ॥

दो चेव धन्नमासप्फलाणि गुंजाफलं हवइ एक्कं ।
गुंजाफलाणि दोन्नि उ रूप्पियमासो हवइ एक्को ॥ १७ ॥

सोलस रुप्पियमासा एक्को धरणो हवेज्ज संखित्तो ।
अड्ढाइज्जा धरणा य सुवण्णो सो य पुण करिसो ॥ १८ ॥

करिसा चत्तारि पलं पलाणि पुण अद्धतेरस उ पत्थो ।
भारो य तुला वीसं एस विही होइ धरिमस्स ॥ १९ ॥

चत्वारि मधुरतृणफलानि-मधुरतृणतन्दुलाः, स मेयविषये सकलजगत्प्रसिद्ध एकः श्वेतसर्षपो भवति, षोडश च श्वेतसर्षपा एकं 'माषफल' धान्यमाषफलं, द्वे धान्यमाषफले

एकं भवति गुञ्जाफलं, द्वे च गुञ्जाफले एको रूप्यमाष, कर्ममास इत्यर्थः, षोडश च रूप्यमाषका एकं धरणं, अर्धतृतीयानि धरणान्येकः सुवर्णः, स एव चैकः सुवर्णः कर्ष इत्युच्यते, चत्वारः कर्षाः पलं, अर्द्धत्रयोदश पलानि' सार्धानि द्वादश पलानि प्रस्थः, पलशतिका तुला, विंशतिस्तुला भारः 'एषः' पूर्वाचार्यप्रदर्शितो धरिमप्रमाणविषयो विधिः ॥ १९ ॥ तदेवमुक्तो धरिमप्रमाणविषयो विधिः, सम्प्रति तुलामानमाह–

ગાથાર્થ :- ચાર મધુરતૃણતન્દુલોનો એક શ્વેતસરસવ થાય છે, સોળ સરસવોનુ એક ધાન્ય માસ ફળ થાય છે, બે ધાન્ય માસ ફળોનું (અડદ) એક ગુંજાફળ (ચણોઠી) થાય છે બે ગુંજાફળોનો એક રૂપ્યમાસ થાય છે, સોળ રૂપ્યમાસનો એક ધરણ થાય છે. અઢી ધરણોનો એક સુવર્ણકર્ષ થાય છે. ચાર કર્ષનો એક પલ થાય છે. સાડા બાર પલનો એક પ્રસ્થ થાય છે વીશ તુલાનો એક ભાર થાય છે આ ધરિમનો વિધિ થાય છે.

ગાથાર્થ :- ચાર મધુરતૃણ ફળો - મધુરતૃણ તંદુલોનો મેય વિષયમાં સકલજગત્ પ્રસિદ્ધ એક શ્વેતસરસવ થાય છે સોળ સરસવોનો એક ધાન્યમાસ ફળ (અડદ) થાય છે. બે ધાન્યમાસ ફલોનું એક ગુંજાફળ (ચણોઠી), બે ગુંજાફળનો એક રૂપ્યમાસ-કર્મમાસ થાય છે. સોળ રૂપ્યમાસનો એક ધરણ, અઢી ધરણનો એક સુવર્ણમાસ, તે જ એક કર્ષ પણ કહેવાય છે. ચાર કર્ષોનું એક પલ, સાડા બાર પલોનો એક પ્રસ્થ, સો પલની એક તુલા, વીશ તુલાનો એક ભાર થાય છે. આ ધરિમપ્રમાણના વિષયનો વિધિ પૂર્વાચાર્યો એ જણાવ્યો છે.

સ્થાપના કોષ્ટક

૪ તન્દુલ	૧ સરસવ	૨ ૧/૨ ધરણ	૧ સુવર્ણ/ સુવર્ણકર્ષ
૧૬ સરસવ	૧ માસ ફળ (અડદ)	૪ સુવર્ણ/કર્ષ	૧ પલ
૨ માસફળ	૧ ગુંજા (ચણોઠી)	૧૨ ૧/૨ પલ	૧ પ્રસ્થ
૨ ગુંજા	૧ રૂપ્યમાસ/કર્મમાસ	૧૦૦ પલ	૧ તુલા
૧૬ રુપ્યમાસા	૧ ધરણ	૨૦ તુલા	૧ ભાર

આ રીતે ધરિમપરિમાણનો વિધિ કહ્યો હવે, તુલામાન બતાવે છે.

तुलमान-प्रमाण

पणतीस लोहपलिया वट्ट बावत्तरंगुला दीहा ।
पंचपलधरणगस्स य समायकरणे तुला होइ ॥ २० ॥

सव्वग्गेण तुलाए लेहाओ पण्णवीसई होंति ।
चत्तारि य लेहाओ जाओ नंदीपिणद्धाओ ॥ २१ ॥

समकरणि अद्धकरिसा तत्तो करिसुत्तरा य चत्तारि ।
तत्तो पलुत्तराओ जाव य दसगोत्ति लेहाओ ॥ २२ ॥

बारस पन्नरस वीसगे य एत्तो दसुत्तरा अट्ठ ।
एवं सव्वसमासो लेहाणं पन्नवीसं तु ॥ २३ ॥

पंचसु पन्नारसगे तीसगपन्नासगे य लेहाओ ।
नंदीपिणद्धिकाओ सेसाओ उज्जुलेहाओ ॥ २४ ॥

सुगालितानां पञ्चत्रिंशत्संख्यानां लोहपलानामत्यर्थं घनैः कुट्टनेन निर्मापिता '**वृत्ता**' सुवृत्ता, विषमोन्नतिहीनेत्यर्थः, द्वासप्तत्यंगुलदीर्घा '**पंचपलधरणगस्स य**' त्ति ध्रियते येन तद्धरणं धरणमेव धरणकं, येन धृत्वा तोल्यते तदित्यर्थः तस्य प्रमाणं पञ्च पलानि कर्त्तव्यानि, ततः समायकरणे-धरणके तुलायां संयोजिते सति यत्र प्रदेशे तुला ध्रियमाणा समा भवति नैकस्मिन्नपि पक्षेऽग्रतः पृष्ठतो वा नता उन्नता वा भवति तत्र प्रदेशे '**समायकरणे**' समतासमागमपरिज्ञाननिमित्तरेखाकरणे तुला परिपूर्णा भवति, तस्यां चैवंभूतायां तुलायां समकरणीं रेखामपहाय शेषा रेखाः पञ्चविंशतिर्भवन्ति ॥ २० ॥ तथा चाह– '**सव्वे**' त्यादि, तुलायां तोल्यपरिमाणसूचिकाः '**सर्वाग्रेण**' सर्वसंख्यया रेखाः पञ्चविंशतिर्भवन्ति, तासां च पञ्चविंशतिसंख्यानां रेखाणां मध्ये या रेखाः '**नन्दीपिनद्धा**' फुल्लिकायुक्तास्ताश्चतस्रो वेदितव्याः ॥ २१ ॥ तत्र पञ्चविंशतिमेव रेखाः प्ररूपयति- '**समे**' त्यादि, तुलायां प्रथमा रेखा तावत्समकरणी भवति, यत्र प्रदेशे धरणकसहिता तुला ध्रियमाणा समा भवति तत्र प्रदेशे समतापरिज्ञानार्थमेका रेखा भवतीत्यर्थः, सा पंचविंशतिसंख्यागणने न गण्यते, तस्याः समतापरिज्ञाननिमित्ततया तोल्यवस्तुपरिमाणे-

ऽनुपयोगात्, ततः प्रथमा रेखा 'अर्द्धकर्षा' अर्द्धकर्षरूपपरिमाणसूचिका भवति, ततः 'कर्षोत्तराः' कर्षाद्येकैककर्षवृद्धिसूचिकाश्चतस्रो रेखा भवन्ति, तद्यथा-द्वितीया कर्षरूप-परिमाणसूचिका तृतीया द्विकर्षसूचिका चतुर्थी त्रिकर्षसूचिका पंचमी चतुःकर्षसूचिका, पलसूचिकेत्यर्थः, '**तत्तो**' इत्यादि, ततः- पंचमरेखाया ऊर्ध्वं रेखाः 'पलोत्तराः' एकैकपलवृद्धिसूचिकास्तावदवसेया यावद्दशकमिति-दशपलसूचिका रेखा, तद्यथा-षष्ठी रेखा द्विपलसूचिका सप्तमी त्रिपलसूचिका अष्टमी चतुष्पलसूचिका नवमी पंचपलसूचिका दशमी षट्पलसूचिका एकादशी सप्तपलसूचिका द्वादश्यष्टपलसूचिका त्रयोदशी नवपलसूचिका चतुर्दशी दशपलसूचिका '**बारसे**' त्यादि ततः पंचदशी रेखा द्वादशपलसूचिका षोडशी पंचदशपलसूचिका सप्तदशी विंशतिपलसूचिका '**एत्तोदसुत्तरा अट्ठ**' त्ति अत ऊर्ध्वमष्टौ रेखाः 'दशोत्तराः' दशकवृद्ध्या पलपरिमाणसूचिकाः, तद्यथा-अष्टादशी रेखा त्रिंशत्पलसूचिका एकोनविंशतितमा चत्वारिंशत्पलसूचिका विंशतितमा पंचाशत्पलसूचिका एकविंशतितमा षष्टिपलसूचिका द्वाविंशतितमा सप्ततिपलसूचिका त्रयोविंशतितमाऽशीतिपलसूचिका चतुर्विंशतितमा नवतिपलसूचिका पंचविंशतितमा पलशतसूचिका, शतिके काण्डे पंचविंशतितमा रेखा भवतीत्यर्थः, 'एवम्' उक्तेन प्रकारेण रेखाणां 'सर्वसमासः' सर्वसंक्षेपः सर्वसंख्येत्यर्थः पंचविंशतिरिति ॥ २२-२३ ॥ यदुक्तं पंचविंशतिरेखाणां मध्ये चतस्रो रेखा नन्दीपिनद्धिका इति तद् व्याचिख्यासुराह– 'पंचे' त्यादि, पंचसु पंचदशसु त्रिंशति पंचाशति च या रेखास्ता नन्दीपिनद्धिकाः, किमुक्तं भवति ?-पंचपलपरिमाणसूचिका पंचदशपलपरिमाणसूचिका त्रिंशत्पलपरिमाणसूचिका पंचाशत्पलपरिमाणसूचिका, एताश्चतस्रो रेखाः फुल्लडिकायुक्ताः, शेषा एकविंशतिसंख्या ऋजवः ॥ २४ ॥ तदेवमुक्तं तुलास्वरूपं, सम्प्रति मेयप्रमाणमाह–

ગાથાર્થ :- બહોંતેર આંગળ લાંબી, પાંત્રીશ લોહપલોની, ગોળ અને પાંચપલધરણના સમાય કરણમાં તુલા થાય છે. ॥૨૦ ॥ સર્વાગ્રથી તુલામાં પચ્ચીશ રેખાઓ હોય છે, ચાર નંદિ પિનદ્ધ રેખાઓ હોય છે. ॥ ૨૧ ॥ તેમાં સમકરણી, અધકર્ષની ત્યારબાદ એક-એક કર્ષની ઉત્તરોત્તર ચાર રેખાઓ, પછી એક-એક પલની દશ પલ સુધીની રેખાઓ હોય છે. ॥ ૨૨ ॥ બાર, પંદર, વીશ ત્યાંથી દશોત્તરા આઠ રેખાઓ એ રીતે સર્વ મળીને પચ્ચીશ રેખાઓ હોય છે. પાંચ, પંદર, ત્રીસ અને પચાશ

પલની નંદિપિનદ્ધ (ફૂદડીવાળી) રેખાઓ અને બીજી બધી સરળ (સીધી) રેખાઓ હોય છે. ॥ ૨૨-૨૪ ॥

ટીકાર્થ :- સારી રીતે ગાળેલા અને ઘન કરેલા લોહની, ગોળ, પાંત્રીશપલની, બહોંતેર આંગળ લાંબી તુલા કરવી. તથા, ધરણ કે જેનાથી તુલાને ધારણ કરીને વસ્તુ તોળાય એવી પાંચ પલ માપના ધરણથી તુલા જોડવી અર્થાત્ તુલાના મધ્યભાગમાં તુલાને પકડવા માટેનો ધરણ લગાવવો. અને ત્યારબાદ તુલામાં ધરણ જોડતાં જે પ્રદેશમાં ધરાયેલી તુલા સમ થાય છે એકેય બાજુ આગળ થી કે પાછળથી ઊંચી-નીચી ન થાય તે પ્રદેશમાં સમતાના સમાગમના પરિજ્ઞાન માટે અર્થાત્ જે પ્રદેશથી તુલા ધારણ કરાયેલી બંને બાજુ સમાન થયેલી છે તે સ્થાનને અંકિત કરવા માટે રેખા કરતાં તુલા પરિપૂર્ણ થાય છે. આ તુલામાં સમકરણી (મધ્ય) રેખા કે જેના પર ધરણ લગાવેલો છે તે રેખા સિવાયની પચ્ચીશ રેખાઓ હોય છે. ॥ ૨૦ ॥

સર્વ મળીને કુલ પચ્ચીશ રેખાઓ હોય છે અને એમાં વચ્ચે ચાર ફૂદડીયુક્ત (❋) નંદિપિનદ્ધ રેખાઓ જાણવી. ॥ ૨૧ ॥

પચ્ચીશરેખા આ રીતે થાય છે. તુલામાં પ્રથમ રેખા 'સમકરણી' તે પચ્ચીશમાં ગણાતી નથી કારણ કે, સમતાના પરિજ્ઞાન માટે હોવાથી તોલ્ય વસ્તુના પરિમાણમાં ઉપયોગી નથી. ત્યારબાદ પ્રથમ રેખા અર્ધકર્ષનું પરિણામ સૂચવનારી, પછી એક-એક કર્ષની વૃદ્ધિ બતાવનારી ચાર રેખાઓ, તે આ રીતે બીજી રેખા એક કર્ષ પરિમાણ સૂચિકા, ત્રીજી બે કર્ષ સૂચિકા, ચોથી ત્રણ કર્ષ સૂચિકા, પાંચમી ચાર કર્ષ સૂચિકા-પલ સૂચિકા છે. ત્યારબાદ, એક-એક પલની વૃદ્ધિ સૂચિકા - દશપલની સૂચિકા સુધી જાણવી, છઠ્ઠી-બે પલ, સાતમી - ત્રણ પલ, આઠમી-ચાર પલ, નવમી-પાંચ પલ, દશમી-છ પલ, અગિયારમી - સાત પલ, બારમી - આઠ પલ, તેરમી - નવ પલ, ચૌદમી - દશ પલ.

પંદરમી-બાર પલ, સોળમી-પંદર પલ, સત્તરમી-વીશ પલ એના પછી આઠ રેખાઓ દશ-દશ પલની, અઢારમી-ત્રીશ પલ, ઓગણીશમી - ચાલીશ પલ, વીશમી - પચાશ પલ, એકવીસમી - સાઠ પલ, બાવીશમી - સિત્તેર પલ, ત્રેવીશમી - એંશી પલ, ચોવીશમી - નેવું પલ અને પચ્ચીશમી - સો પલની સૂચિકા રેખાઓ હોય છે. આ પ્રમાણે સર્વ મળીને પચ્ચીશ રેખાઓ થાય છે. ॥ ૨૨-૨૩ ॥

સ્થાપના કોષ્ટક

૦ રેખા	સમકરણી	૧૩ ”	૯ ”
૧ રેખા	૦॥ કર્ષની	૧૪ ”	૧૦ ”
૨ ”	૧ કર્ષની	૧૫ ”	૧૨ ”
૩ ”	૨ કર્ષની	૧૬ ”★	૧૫ ”
૪ ”	૩ કર્ષની	૧૭ ”	૨૦ ”
૫ ”	૪ કર્ષની(૧ પલ)	૧૮ ”★	૩૦ ”
૬ ”	૨ પલની	૧૯ ”	૪૦ ”
૭ ”	૩ પલની	૨૦ ”★	૫૦ ”
૮ ”	૪ ”	૨૧ ”	૬૦ ”
૯ ”★	૫ ”	૨૨ ”	૭૦ ”
૧૦ ”	૬ ”	૨૩ ”	૮૦ ”
૧૧ ”	૭ ”	૨૪ ”	૯૦ ”
૧૨ ”	૮ ”	૨૫ ”	૧૦૦ ”

પચ્ચીશ રેખાઓની વચ્ચે ★-ફૂદડીવાળી ચાર નંદિપિનદ્ધ રેખાઓ છે બાકીની એકવીશ રેખાઓ ऋજુ (સીધી) છે. ॥ ૨૪ ॥

તુલાનું સ્વરૂપ કહ્યું હવે મેય પ્રમાણ જણાવે છે :

-: મેય પ્રમાણ :-

तिन्नि उ पलाणि कुलवो करिसऽद्धं चेव होइ बोद्धव्वो ।
चत्तारि चेव कुलवा पत्थो पुण मागहो होइ ॥ २५ ॥

चउपत्थमाढगं पुण चत्तारि य आढगाणि दोणो उ ।
सोलस दोणा खारी खारीओ वीसई वाहो ॥ २६ ॥

इह कुलवो मागधदेशप्रसिद्धो यदा धरिमप्रमाणेन मातुमिष्यते तदा स त्रीणि पलानि एकस्य च कर्षस्य-पलचतुर्भागरूपस्यार्द्धं बोद्धव्यः, चत्वारश्च कुडवा एकत्र पिण्डिता एकः प्रस्थो मागधो भवति, सोऽपि च धरिमप्रमाणचिन्तायां सार्द्धानि द्वादश पलान्यवगन्तव्यः । **'चउपत्थ'** मित्यादि, चत्वारः प्रस्थाः समाहृताश्चतुष्प्रस्थसमुदायमेकमाढकं गणितज्ञा वदन्ति, तत्रापि तोल्यत्वचिन्तायां पञ्चाशत्पलान्यवसेयानि, चत्वारः पुनराढकाः समुदिता एको द्रोणः, तत्रापि च द्रोणे पलपरिमाणचिन्तायां द्वे पलशते वेदितव्ये, षोडश च द्रोणा एकत्र समुदिता एका खारी, तस्यां च खार्यां पलानि द्वात्रिंशच्छतानि भवन्ति, विंशतिश्च खार्य एकत्र पिण्डिता एको वाहः, तस्मिंश्च वाहे धरिमप्रमाणचिंतायां चतुःषष्टिपलानां सहस्राणां संख्या ॥ २५-२६ ॥ सम्प्रति प्रस्तुतवक्तव्यतोपसंहारं वक्ष्यमाणवक्तव्यतोपक्षेपं च कुर्व्वन्नाह–

ગાથાર્થ :- ત્રણ પલને અડધા કર્ષનો એક કુડવ જાણવો એવા ચાર કુડવનો માગધ સંબંધી પ્રસ્થ થાય છે. ચાર પ્રસ્થનો એક આઢક અને ચાર આઢકનો એક દ્રોણ, સોળ દ્રોણની એક ખારી અને વીશ ખારીનો એક વાહ થાય છે. ॥ ૨૫-૨૬ ॥

ટીકાર્થ :- અહીં કુડવ-માગધ દેશમાં પ્રસિદ્ધ એક માપ, જ્યારે ધરિમ પરિમાણથી માપવા ઇચ્છીએ ત્યારે તે ત્રણ પલ અને એક કર્ષ (પલનો ચોથો ભાગ)નો અડધો સમજવો અર્થાત્ અડધો કર્ષ. (૩$^{૧}/_{૨}$ પલ) ચાર કુડવનો એક માગધપ્રસ્થ થાય છે. ધરિમપ્રમાણથી સાડા બાર પલ. ચાર પ્રસ્થનો એક આઢક થાય છે. તોલ્યપ્રમાણથી પચાશ પલ, ચાર આઢકોનો એક દ્રોણ - બસો પલ, સોળ દ્રોણની એક ખારી જે બત્રીશસો પલ થાય છે. વીસ ખારીનો એક વાહ - ધરિમપ્રમાણથી ચોસઠ હજાર પલ થાય છે.

કોષ્ટક

મેય પરિમાણ	ધરિમ પરિમાણ
૪ કુડવ - ૧ પ્રસ્થ	૧૨ ૧/૨ પલ
૪ પ્રસ્થ - ૧ આઢક	૫૦ પલ
૪ આઢક - ૧ દ્રોણ	૨૦૦ પલ
૧૬ દ્રોણ - ૧ ખારી	૩૨૦૦ પલ
૨૦ ખારી - ૧ વાહ	૬૪૦૦૦ પલ

૧. ધરિમ પ્રમાણ અને તોલ્ય પ્રમાણ એકાર્થક છે.

હવે પ્રસ્તુત વક્તવ્યતાનો ઉપસંહાર અને આગળની વક્તવ્યતાનો પ્રારંભ કરતાં કહે છે-

धरिमस्स य मेयस्स य एस विही नालिगाए उदगस्स ।
उद्देसे उवइट्ठं उदगपमाणं अओ वोच्छं ॥ २७ ॥

'धरिमस्य' तोल्यस्य 'मेयस्य' कुडवादिप्रमेयस्य 'एषः' अनन्तरोक्तो विधिः, सम्प्रति नालिकाया उदकस्य विषये यत्प्राक् 'उद्देशे' उद्देशविधौ उपदिष्टं यथोदकप्रमाणं वक्ष्ये इति तदत ऊर्ध्वं वक्ष्य इति ॥ २७ ॥ प्रतिज्ञातमेव निर्वाहयति–

ગાથાર્થ :- ધરિમ અને મેયનો આ વિધિ નાલિકાના ઉદકનો ઉદ્દેશમાં કહ્યો હવે ઉદક પ્રમાણ કહીશું.

ટીકાર્થ :- ધરિમ - તોલ્ય અને મેય-કુડવાદિપ્રમેયનો આ વિધિ છે, હવે, નાલિકાના ઉદકના વિષયમાં જે પહેલાં ઉદ્દેશવિધિમાં ઉદકપ્રમાણ કહ્યું હતું તે હવે પછી કહીશું.

પ્રતિજ્ઞાનો નિર્વાહ કરતાં કહે છે :-

-: ઉદકનું નાલિકામાં પ્રમાણ :-

उदगस्स नालियाए हवंति दो आढगा उ परिमाणं ।
उदगं च इच्छियव्वं जारिसगं तं च वोच्छामि ॥ २८ ॥

एयस्स उ परिकम्मं कायव्वं दूसपट्टपरिपूतं ।
मेहोदयं पसन्नं सारइयं वा गिरिनईणं ॥ २९ ॥

बे नालिया मुहुत्तो सट्ठिं पुण नालिया अहोरत्तो ।
पन्नरस अहोरत्ता पक्खो तीसं दिणा मासो ॥ ३० ॥[१]

संवच्छरो उ बारस मासो पक्खा य ते चउव्वीसं ।
तिन्नेव सया सट्ठा हवंति राइंदियाणं तु ॥ ३१ ॥

---

१. इत अग्रे एका गाथा म. वि. संस्करणे अधिकाऽस्ति- [अस्याः छाया एवमनुवादस्तृतीये परिशिष्टे दृष्टव्यौ ।]
गणिमेण य धरिमेण य मेज्जेण य वण्णितो अहोत्तो । एत्तो उड्ढं वाच्छं जुगम्मि संवच्छरमाणं ॥ ३७ ॥

इय एस कमो भणिओ नियमा संवच्छरस्स कम्मस्स ।
कम्मोत्ति सावणोत्ति य उउत्ति य तस्स नामाणि ॥ ३२ ॥

'उदे'त्यादि, यावत्प्रमाणच्छिद्रेण प्रविष्टेन नालिका परिपूर्णा भवति, तावत्प्रमाणस्य नालिकोदकस्य मेयप्रमाणचिन्तायां द्वावाढकौ परिमाणं भवति, धरिमप्रमाणचिन्तायां पुनः पलशतं, उदकमपि च नालिकायोग्यं यादृशमीप्सितव्यं 'तच्च' तादृशं च तदुदकं वक्ष्यामि, ॥ २८ ॥ तदेवाह- '**एये**' त्यादि, 'एतस्य' नालिकायोग्यस्योदकस्य प्रथमं परिकर्म्मैतद् द्रष्टव्यं-यदुत दूष्यपट्टगालितं कर्त्तव्यं, अथवा यत्स्वभावत एव 'मेघोदकं' मेघेषु वर्षत्सु यत्कस्मिन्निर्लेपे शुभे स्थाने ध्रियते तन्मेघोदकं तद्वा नालिकायोग्यं ग्रहीतव्यं, यदिवा यद् गिरिनदीनां जलं 'शारदं' शरत्कालभावि प्रसन्नं तदिति ॥ २९ ॥ तदेवं नालिकायोग्यमुदकं नालिकोदकपरिमाणं चाभिधाय सम्प्रति मुहूर्त्तादिप्रमाणमाह– '**बेनाली**' त्यादि, द्वे 'नालिके' घटिके समुदिते एको मुहूर्त्तः, स च धरिमप्रमाणचिन्तायां द्वे पलशते मेयप्रमाणचिन्तायां चत्वार आढकाः, षष्टिः पुनः 'नालिकाः' घटिकाः समुदिता एकोऽहोरात्रः त्रिंशन्मुहूर्त्ता एकोऽहोरात्रमित्यर्थः, तत्र च मेयप्रमाणचिंतायां विंशत्युत्तरमाढकशतं धरिमप्रमाणचिंतायां षट् पलसहस्राणि, तानि यदि भारीकृत्य चिंत्यन्ते तदा त्रयो भारा भवन्ति, पंचदशाहोरात्रा एकः पक्षः, स च मेयप्रमाणचिंतायामष्टादशाढकशतानि धरिमप्रमाणचिंतायां पंचचत्वारिंशद्भाराः, तथा त्रिंशद् 'दिनानि' अहोरात्रा एको मासः, स च धरिमप्रमाणचिंतायां नवतिर्भाराः मेयप्रमाणचिन्तायां षट्त्रिंशदाढकशतानि ॥ ३० ॥ '**संवच्छरे**' त्यादि, ते अनन्तरोक्तप्रमाणा मासा द्वादशसंख्या एकः संवत्सरो भवति, ते च द्वादश मासाः पक्षतया चिंत्यमानाश्चतुर्विंशतिः पक्षा भवन्ति, रात्रिंदिवसतया चिंत्यमानास्त्रीणि शतानि षष्टानि-षष्ट्यधिकानि भवन्ति 'रात्रिंदिवानाम्' अहोरात्राणां, एष च संवत्सरो यदा मेयरूपतया चिंत्यते तदा शतद्वयाधिकानि त्रिचत्वारिंशत्सहस्राण्याढकानां भवन्ति ४३२००, तोल्यरूपतया तु चिंत्यमानो भाराणामेकं सहस्रमशीत्यधिकं १०८०, एष च संवत्सरो लोके कर्मसंवत्सर इति ऋतुसंवत्सर इति च प्रसिद्धिं गतः, तथाहि- लौकिकास्त्रिंशतमहोरात्रान् मासं परिगणयंति, इत्थम्भूतमासद्वयात्मकं च वसन्तादिकमृतुं, तथाभूतानां च षण्णां वसन्तादीनामृतूनां समुदायं संवत्सरं, यानि च लोके कर्माणि प्रवर्त्तते तानि सर्वाण्यमुं संवत्सरमधिकृत्येत्येष कर्मसंवत्सरः सावनसंवत्सर ऋतुसंवत्सर इति ख्यातः ॥३१॥ तथा चाह- 'इये' त्यादि, 'एष' पूर्वोक्तक्रमो 'भणितः' ज्ञातव्यो नियमात् 'कर्मणः'

कर्मनाम्नसंवत्सरस्य, तस्य चैवंरूपस्य संवत्सरस्यामूनि नामानि, तद्यथा- 'कर्मे' ति कर्म-लौकिको व्यवहारस्तत्प्रधानतः संवत्सरोऽप्युपचारात्कर्म, **'सावणो'** त्ति सवनं-कर्मसु प्रेरणं 'षू प्रेरणे' इति वचनात् तत्र भव एष संवत्सर इति सावनः, ऋतुः लोकप्रसिद्धो वसन्तादिस्तत्प्रधान एष संवत्सर इत्युपचाराद् ऋतुः ॥ ३२ ॥ संप्रति संवत्सरप्रस्तावात् शेषसंवत्सरप्ररूपणार्थमाह–

गाथार्थ :- नालिकामां उदकनुं प्रमाण बे आढक जेटलुं होय छे. उदक जेवुं ईच्छित छे तेवुं आगळ जणावीशुं. आ उदकनुं कपडाथी गाळीने परिकर्म करवुं अथवा तो जे स्वभावथी ज मेघोदक छे अथवा शारद संबंधि प्रसन्न गिरि नदीनुं जल छे ते लेवुं ॥ २८-२९॥ बे नालिकानो एक मुहूर्त, साठ नालिकानो अहोरात्र, पंदर अहोरात्रीनो पक्ष, त्रीश दिवसनो मास, बार मासनो संवत्सर जेमां पक्ष चोवीश होय छे अने त्रणसो साईठ रात्रि दिवसो होय छे. आ क्रम नियमा कर्मसंवत्सरनो कह्यो छे, तेना कर्म - सावन - ऋतु वगेरे नामो छे. ॥ ३०-३२ ॥

टीकार्थ :- छिद्रथी प्रवेशेला जेटला प्रमाण उदकथी नालिका परिपूर्ण थाय छे तेटला प्रमाण नालिका उदक मेय प्रमाणथी २ आढक प्रमाण थाय छे तेमज धरिम-तोल प्रमाणथी १०० पल थाय छे अने नालिका योग्य जेवा उदकनी जરૂર छे तेवुं जणावीशुं. ॥ २८ ॥ नालिका माटे योग्य उदकनुं परिकर्म आ रीते करवुं. नालिका माटे जे उदक लेवानुं छे तेने सौप्रथम कपडाथी गाळवुं अथवा जे स्वभावथी ज वरसता वरसादमां निर्लेप, शुभ स्थानमां पाणी धारण करी रखाय छे ते 'मेघोदक' वरसादनुं पाणी, नालिका योग्य ग्रहण करवुं अथवा शरदकाळ संबंधि गिरि नदीनुं (निर्मळ) उदक ग्रहण करवुं. ॥ २९ ॥ नालिका माटे योग्य उदक अने तेनुं प्रमाण जणावी हवे मुहूर्तादिनुं प्रमाण जणावे छे.

मुहूर्तादिनुं प्रमाण-

बे नालिका भेगी करतां एक मुहूर्त थाय छे तेनुं धरिमप्रमाण २०० पल अने मेयप्रमाण चार आढक थाय छे. ६० नालिका - घटिकाथी १ अहोरात्र एटले के त्रीश मुहूर्तनो १ अहोरात्र थाय छे तेनुं मेय प्रमाण १२० आढक तथा धरिम प्रमाण - ६००० पल/३ भार थाय छे. १५ अहोरात्रनो एक पक्ष थाय छे तेनुं धरिम प्रमाण - ४५ भार अने मेय प्रमाण - १८०० आढक थाय छे. ३० अहोरात्रनो १ मास थाय छे तेनुं धरिमप्रमाण - ९० भार, मेय प्रमाण ३६०० आढक थाय छे. ॥ ३० ॥

એક સંવત્સરમાં ૧૨ માસ, ૨૪ પક્ષ અને ૩૬૬ અહોરાત્ર હોય છે. તેનું મેય પ્રમાણ - ૪૩૨૦૦ આઢક અને તોલ્ય પ્રમાણ ૧૦૮૦ ભાર થાય છે. લોકમાં તે કર્મસંવત્સર - ઋતુ સંવત્સર તરીકે પ્રસિદ્ધ છે. લોકમાં ૩૦ અહોરાત્રનો માસ ગણાય છે, બે માસની વસન્તાદિ ૧ ઋતુ અને ૬ ઋતુનો સમુદાય એટલે સંવત્સર. લોકમાં જે કર્મો પ્રવર્તે છે તે બધા આ સંવત્સરને આશ્રયીને છે, તે સાવન સંવત્સર કે ઋતુ સંવત્સર તરીકે પણ પ્રખ્યાત છે. ॥ ૩૦-૩૧ ॥

સ્થાપના કોષ્ટક

નલિકાદિ	મુહૂર્તદિનું પ્રમાણ	ધરિમ પ્રમાણ	મેય પ્રમાણ
૨ નલિકા-(ઘટિકા)	૧ મુહૂર્ત	૨૦૦ પલ	૪ આઢક
૬૦ "	૧ અહોરાત્ર	૬૦૦૦ પલ/૩ભાર	૧૨૦ આઢક
૧૫ અહોરાત્ર	૧ પક્ષ	૪૫ ભાર	૧૮૦૦ આઢક
૩૦ "	૧ માસ	૯૦ ભાર	૩૬૦૦ "
૧૨ માસ	૧ સંવત્સર	૧૦૮૦ "	૪૩૨૦૦ "

આ પૂર્વોક્તક્રમ નિયમા કર્મ સંવત્સરનો જાણવો, એ સંવત્સરના નામો કર્મ - લૌકિક વ્યવહારમાં પ્રધાન સંવત્સર હોવાથી ઉપચારથી કર્મ સંવત્સર, સાવન - સવવનનો અર્થ છે કર્મમાં પ્રેરણા 'सू-प्रेरणेति' सू-ધાતુ પ્રેરણા અર્થમાં વપરાય છે. એનાથી થતું સંવત્સર સાવન સંવત્સર ઋતુ - લોકપ્રસિદ્ધ વસંતાદિ ઋતુ અને એનો સંવત્સર ઉપચારથી ઋતુ સંવત્સર કહેવાય છે. ॥૩૨॥

સંવત્સરોની પ્રરૂપણા

અહીં, કર્મ સંવત્સરની પ્રરૂપણા કર્યા પછી હવે, સંવત્સરના પ્રસ્તાવથી શેષ સંવત્સરોની પ્રરૂપણા કરે છે.

आइच्चो उडु चंदो रिक्खो अभिवड्ढिओ य पंचेए ।
संवच्छरा जिणमए जुगस्स माणे विधीयंते ॥ ३३ ॥

'जिनमते' જિનશાસને પંચૈતે સંવત્સરાः પ્રરૂપ્યન્તે, તદ્યથા-'आइच्चो' त्ति પદૈકદેશે પદસમુદાયોપચારાદ્ આદિત્યસંવત્સર ઋતુસંવત્સરશ્ચન્દ્રસંવત્સરો નક્ષત્રસંવત્સરોઽભિવર્દ્ધિતસંવત્સર

इति, एते पंचापि संवत्सरा युगस्य 'माने' प्रमाणे विधीयन्ते, वक्ष्यमाणसूर्यसंवत्सर-पंचात्मकयुगचिंतायामेते उपयुज्यन्त इत्यर्थः, यथा चैते तत्रोपयुज्यन्ते तथाऽग्रे युगमास-परिमाणचिंतायां भावयिष्यामः ॥ ३३ ॥ सम्प्रत्यमूनेव सौर्यादीन् संवत्सरान् प्रतिपादयति-

गाथार्थ :- આદિત્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર, અભિવર્ધિત આ પાંચ સંવત્સરો જિનમતમાં યુગના પ્રમાણમાં હોય છે.

टीकार्थ :- જિનશાસનમાં આ પાંચ સંવત્સરોની પ્રરૂપણા છે - (૧) આદિત્ય સંવત્સર (૨) ઋતુ સંવત્સર (૩) ચંદ્ર સંવત્સર (૪) નક્ષત્ર સંવત્સર (૫) અભિવર્ધિત સંવત્સર. આ પાંચે સંવત્સરો યુગના પ્રમાણમાં હોય છે અને આગળ કહેવાતા સૂર્યાદિ પાંચ સંવત્સરો સંબંધી યુગની વિચારણામાં આ ઉપયોગી થાય છે અને જે રીતે ત્યાં એ ઉપયોગી થાય છે તે આગળ યુગમાસ પ્રમાણની વિચારણામાં ભાવના કરીશું. ॥ ૩૩ ॥ હવે, આ જ સૌર્યાદિ સંવત્સરોની પ્રરૂપણા કરે છે.

छप्पि उऊ परियट्टा एसो संवच्छरो उ आइच्चो ।
पुव्वं भणिओ कम्मो एत्तो चंदं पवुच्छामि ॥ ३४ ॥

पुण्णिमपरियट्टा पुण बारस संवच्छरो हवइ चंदो ।
नक्खत्तविंदजोगो बारसगुणिओ उ नक्खत्तो ॥ ३५ ॥

तेरस य चंदमासा एसो अभिवड्ढिओ उ नायव्वो ।
[१]मासाणं तु पमाणं वोच्छं सव्वेसिं वासाणं ॥ ३६ ॥

[२]आइच्चो खलु मासो तीसं अद्धं च सावणो तीसा ।
चंदो एगुणतीसं बिसट्ठिभागा य बत्तीसा ॥ ३७ ॥

नक्खत्तो खलु मासो सत्तावीसं भवे अहोरत्ता ।
अंसा य एक्कवीसं सत्तट्ठिकएण छेएणं ॥ ३८ ॥

अभिवड्ढिओ उ मासो एक्कत्तीसं भवे अहोरत्ता ।
भागसयमेगवीसं चउवीसएण छेएणं ॥ ३९ ॥

---

१. म. वि. संस्करणे ज्योतिष्करण्डके पुनरेषः पाठ उपलभ्यते - 'एतेसिं तु पमाणं वोच्छमि जहक्कमं होति ॥ ४३ ॥ २. इत आरभ्य तिस्रो गाथा म. वि. संस्करणे ज्योतिष्करण्डके ६२-६३-६४ गाथात्वेनस्थापिताः सन्ति । अत्रत्य क्रमाणुसारेण लिखिता न सन्ति ।

षडपि प्रावृडादय ऋतवो यदा परिपूर्णाः आवृत्ता भवन्ति तदा स आदित्यसंवत्सरो भवति, यद्यपि च लोके षष्ट्यहोरात्रप्रमाणः प्रावृडादिक ऋतुः प्रसिद्धस्तथाऽपि परमार्थतः स एकषष्ट्यहोरात्रप्रमाणो वेदितव्यः, तत्रैवोत्तरकालमव्यभिचारदर्शनाद्, अत एव तस्मिन् संवत्सरे त्रीणि शतानि षट्षष्ट्यधिकानि रात्रिन्दिवानामवसेयानि, पूर्वं भणितः- पूर्व प्रतिपादितः 'कर्म' कर्मसंवत्सर इति नासौ भूयोऽभिधीयते, किन्तु पूर्प्रतिपादित एवात्रावधारणीयः, तत्र च रात्रिन्दिवपरिमाणं त्रीणि शतानि षष्ट्यधिकानि, एतच्च प्रागेवोक्तमत ऊर्ध्वं 'चान्द्रं' चन्द्रसंवत्सरं प्रवक्ष्यामि ॥ ३४ ॥ प्रतिज्ञातमेव निर्वाहयति- 'द्वादश' द्वादशसङ्ख्याः पौर्णमासीपरावर्त्ता एकश्चन्द्रः-एकश्चन्द्रसंवत्सरो भवति, एकश्च पौर्णमासीपरावर्त्त एकश्चान्द्रो मासः, तस्मिंश्च चान्द्रे मासे रात्रिन्दिवपरिमाण-चिन्तायामेकोनत्रिंशद्रात्रिन्दिवानि द्वात्रिंशच्च द्वाषष्टिभागा रात्रिंदिवस्य, एतद् द्वादशभिर्गुण्यते, जातानि त्रीणि शतानि चतुष्पञ्चाशदधिकानि रात्रिंदिवानां द्वादश च द्वाषष्टिभागा रात्रिंदिवस्य, एवंपरिमाणश्चान्द्रः संवत्सरः । सम्प्रति नक्षत्रसंवत्सरमाह-नक्षत्रवृन्दयोगः-सप्तविंशत्या नक्षत्रैः साकल्येन य एकक्रामणयोग एष द्वादशभिर्गुणितो 'नक्षत्रो' नक्षत्रसंवत्सरो भवति, अत्र पुनरेकः समस्तनक्षत्रयोगपर्याय एव नक्षत्रमासः, स च सप्तविंशतिरहोरात्रा एकविंशतिश्च सप्तषष्टिभागा अहोरात्रस्य, एष राशि र्यदा द्वादशभि र्गुण्यते तदा त्रीण्यहो-रात्रशतानि सप्तविंशत्यधिकानि एकपञ्चाशच्च सप्तषष्टिभागा अहोरात्रस्य, एवावत्प्रमाणो नक्षत्रसंवत्सरः ॥ ३५ ॥ साम्प्रतमभिवर्द्धितसंवत्सरमाह-त्रयोदश चन्द्रमासा यस्मिन् संवत्सरे भवन्ति स एष संवत्सरोऽभिवर्द्धित इत्युच्यते, एकस्मिंश्च चन्द्रमासेऽहोरात्रा एकोनत्रिंशद् भवन्ति द्वात्रिंशच्च द्वाषष्टिभागा अहोरात्रस्य, एष राशिस्त्रयोदशभिर्गुण्यते, जातानि त्रीण्यहोरात्रशतानि त्र्यशीत्यधिकानि चतुश्चत्वारिंशच्च द्वाषष्टिभागा अहोरात्रस्य, एतावद्रात्रिन्दिवपरिमाणोऽभिवर्धितसंवत्सरः, संप्रति एतदेवानन्तरभावितं रात्रिन्दिवपरिमाणं क्रमेण संवत्सराणां साक्षादुपदेष्टुकामः प्रथमतो मासपरिमाणार्थमाह- 'सर्वेषां'पञ्चानामपि 'वर्षाणां' संवत्सराणां क्रमेण मासानां परिमाणं वक्ष्ये ॥ ३६ ॥ तदेवाह-'आदित्य' आदित्यसंवत्सरसम्बन्धी खलु मासो भवति त्रिंशद्रात्रिंदिवानि एकस्य च रात्रिन्दिवस्यार्द्धं, तथाहि-सूर्यसंवत्सरस्य परिमाणं त्रीणि शतानि षट्षष्ट्यधिकानि रात्रिंदिवानि, द्वादशभिश्च मासैः संवत्सरः ततस्त्रयाणां शतानां षट्षष्ट्यधिकानां द्वादशभिर्भागे ह्रते यथोक्तं मासपरिमाणं

भवति । तथा सावनो मासः-कर्ममासस्त्रिंशद् रात्रिंदिवानि, तथाहि-कर्मसंवत्सरस्त्रीणि शतानि षष्ट्यधिकानि, तेषां द्वादशभिर्भागे हृते भवति यथोक्तं कर्ममासपरिमाणं, तथा चन्द्रमास एकोनत्रिंशद्दिनानि द्वात्रिंशच्च द्वाषष्टिभागा दिनस्य, तथाहि-चान्द्रसंवत्सरस्त्रीण्यहोरात्रशतानि चतुष्पञ्चाशदधिकानि द्वादश च द्वाषष्टिभागा अहोरात्रस्य, तत्र त्रयाणां शतानां चतुष्पञ्चाशदधिकानां द्वादशभिर्भागो ह्रियते, लब्धा एकोनत्रिंशदहोरात्राः, शेषास्तिष्ठन्ति षडहोरात्राः, ते द्वाषष्टिभागकरणार्थं द्वाषष्ट्या गुण्यन्ते, जातानि त्रीणि शतानि द्विसप्तत्यधिकानि, येऽपि च द्वादश द्वाषष्ठिभागा उपरितना स्तेऽपि तत्र प्रक्षिप्यन्ते, जातानि त्रीणिशतानि चतुरशीत्यधिकानि तेषां द्वादशभिर्भागे हृते लब्धा द्वात्रिंशद् द्वाषष्टिभागाः, एतावच्चन्द्रमासपरिमाणं ॥ ३७ ॥ नक्षत्रमासः सप्तविंशतिरहोरात्र एकविंशतिश्च सप्तषष्टिभागा अहोरात्रस्य, नक्षत्रसंवत्सरे ह्यहोरात्रास्त्रीणि शतानि सप्तविंशत्यधिकानि एकपञ्चाशच्च सप्तषष्टिभागा अहोरात्रस्य, ततस्त्रयाणां शतानां सप्तविंशत्यधिकानां द्वादशभिर्भागो ह्रियते, लब्धाः सप्तविंशतिरहोरात्राः, शेषास्त्रयस्तिष्ठन्ति, तेऽपि सप्तषष्टिभागकरणार्थं सप्तषष्ट्या गुण्यन्ते, जाते द्वे शते एकोत्तरे २०१, येऽपि चोपरितना एकपञ्चाशत् सप्तषष्टिभागास्तेऽपि च तत्र प्रक्षिप्यन्ते, जाते द्वे शते द्विपञ्चाशदधिकानि २५२, तेषां द्वादशभिर्भागे हृते लब्धा एकविंशतिः सप्तषष्टिभागाः, आगतं यथोक्तं नक्षत्रमासपरिमाणम् । अभिवर्द्धिते मासे एकत्रिंशदहोरात्रा एकविंशत्युत्तरं शतं चतुर्विंशत्युत्तरशतभागानामहोरात्रस्य, तथाहि-अभिवर्द्धितसंवत्सरस्त्रीणि रात्रिंदिवशतानि त्र्यशीत्यधिकानि चतुश्चत्वारिंशच्च द्वाषष्टिभागा अहोरात्रस्य, तत्र त्रयाणां शतानां त्र्यशीत्यधिकानां द्वादशभिर्भागो ह्रियते, लब्धा एकत्रिंशदहोरात्राः, शेषास्तिष्ठन्त्येकादशाहोरात्राः, ते चतुर्विंशत्युत्तरशतभागकरणार्थं चतुर्विंशत्युत्तरेण शतेन गुण्यन्ते, जातानि त्रयोदशशतानि चतुःषष्ट्यधिकानि १३६४, येऽपि चोपरितनाश्चतुश्चत्वारिंशद् द्वाषष्टिभागास्तेऽपि द्वाभ्यां गुण्यन्ते, जाता अष्टाशीतिः, साऽनन्तरराशौ प्रक्षिप्यते, जातानि चतुर्दश शतानि द्विपञ्चाशदधिकानि १४५२, तेषां द्वादशभिर्भागे हृते लब्धमेकविंशत्युत्तरशतं भागानामिति ॥ ३९ ॥ सम्प्रति प्रतिसंवत्सरमहोरात्रप्रमाणमाह—

ગાથાર્થ :- છએ ઋતુઓના પરિવર્તનથી આ આદિત્ય સંવત્સર થાય છે. કર્મ સંવત્સર આગળ જણાવી દીધો છે, હવે ચંદ્ર સંવત્સર કહીશ. બાર પૂર્ણિમાના પરિવર્તન દ્વારા ચંદ્ર સંવત્સર થાય છે. નક્ષત્રો સાથે ચંદ્રનો યોગ બાર વડે ગુણતાં નક્ષત્ર સંવત્સર થાય છે. તેર ચંદ્રમાસનો અભિવર્ધિત જાણવો, સર્વે વર્ષોના માસોનું પ્રમાણ કહીશ.

આદિત્ય માસ સાડા ત્રીસ દિવસનો, સાવન માસ ત્રીસ દિવસનો, ચંદ્ર ઓગણીશ દિવસ તથા બત્રીસ બાસઠિયા ભાગ જેટલો, નક્ષત્ર માસ સત્તાવીશ અહોરાત્ર તથા સડસડથી છેદાયેલા એકવીશ અંશો, અભિવર્ધિત માસ એકત્રીસ અહોરાત્ર તથા એકસો ચોવીસથી છેદાયેલા એકસો એકવીશ ભાગ પ્રમાણ જાણવો.

ટીકાર્થ :- ((૧) આદિત્ય સંવત્સર, (૨) ઋતુ / કર્મ / સાવન સંવત્સર)

વર્ષાદિ છએ ઋતુઓ જ્યારે પરિપૂર્ણ થાય છે ત્યારે તે આદિત્ય સંવત્સર થાય છે. છતાં તે વાસ્તવિક રીતે ૬૧ અહોરાત્ર પ્રમાણ-ઋતુનો જાણવો જેથી પાછળથી કોઈ વિરોધ ન રહે. એટલે જ તે સંવત્સરના ૬૧ × ૬ = ૩૬૬ અહોરાત્રો જાણવા. કર્મ સંવત્સર વિશે આગળ જણાવેલું છે, એટલે ફરીથી જણાવવાની જરૂર નથી તે ત્યાંથી જાણી લેવું. તેમાં અહોરાત્રોનું પ્રમાણ ૩૬૦ છે જે આગળ જણાવેલું છે, હવે ચાંદ્રસંવત્સરનો અવસર હોવાથી તે જણાવીશ. ॥ ૩૪ ॥

(૩) **ચાંદ્ર સંવત્સર** :- ક્રમસર બાર પૌર્ણમાસી (પૂનમ)નું પરાવર્તન થતાં ૧ ચંદ્ર સંવત્સર થાય છે. ૧ પૂનમ પરિવર્તતાં ૧ માસ થાય છે તે ચંદ્રમાસના ૨૯ ૩૨/૬૨ અહોરાત્રો થાય છે. તેને ૧૨ થી ગુણતાં ચંદ્ર સંવત્સરમાં ૩૫૪ ૧૨/૬૨ અહોરાત્ર થાય છે જેમ કે- (૨૯ પૂર્ણ દિવસો × ૧૨ કરતાં = ૩૪૮ આવે, ઉપરના ભાગે ૩૨ ભાગોને × ૧૨ કરતાં = ૩૮૪ થાય એને ૬૨થી ભાગતાં પરિપૂર્ણ ૬ અહોરાત્ર આવે છે અને શેષ ૧૨ વધે છે આવેલા અહોરાત્રને ૩૪૮ સાથે ભેળવતાં ૩૪૮ + ૬ = ૩૫૪ પૂર્ણ અહોરાત્ર તથા ૧૨/૬૨ ભાગ અહોરાત્ર આવશે.)

(૪) **નક્ષત્ર સંવત્સર** :- સત્તાવીશે નક્ષત્ર સંપૂર્ણ રીતે એકવાર ચંદ્ર સાથે ક્રામણ યોગ કરે છે ત્યારે ૧ નક્ષત્ર માસ થાય છે તેને ૧૨ થી ગુણતાં ૧ નક્ષત્ર સંવત્સર થાય છે. નક્ષત્ર માસનું પ્રમાણ ૨૭ ૨૧/૬૭ અહોરાત્ર છે તેને ૧૨થી ગુણતાં ૨૭ × ૧૨ = ૩૨૪ પૂર્ણ અહોરાત્ર તથા ઉપરના ૨૧ અંશોને ૧૨થી ગુણતાં ૨૫૨ અંશ આવે એના અહોરાત્ર લાવવા ૬૭થી ભાગ કરતાં ૩ પૂર્ણ અહોરાત્ર આવે છે તથા શેષ ૫૧ અંશ વધે છે આવેલા અહોરાત્રને ઉપરના સાથે ભેળવતાં ૩૨૪ + ૩ = ૩૨૭ પૂર્ણ અહોરાત્ર તેમજ ૫૧/૬૭ અહોરાત્ર આટલું નક્ષત્ર સંવત્સરનું અહોરાત્રોનું પ્રમાણ છે.

(૫) **અભિવર્ધિત સંવત્સર** :- જે સંવત્સરમાં ૧૩ ચંદ્રમાસો હોય તે અભિવર્ધિત સંવત્સર કહેવાય છે. ૧ ચંદ્રમાસના ૨૯ ૩૨/૬૨ અહોરાત્ર છે એને ૧૩ થી ગુણતાં

૨૯ × ૧૩ = ૩૭૭ પૂર્ણ અહોરાત્ર તેમજ ઉપરના ૩૨ અંશોને × ૧૩ કરતાં ૪૧૬ અંશો આવે તેના અહોરાત્ર લાવવા ૬૨થી ભાગ આપતાં ૬ પૂર્ણ અહોરાત્ર આવે છે. શેષ ૪૪ વધે છે આવેલા અહોરાત્રોને ઉપરના સાથે ભેળવતાં ૩૭૭ + ૬ = ૩૮૩ પૂર્ણ અહોરાત્ર તથા ૪૪/૬૨ અહોરાત્ર થાય છે.

હવે, આ જ અહોરાત્રનું પ્રમાણ ક્રમથી સાક્ષાત્ ઉપદેશવાની ઇચ્છાથી સૌપ્રથમ માસ પ્રમાણ જણાવે છે, પાંચે સંવત્સરોના ક્રમથી માસપ્રમાણ જણાવે છે. ॥ ૩૬ ॥

સૂર્ય સંવત્સરનો માસ ૩૦ ૧/૨ અહોરાત્રનો હોય છે તે આ રીતે - સૂર્યસંવત્સરનું પ્રમાણ ત્રણસો છાસઠ (૩૬૬) અહોરાત્ર, આ સંવત્સર ૧૨ માસનું છે ૩૬૬ને ૧૨થી ભાગ કરતા ૩૬૬÷૧૨ = ૩૦, ૧/૨ માસનું અહોરાત્ર પ્રમાણ થાય છે. તથા સાવન (કર્મ) માસ ૩૦ અહોરાત્ર પ્રમાણ હોય છે. કર્મ સંવત્સરના દિવસો ૩૬૦ અને ૧૨થી ભાગ કરતાં આટલું પ્રમાણ થાય છે તથા ચંદ્રમાસ ૨૯ ૩૨/૬૨ અહોરાત્રનો હોય છે, ચંદ્ર સંવત્સરના અહોરાત્ર ૩૫૪ ૧૨/૩૨ છે તેને ૧૨થી ભાગ કરતાં ૩૫૪/૧૨ = ૨૯ અહોરાત્ર તથા શેષ ૬ અહોરાત્ર વધે તેના ૬૨ ભાગ કરવા ૬૨થી ગુણવા એટલે ૩૭૨ અંશ આવે તેમાં ઉપરના ૧૨ અંશ ઉમેરતાં ૩૮૪ તેને ૧૨થી ભાંગતા ૩૨ બાસઠીયા અંશ આવે છે. અર્થાત્ એક ચંદ્રમાસ ૨૯ ૩૨/૬૨ અહોરાત્ર પ્રમાણ થાય. ॥ ૩૭ ॥ નક્ષત્ર માસનું પ્રમાણ ૨૭, ૨૧/૬૭ અહોરાત્ર છે, નક્ષત્ર સંવત્સરના ૩૨૭ ૫૧/૬૭ અહોરાત્રો છે તેને ૧૨થી ભાગ કરતાં ૩૨૭/૧૨ = ૨૭ આવે છે. શેષ ૩ અહોરાત્ર વધ્યા તેના અંશ કરવા ૬૭ થી ગુણવા એટલે ૬૭ × ૩ = ૨૦૧ આવ્યા તેમાં ઉપરના ૫૧ અંશ ઉમેરતાં ૨૫૨ થાય તેને ૧૨થી ભાગ આપતાં ૨૧ અંશ આવે છે. અર્થાત્ એક નક્ષત્ર માસના અહોરાત્ર ૨૭ ૨૧/૬૭ થયા.

અભિવર્ધિત માસના અહોરાત્ર ૩૧, ૧૨૧/૧૨૪ છે. અભિવર્ધિત સંવત્સરના અહોરાત્રો ૩૮૪, ૪૪/૬૨ છે ત્યાં ૩૮૪ને ૧૨થી ભાગતાં ૩૧ અહોરાત્ર આવે છે. શેષ ૧૧ વધે છે તેના અંશ લાવવા ૧૨૪ થી ગુણવા એટલે ૧૧ × ૧૨૪ = ૧૩૬૪, ૪૪/૬૨ના પણ ૧૨૪ ભાગના અંશ લાવવા ૨ થી ગુણવા એટલે ૪૪/૬૨ × ૨ = ૮૮/૧૨૪ થાય, આ અંશોને ઉપરના ૧૩૬૪માં ભેળવતા ૧૪૬૨ આવે છે તેને ૧૨ થી ભાગતાં ૧૨૧ અંશ આવ્યા. અર્થાત્ એક અભિવર્ધિત માસના ૩૧, ૧૨૧/૧૨૪ અહોરાત્ર થયા. ॥ ૩૯ ॥

तिन्नि अहोरत्तसया छावट्ठा भक्खरो हवइ वासो ।
तिन्नि सया पुण सट्ठा कम्मो संवच्छरो हवइ ॥ ४० ॥

तिन्नि अहोरत्तसया चउपण्णा नियमसो हवइ चंदो ।
भागा य बारसेव य बावट्ठिकएण छेएण ॥ ४१ ॥ अ

तिण्णि अहोरत्तसया सत्तावीसाय होन्ति नक्खत्ते ।
एक्कावन्नं भागा सत्तट्ठिकएण छेएण ॥ ४१ ॥ ब

तिण्णि अहोरत्तसया तेसीइं चेव होइ अभिवड्ढे ।
चोयालीसं भागा बावट्ठिकएण छेएण ॥ ४२ ॥

एता व्याख्यातार्थाः ॥ ४०-४२ ॥ तदेवमुक्तं प्रति संवत्सरं रात्रिंदिवपरिमाणम्, एकैकस्मिंश्च रात्रिंदिवे त्रिंशन्मुहूर्त्ताः, तत एकैकस्मिन् संवत्सरे यावन्तो मुहूर्त्ता भवन्ति तदेतत्क्रमेण प्रतिपिपादयिषुराह-

दस चेव सहस्साइं नव चेव सया हवंतऽसीया य ।
एयं मुहुत्तगणियं नेयव्वं सूरवासस्स ॥ ४३ ॥

दस चेव सहस्साइं अट्ठेव सया हवंति संपुण्णा ।
एयं मुहुत्तगणियं नायव्वं कम्मवासस्स ॥ ४४ ॥

चंदे मुहुत्तगणितं सयाणि छच्चेव पण्णवीसाणि ।
दस य सहस्सा पुण्णा बिसट्ठिभागा य पन्नासं ॥ ४५ ॥

नव चेव सहस्साइं सयाणि अट्ठेव होंति बत्तीसा ।
नक्खत्ते खलु वासे छप्पण सगसट्ठिभागा य ॥ ४६ ॥

एक्कारस य सहस्सा पंचेव सया हवंति एक्कारा ।
अभिवड्ढिए मुहुत्ता वासे अट्ठारस य भागा ॥ ४७ ॥

'सूर्यवर्षस्य' सूर्यसंवत्सरस्य 'मुहुर्त्तगणितं' मुहूर्त्तपरिमाणमेतज्ज्ञातव्यं, किं तत् ? इत्याह- दश सहस्राणि नव शतानि 'अशीतानि' अशीत्यधिकानि, तथाहि- सूर्यसंवत्सरेऽहोरात्राणां त्रीणि शतानि षट्षष्ट्यधिकानि भवन्ति, एकैकस्मिंश्चाहोरात्रे त्रिंशन्मुहूर्त्ताः,

